# પ્રકરણ-1

# અહેવાલ સારાંશ



| ક્રમ | વિષય | પાનાં નંબર |
|---|---|---|
| 1.1 | પ્રસ્તાવના | 2 |
| 1.2 | બનાસકાંઠા જિલ્લાની  આદિવાસી સંદર્ભની આર્થિક સમસ્યાઓ | 2 |
| 1.3 | બનાસકાંઠા જીલ્લાના આદિવાસી પ્રદેશોમાં સેવા ક્ષેત્રનો વિકાસ: | 7 |
| 1.4 | બનાસકાંઠા જીલ્લામાં આદિવાસી પ્રદેશોમાં ઔદ્યોગિક વિકાસ | 8 |
| 1.5 | બનાસકાંઠા જીલ્લાના આદિવાસી પ્રદેશોમાં કૃષિ આધારિત વ્યવસાયો નો વિકાસ | 10 |
| 1.6 | આદિવાસીમાં સ્થાનાંતર ના પ્રશ્નો અને  તેનું નિવારણ | 10 |
| 1.7 | ઉપસંહાર | 11 |

# પ્રકરણ-1

# અહેવાલ સારાંશ

### ૧.૧ પ્રસ્તાવના:

આદિવાસી આર્થિક વિકાસ દર્શન સંયુક્ત પ્રકલ્પના એક ભાગ તરીકે વિવિધ જિલ્લાઓ અને પ્રદેશોને પ્રારંભમાં અભ્યાસ કરી સમજવા અને જે તે પ્રદેશને પોતાની ખાસિયતો અને તેની પોતાની આગવી જરૂરિયાતોને ઓળખવા માટેના પ્રયત્ન કરવામાં આવેલ છે. આ પ્રક્રિયા દરમિયાન જિલ્લાના આદિવાસીઓનું આર્થિક વિકાસ દર્શન કયા સ્વરૂપનું હોઈ શકે? જિલ્લાના આદિવાસીઓ માટેનો આર્થિક વિકાસ દર્શન અંતર્ગત એક્શન પ્લાન શું હોઈ શકે વગેરે જિલ્લા આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલ ચર્ચા કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે અહીં આ અહેવાલ બનાસકાંઠા જિલ્લા માટે રજૂ કરેલ છે. આ અહેવાલ બનાસકાંઠા જિલ્લાના આદિવાસીઓ માટે પ્રાદેશિક સ્તરે જે જિલ્લાની ખાસિયતો અનુસાર આદિવાસી વિકાસ માટે આગવી જરૂરિયાત જરૂરી છે તેની ચર્ચા કરે છે. અહેવાલમાં સમાવિષ્ટ થયેલી જો કોઈ એક બાબત સમગ્ર આદિવાસી આર્થિક વિકાસ માટે અનિવાર્ય હશે તો તેની ચર્ચા ગુજરાત રાજ્યના સંયુક્ત આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલમાં પણ સમાવેશ થયેલી હશે.

પ્રસ્તુત બનાસકાંઠા જિલ્લા આદિવાસી આર્થિક વિકાસ દર્શનના અહેવાલમાં જે બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે તેને ટૂંકસાર રૂપે નીચે મુજબ રજુ કરી શકાય.

### ૧.૨ બનાસકાંઠા જિલ્લાની આદિવાસી સંદર્ભની આર્થિક સમસ્યાઓ:

પ્રત્યેક જીલ્લો અને પ્રત્યેક પ્રદેશની ભૂગોળ જુદી જુદી હોય છે આ ભૂગોળ ને આધારે તેમના કુદરતી સંસાધનો પણ વૈવિધ્યસભર હોય છે. વૈવિધ્યસભર કુદરતી સંસાધનોને કારણે આર્થિક પ્રવૃત્તિઓમાં પણ વૈવિધ્ય જોવા મળે છે. આ વૈવિધ્યતાના કારણે પ્રત્યેક જિલ્લાને વૈવિધ્યતા સફર આર્થિક પ્રવૃત્તિઓ વિકાસ પામતી હોય છે. આ વિવિધતાસબર આર્થિક પ્રવૃત્તિઓ જે તે સ્થાનિક પ્રજાઓમાં વૈવિધ્યતા પૂર્ણ રોજગારીના વિકલ્પો પૂરા પાડતા હોય છે. પરંતુ અહેવાલમાં બનાસકાંઠા જિલ્લાની ભૂગોળ ને અનુસાર તેના અર્થતંત્ર અને આ અર્થતંત્રમાં કયા કયા આર્થિક પ્રશ્નો છે તેની છણાવટ કરવામાં આવેલ છે. દ્વિતીય કક્ષાની માહિતીના આધારે જિલ્લા અને અર્થતંત્રને સમજવાનો પ્રયત્ન કરેલો છે. જિલ્લાના અર્થતંત્રની સમજ મેળવ્યા પછી જિલ્લાના આદિવાસીઓ અર્થતંત્રના કયા હિસ્સામાં વર્તમાન સમયમાં પ્રવૃત્તિ છે તેની સમજ કેળવી છે આ સમજના આધારે જિલ્લાના આદિવાસીઓ કઈ કઈ સમસ્યાઓ સામનો કરી રહ્યા છે તેની ચર્ચા કરીને આ સમસ્યાઓના નિવારણ શું હોઈ શકે તેની વિગતે ચર્ચા પણ કરવામાં આવેલ છે. બનાસકાંઠા જિલ્લાના અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોમાં આદિવાસી સમાજ કઈ કઈ

સમસ્યાઓ અનુભવી રહ્યો છે અને તેનું નિરાકરણ શું હોઈ શકે તેની ચર્ચા વિવિધ ક્ષેત્રો વાર નીચે મુજબ સંક્ષિપ્તમાં રજૂ કરી શકાય.

**પ્રદેશના આર્થિક વિકાસ આડે ના પ્રશ્નો નીચે મુજબ ચર્ચા કરી શકાય.**

બનાસકાંઠા જીલ્લાના આદિવાસી વિસ્તારોની રૂબરૂ મુલાકાત દરમિયાન જાણવા મળ્યું કે અહીંના આર્થિક પ્રશ્નો માત્ર આર્થિક સ્વરૂપ ન ધરાવતા સામાજિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષમાં વણાયેલા છે. પ્રદેશની ગરીબી માત્ર આર્થિક સ્વરૂપ ન ધરાવતા તેની નિસબત સામાજિક અને સાંસ્કૃતિક પરિબળો ઉપર પણ છે. તેથી પ્રદેશની ગરીબીને માત્ર આર્થિક બિંદુથી જોવું તે ભૂલ રહેશે.

નીચે મુજબની મુખ્ય વિકાસ અંતરાયો સમૂહ ચર્ચા અને પ્રદેશના પ્રત્યક્ષ મુલાકાત દ્વારા જાણવા મળી.

માળખાગત સુવિધાઓની અછત: એક વિકાસશીલ રાષ્ટ્ર તરીકે ભારતના પ્રત્યેક રાજ્ય અને રાજ્યના પ્રત્યેક વિસ્તારમાં માળખાગત સુવિધાઓની અછત વધતે ઘટતે આવશે જોઈ શકાય છે. પરંતુ બનાસકાંઠા જીલ્લાના આદિવાસી વિસ્તારોમાં અને તેમાં પણ ખાસ કરીને ગુજરાતના અંતરિયાળ છેવાડાના આદિવાસી વિસ્તારોમાં કે જ્યાં રણ વિસ્તાર અને ડુંગરાળ પ્રદેશ હોય અહીં આંતર માળખાકીય સુવિધાઓની બહુ જ મોટા પ્રમાણમાં અછત જોવા મળે છે. આંતરમાળખાકીય સુવિધાઓની અછતને નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય.વળી

1. **રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્કના બનાસકાંઠા જીલ્લાના પ્રશ્નો** :

આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતો આ જિલ્લો આંતર માળખાકીય સુવિધાઓના વિકાસના આડે ઘણા યુવાત્મક પ્રશ્નો પણ અનુભવે છે. અહીં આંતરરાષ્ટ્રીય સરહદ હોવાથી સરહદ નજીકના પ્રદેશોમાં પરિવહન ઘણા નિયંત્રણ પણ ધરાવે છે. રોડ અને રસ્તાઓનું માળખું પણ અત્યંત મર્યાદિત છે. જોકે વસ્તી અહીંયા છૂટી છવાઈ હોય પ્રત્યેક વસ્તીને રોડ રસ્તાથી જોડવી અને તેમાં પણ ડુંગર પ્રદેશમાં રસ્તાઓનું રખ રખાવ કરવો અત્યંત ખર્ચાળ સાબિત થાય છે. આવા સંજોગોમાં રોડ રસ્તાઓની અછતના પરિણામે આદિવાસી સમાજમાં વિકાસના વિકલ્પો અત્યંત મર્યાદિત થઈ જાય છે. દૂરના વિકસિત સમાજની સંપર્કમાં આવી વિકાસની પ્રક્રિયાને વેગવંતી બનાવવી આદિવાસીઓ માટે કોઈ સહજ બાબત નથી. જ્યાં જાહેર માર્ગ મકાન અને જાહેર પરિવહનની સુવિધાઓ અત્યંત મર્યાદિત હોય ત્યાં સ્થાનિક સમાજ દ્વારા દૂરના વિકસિત સમાજ સાથેનો સંપર્ક અત્યંત મર્યાદિત થઈ જાય છે.

આર્થિક વિકાસ માટેની પ્રેરણાઓ આ અંતરિયાળ સમાજને ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં મળી રહી છે. સંસાધનો વિપુલ પ્રમાણમાં હોવા છતાં તેને વિકાસ માટે પ્રયોજવા અહીં ઘણા જ મુશ્કેલ છે. ઉત્પાદનની નવી ટેકનોલોજી અને ઉત્પાદનને નવા બજારો સુધી પહોંચાડવું રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્કની અછતના કારણે ઘણું દુષ્કર પુરવાર થઈ રહ્યું છે. રોડ રસ્તા ની અછત અહીંની

પ્રવાસન સંભાવનાઓને પણ ઘણી મર્યાદિત બનાવી રહી છે વળી. રોડ રસ્તાઓની અછત અહીંના શિક્ષણ અને સ્વાસ્થ્યને પણ ખૂબ જ નકારાત્મક રીતે પ્રભાવિત કરી રહી છે.
વર્તમાન સમયમાં બનાસકાંઠા જિલ્લામાં સરહદય પ્રવચન પ્રવૃત્તિને સરકાર દ્વારા ખૂબ ભેગ આપવામાં આવી રહ્યું છે અને આ સરાહનીય કામ છે. આ કામગીરી દ્વારા જિલ્લાના અર્થતંત્રમાં ચેતનાનો સંચાર થઈ રહ્યો છે. સમગ્ર જિલ્લાનું અર્થતંત્ર જો વિકાસમય બનશે તો તેના લાભ હાર્દિક આદિવાસી સમુદાયને પણ મળવાપાત્ર થશે જ. આ પ્રકારના પ્રવાસન ઉદ્યોગની અહીં ઘણી સંભાવનાઓ છે. બનાસકાંઠા જિલ્લામાં જો રાજસ્થાન સરહદ ઉપર આદિવાસી પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવામાં આવે તો સીધેસીધું આદિવાસી સમાજને તેનો લાભ પહોંચાડી શકવાની બહુ જ ઊંચી શક્યતાઓ રહેલી છે.

2. **શિક્ષણ અને સ્વાસ્થ્યસુવિધાઓની મર્યાદાઓ**: બનાસકાંઠા જિલ્લામાં

દુર અંતરિયાળ પ્રદેશ ઉપર રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્ક વિહોણો નિવાસ હોય અહીં છૂટી છવાઈ વસ્તીમાં શિક્ષણ અને સ્વાસ્થ્યના પ્રશ્નો પણ અત્યંત ગંભીર બને છે. અહીં શિક્ષણ અને સ્વાસ્થ્ય ની આપૂર્તિ કરનાર કેળવાયેલ કર્મચારીગણ એટલે કે શિક્ષકો અને તબીબી કર્મચારીઓ આ અંતરિયાળ પ્રદેશમાં પોતા ની ફરજ માટે ઉદાસીનતા દાખવે છે. વળી જે મર્યાદિત શિક્ષણ અને સ્વાસ્થ્યની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે તેનો પણ અવિરત પ્રવાહ મેળવવો અત્યંત મુશ્કેલ પડે છે, કારણ કે રોડ રસ્તા અને સંપર્કોની મર્યાદિત સુવિધાઓને કારણે રોજબરોજ આ સેવાઓમાં વિવિધ પ્રકારની ખલેલો ઉદભવે છે ક્યારેક કર્મચારીગણ સમયસર ફરજ ઉપર ઉપસ્થિત નથી થઈ શકતા તો ક્યારેક વસ્તુઓનો સપ્લાય સમયસર મેળવવામાં મુશ્કેલી પડતી હોય છે આ પરિસ્થિતિને લઈને અહીં શિક્ષણ અને સ્વાસ્થ્યનું સ્તર તુલનાત્મક રીતે નીચું જોવા મળે છે.

3. **સિંચાઈની સુવિધાઓ**:

બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારોમાં આવેલ આદિવાસી સમુદાયની જમીન તેની વિપરીત ભૂગોળના કારણે સિંચાઈની અછત અનુભવી રહી છે.
બનાસકાંઠા જિલ્લામાં આદિવાસી વિસ્તારોને જો બાદ કરવામાં આવે તો બાકીના પ્રદેશોમાં સિંચાઈનો વિકાસ ઠીક ઠીક પ્રમાણમાં શક્ય બન્યું છે કારણ કે આ વિસ્તારો મેદાની પ્રદેશો છે વળી આ જિલ્લામાં નર્મદા યોજનાની નહેર પણ છેલ્લા દસકાઓમાં કાર્યરત થઈ ગઈ છે. પરિણામે એ આવ્યું છે કે જિલ્લાના બિન આદિવાસી પ્રદેશોમાં અહીં સિંચાઈ છેલ્લા દસકાઓમાં ખૂબ જ હરણફાળ ભણીને વિકાસ પામી છે જ્યારે આદિવાસી પ્રદેશોમાં હજી સિંચાઈ ઘણી જ મર્યાદિત જોવા મળે છે.;અહીં ખેતી માટે બાર મહિનાની સિંચાઈ સુવિધા ઉપલબ્ધ કરાવવી ઘણી મુશ્કેલ સાબિત થઈ રહી છે. અહીંની ભૂગોળ પ્રમાણે ડુંગરાડ પ્રદેશોમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવો અને સંગ્રહ કરેલ પાણીને નહેર દ્વારા વિવિધ ઉબડખાબડ પ્રદેશોની વચ્ચે આવેલ ખેતરોમાં પહોંચાડવું ટેકનિકલ રીતે પણ ઘણું ખર્ચાળ સાબિત થાય છે, અત્રે ઉલ્લેખનીય છે કે

છેલ્લા દસકાઓ દરમિયાન નાની સિંચાઈ પૈકી વિવિધ ખેત તલાવડીઓ અને ચેકડેમ, બોરી બંધ વગેરે પ્રદેશની સિંચાઈ સમસ્યામાં થોડી ઘણી આવશે હળવાશ નું વાતાવરણ સર્જન કરી શક્યા છે. જોકે આ પ્રદેશની ખેતીને વધુ સમૃદ્ધ કરવું હોય તો એની ફળદ્રુપ જમીનને બાર મહિનાની સિંચાઈ પૂરી પાડીને ખૂબ જ મોટા પ્રમાણમાં કૃષિ ક્રાંતિનો અવકાશ રહેલો છે.

**4. સંદેશા વ્યવહાર ની અછત :**

ગુજરાતના તમામ આદિવાસી વિસ્તારો સદીઓથી અંતરિયાળ અને વણખેડાયેલા રહ્યા હતા. તેમાં પણ આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતો આ જિલ્લો આંતર માળખાકીય સુવિધાઓના વિકાસના આડે ઘણા યુવાત્મક પ્રશ્નો પણ અનુભવે છે. અહીં આંતરરાષ્ટ્રીય સરહદ હોવાથી સરહદ નજીકના પ્રદેશોમાં સંદેશા વ્યવહાર ઘણા નિયંત્રણ પણ ધરાવે છે. પરિણામ સ્વરૂપે આજે પણ અહીં સંદેશા વ્યવહારની અછત જોવા મળે છે. આજના ડિજિટલ યુગમાં જ્યાં વિશ્વ આખો ડિજિટલ ક્રાંતિ અને માહિતી ટેકનોલોજીના સહારે વિકાસના ઊંચા આપમાં ઉડાન ભરી રહ્યું છે, ત્યાં આ જીલ્લાના ના અંતરિયાળ આદિવાસી વિસ્તાર હજુ ઇન્ફર્મેશન ટેકનોલોજીના જોઈએ તેટલા પ્રમાણમાં લાભ મેળવવામાં નિષ્ફળ રહ્યા છે. અહી સંદેશા વ્યવહારની સુવિધાઓ વિસ્તારવામાં અત્યંત મર્યાદિત પ્રમાણમાં સફળતા મેળવેલ છે.

અત્રે એક વાત ઉલ્લેખનીય છે કે આદિવાસી સમાજમાં જીલ્લાના ડિજિટલ ટેકનોલોજી ખૂબ જ ઝડપથી લોકપ્રિય બની છે. વિસ્તારની અમારી પ્રત્યક્ષ મુલાકાતો દરમિયાન અમે જોયું કે અહીંના ગામોમાં અને ગામના પ્રત્યેક ઘરોમાં સ્માર્ટફોન હોવો એ અત્યંત સાહજિક બાબત છે. મનોરંજનના એક સાધન તરીકે પણ અહીં ડિજિટલ ટેકનોલોજી ખૂબ જ ઝડપથી લોકપ્રિય બની છે. નવી પેઢીના આદિવાસી બાળકો આ ડિજિટલ ટેકનોલોજી સાથે દુનિયાની સાથે કદમથી કદમ મિલાવીને વિકાસ માટે સજ્જ થઈ રહ્યા છે. આ નવી પેઢીના આદિવાસી બાળકોને જો યોગ્ય સંદેશા વ્યવહારની સગવડો પૂરી પાડવામાં આવે અને તેમને વાજબી ભાવે ડિજિટલ ટેકનોલોજી પૂરી પાડવામાં આવે તો અહીં એક નવા જ પ્રકારની ડિજિટલ ક્રાંતિનો અવકાશ છે.

5. **મત્સ્ય પાલન પ્રવૃત્તિ:**

ગુજરાતના પૂર્વ પટ્ટીના આદિવાસી તાલુકાઓમાં 'ઇન લેન્ડ ફિશિંગ' ખૂબ મોટા પ્રમાણમાં સંભાવનાઓ ધરાવે છે અહીં વર્તમાન સમયમાં પણ ઘણી મત્સ્ય પાલન પ્રવૃત્તિઓ અસ્તિત્વ ધરાવે છે પરંતુ અહીં ટેકનોલોજી અપગ્રેડ ન થઈ હોવાથી અને સંસાધનોની ખામીના કારણે તથા વ્યવસ્થાપનની મર્યાદાઓને કારણે મત્સ્યપાલન પ્રવૃત્તિ અત્યંત મર્યાદિત પ્રમાણમાં અસ્તિત્વમાં ધરાવે છે.

જો યોગ્ય ટેકનોલોજી નો વિસ્તાર કરવામાં આવે અને યોગ્ય મેનેજમેન્ટ પૂરું પાડવામાં આવે તો આ મત્સ્યપાલન પ્રવૃત્તિ અત્યંત વિસ્તૃત થઈ શકે તેવી સંભાવનાઓ છે. વળી બનાસકાંઠા જીલ્લાના આદિવાસી પ્રદેશોની અંદર નાના નાના ચેકડેમ પણ ખૂબ જ મોટા પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે. અહીં પણ મત્સ્યપાલન પ્રવૃત્તિ પ્રારંભિક પરંપરાગત ટેકનોલોજી ની મદદથી થઈ રહી છે. જેની અત્યંત નીચી ઉત્પાદકતા છે. જો યોગ્ય બિયારણ પૂરું પાડવામાં આવે અને યોગ્ય

પ્રમાણમાં ટેકનોલોજી પૂરી પાડવામાં આવે તો અહીં મત્સ્ય પાલન પ્રકૃતિ તે સ્થાનિક આદિવાસીઓમાં નિર્વાહનું એક બહુ મોટું વિકલ્પ સર્જન થઈ શકે તેમ છે.

**પશુપાલન અને અન્ય ખેત આધારિત પ્રવૃત્તિઓ:**

બનાસકાંઠા જીલ્લાના અંતરિયાળ આદિવાસી પ્રદેશોમાં પશુપાલન જીલ્લાના અન્ય પ્રદેશની તુલનામાં અત્યંત નિરાશા જનક દેખાવ રહ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં પશુપાલન અંતર્ગત પ્રગતિ થઈ છે તેમાં આદિવાસી સમુદાયનો હિસ્સો અત્યંત મર્યાદિત છે. આદિવાસી સમાજ અનાદિકાળથી પશુપાલન પ્રત્યે કોઈ ખાસ આકર્ષણ ધરાવતું નથી. શિકારી સંસ્કૃતિની નજીક રહેલ આદિવાસી સમુદાય માં પશુપાલન પ્રત્યે ઐતિહાસિક રીતે જ એક પ્રકારની નિરાશા રહેલી છે.

વર્તમાન સમયમાં પ્રગતિશીલ સમાજની દેખાદેખી ની અસર હેઠળ જીલ્લમાં આદિવાસી તાલુકામાં પણ ખૂબ જ ઝડપથી પશુપાલન પ્રત્યેનો અભિગમ બદલાઈ રહ્યો છે અને આદિવાસી સમાજ હવે પશુપાલન પ્રત્યે સજાક બન્યા છે. આદિવાસીના પશુપાલન પ્રકૃતિને અને મરઘા બચકા ઉછેર પ્રવૃત્તિને જો યોગ્ય ટેકનોલોજી અને જરૂરી સાધન સામગ્રી પૂરી પાડવામાં આવે તો તેમની પૂરક આજીવિકા માટે આ એક મજબૂત વિકલ્પ છે.

બદલાતા આધુનિક સમયમાં મધમાખી ઉછેર કેન્દ્ર વગેરે આજીવિકાના એવા વિકલ્પો છે જે આદિવાસી સમાજમાં અત્યંત ઝડપથી સ્વીકૃત પામશે અને તેમની આર્થિક પરિસ્થિતિના સુધાર માટે ખૂબ જ કારગત સાબિત થશે.

6. **ગૃહ ઉદ્યોગ અને નાના પાયાનો ઉદ્યોગોનો વિકાસ:**

જીલ્લાના અંતરિયાળ આદિવાસી પ્રદેશોમાં આઝાદી સમયે એક પ્રકારનું નિર્વાહસ્તરનું જીવન પ્રવર્તમાન હતું.. દેશ અને રાજ્ય આઝાદી બાદના ત્રણેક દસકા દરમિયાન ઠીક ઠીક પ્રમાણમાં આ નિવાહ સ્તરમાંથી પ્રગતિ કરીને ઉત્પાદનની બજાર આધારિત પદ્ધતિ પ્રસ્થાપિત કરે છે પરંતુ બનાસકાંઠાના આદિવાસી તાલુકાઓમાં આ સમય દરમિયાન એટલે કે ઇસવીસન1980 સુધી વિકાસની કોઈ ખાસ ચલ પહેલ જોવા મળતી નથી. અહીંનું નિર્વાહ જીવન સ્તર 1980 સુધી ઠીક ઠીક પ્રમાણ માં જળવાઈ રહે છે. 1980 થી 90 ના દશકા દરમિયાન અહીં વિકાસ પ્રક્રિયા ઠીક ઠીક પ્રમાણમાં પ્રારંભ થાય છે. ઇસવીસન 1990 પછી જ્યારે દેશ ઉદારીકરણ અને વૈશ્વિકરણના માહોલમાં પ્રવેશ કરે છે ત્યારે ખાનગીકરણ ની અસર હેઠળ આદિવાસી તાલુકાઓમાં વિકાસ પ્રક્રિયા વેગ બનતી બને છે. તેમ છતાં અહીં આજ દિન સુધી ઔદ્યોગિકરણ ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં વિકસ્યું છે.

ઔદ્યોગીકરણના આ મર્યાદિત વિકાસને કારણે જીલ્લાના આદિવાસી સમુદાયમાં રોજગારીના વિકલ્પો અત્યંત મર્યાદિત થઈ જાય છે. મોટા ઉદ્યોગીકરણના વિકલ્પ તરીકે અહીં ગૃહ ઉદ્યોગ અને નાના ઉદ્યોગોના વિકાસની ખુબ જ સંભાવનાઓ રહેલી છે. આદિવાસી સમાજના પોતાના પરંપરાગત ઉત્પાદનો માટેના જો નાના પાયાના ઉદ્યોગો વિકાસ પામે તો અહીં રોજગારીની ઘણી જ વૈકલ્પિક શક્યતાઓ નિર્માણ પામી શકે તેમ છે.

આદિવાસી પ્રદેશોના આર્થિક ઉત્થાન માટે જે મુખ્ય સૂચનો તારવવામાં આવેલા છે તે મુખ્યત્વે આદિવાસી પ્રદેશોની વ્યક્તિગત મુલાકાત અને સમુહ ચર્ચા દ્વારા નિસ્પંદ થયેલા છે. વિવિધ પ્રદેશોની વિવિધ ભૂગોળ અને તેના વૈવિધ્યસભર ભૌગોલિક સંજોગોને ધ્યાનમાં લેતા વિવિધ પ્રકારની સંભાવનાઓ ઉદભવે છે. ખેતી ક્ષેત્રે જે આદિવાસી મેદાની પ્રદેશો છે ત્યાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવીને સિંચાઈની પ્રગતિને વેગમાન બનાવી શકાય તેવી ઘણી સંભાવનાઓ રહેલી છે.

ટેકનોલોજી ની કૃષિ ક્ષેત્રમાં અપગ્રેડેશન દ્વારા આદિવાસી કૃષિને પ્રગતિશીલ બનાવીને તેની ઉત્પાદકતા વધારી શકાય તેવા સંજોગો નિર્માણ પામેલા છે. પરંતુ અહીં પ્રશ્ન એ છે કે આ પ્રકારના મેદાની ભૌગોલિક વિશિષ્ટતા ધરાવતા પ્રદેશો કેટલા? અત્યંત મર્યાદિત કહી શકાય તેવા તેવા આદિવાસી પ્રદેશો આ પ્રકારની વિશિષ્ટતા ધરાવે છે કે જે જગ્યાએ સિંચાઈ વધારીને આદિવાસી કૃષિને વધુ ઉત્પાદક બનાવી શકાય તેવા સંજોગો છે. અન્ય આદિવાસી પ્રદેશો માટે એમ કહી શકાય કે સંશાધન ન હોય તેવા ડુંગરાળ પ્રદેશોમાં ખેતીને જો વધુ ઉત્પાદક બનાવી હોય તો ખેતીમાં આધુનિક પ્રયોગો કરવા અનિવાર્ય થશે. આ પ્રયોગોમાં બનાસ કાંઠા જીલ્લામાં ખેતી ક્ષેત્રે વિવિધ આધુનિક પાકો જેવા કે કમલમ ફળ, દાડમ વગેરે જેવા બિન પરંપરાગત અને વધુ વ્યાપાર સંભાવનાઓ ધરાવતા પાકો ઉપયોગમાં લેવામાં આવશે તો જીલ્લાની આદિવાસી ખેતી ને વધુ ઉત્પાદક બનાવીને આદિવાસી પ્રદેશોમાં કુટુંબોને એક સદર અને નિશ્ચિત રોજગારી આપવી શક્ય બનશે.

### ૧.3 બનાસકાંઠા જીલ્લાના આદિવાસી પ્રદેશોમાં સેવા ક્ષેત્રનો વિકાસ:

આદિવાસી પ્રદેશો તેના કુદરતી સૌંદર્યને લઈને લોકોમાં અને સ્થાન ધરાવે છે. અહીં જંગલ આચ્છાદિત ડુંગરો, આ વનરાજીની વચ્ચે તેમનું કુદરતી નિવાસ આદિવાસી પ્રદેશોના વિવિધ પ્રાણી અને પક્ષીઓ જંગલ નદી નાળા વગેરે પ્રવાસન માટેની જરૂરી એવી પ્રાથમિક આકર્ષણની વસ્તુઓ છે. આ અર્થમાં જોઈએ તો આ પ્રદેશોમાં આદિવાસી પ્રવાસન અને ઈકો ટુરીઝમ ખુબ જ સંભાવનાઓ ધરાવે છે. જીલ્લાની આદિવાસી સંસ્કૃતિ પોતે પણ એક પ્રવાસન આકર્ષણનું કેન્દ્ર છે. વર્તમાન સમયમાં બનાસકાંઠા જિલ્લામાં સરહદય પ્રવચન પ્રવૃત્તિને સરકાર દ્વારા ખૂબ ભેગ આપવામાં આવી રહ્યું છે અને આ સરાહનીય કામ છે. આ કામગીરી દ્વારા જિલ્લાના અર્થતંત્રમાં ચેતનાનો સંચાર થઈ રહ્યો છે. સમગ્ર જિલ્લાનું અર્થતંત્ર જો વિકાસમય બનશે તો તેના લાભ હાર્દિક આદિવાસી સમુદાયને પણ મળવાપાત્ર થશે જ. આ પ્રકારના પ્રવાસન ઉદ્યોગની અહીં ઘણી સંભાવનાઓ છે. બનાસકાંઠા જિલ્લામાં જો રાજસ્થાન સરહદ ઉપર આદિવાસી પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવામાં આવે તો સીધેસીધું આદિવાસી સમાજને તેનો લાભ પહોંચાડી શકવાની બહુ જ ઊંચી શક્યતાઓ રહેલી છે.

સેવા ક્ષેત્રના અન્ય વિકલ્પોની જો તપાસ કરવામાં આવે તો આદિવાસીઓ દ્વારા તેમની પરંપરાગત ઉપચાર અને સારવાર પદ્ધતિઓ સવિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહે તેમ છે. આદિવાસી ભગત ભુવાઓ દ્વારા જે તે સ્વાસ્થ્ય સમસ્યાઓ તેમની પરંપરાગત પદ્ધતિઓ દ્વારા

તૈયાર કરવાની એક અલાયદી વ્યવસ્થા વિકસાવી રહી છે. સરકારી નિયંત્રણો દ્વારા જો આ પ્રકારની ઉપચાર પદ્ધતિને યોગ્ય પ્રોત્સાહન આપી વિતાવવામાં આવે તો સ્વાસ્થ્યની પ્રાથમિક સમસ્યાઓમાં આ પ્રકારની સારવાર પદ્ધતિઓ લોકોમાં ટીક ટીક પ્રમાણમાં સ્વીકાર્યતા પામશે. સેવા ક્ષેત્રે ખૂબ જ ઊંચી રોજગારી સાપેક્ષતા ધરાવે છે. સેવાના વિકલ્પો આદિવાસી યુવાઓમાં તાલીમ અને કૌશલ્ય વર્ધન દ્વારા વિસ્તારી શકાય તેવી ખૂબ ઊંચી શક્યતાઓ છે. અગાઉ વાત કરી તેમ આદિવાસી ક્ષેત્રોમાં વિકાસ પામે છે તો તેના પરિણામ સ્વરૂપે પ્રવાસનને પૂરક એવા પ્રવાસન ગાઈડનો વિકાસ, પ્રવાસીઓ માટેની રેણાક સુવિધાઓ માટે હોમસ્ટે જેવી સેવાઓનો વિકાસ, પ્રવાસીઓના પરિવહન માટેની વિવિધ કક્ષાની પરિવહન સુવિધાઓ તેના માટે વાહનચાલકોની સેવાઓ, વિવિધ પ્રકારની રેસ્ટોરન્ટો કે જેમાં પાતીગળ આદિવાસી ભોજન પણ પીસાતું હોય. આમ અનેક ક્ષેત્રોનો વિકાસ થાય તેવી શક્યતાઓ જોઈ શકાય છે.

સ્થાનિક આદિવાસીઓ ટેકનોલોજી ની સ્વીકારની બાબતમાં ખૂબ જ ઉત્સુકતા ધરાવે છે. અર્થ એ છે કે જો વિવિધ ક્ષેત્રોને ઓળખી કાઢીને આ ક્ષેત્રોની જરૂરિયાતોને સ્થાનિક આદિવાસી યુવાઓમાં પ્રસારિત કરવામાં આવે, યુવાઓને પોતાને રસ રુચિ હોય તેવા ક્ષેત્રોમાં તાલીમ બંધ કરવામાં આવે અને ત્યારબાદ તેમને નો વ્યવસાય કરવા માટે જે પાયાની મૂડી કે અન્ય જરૂરિયાત હોય તેનીઆ પૂર્તિ કરવા માટે જ સરકાર યોગ્ય પ્રબંધ કરે તો આ પ્રદેશના યુવાનો જાતે જ ટેકનોલોજી ની મદદથી બજારમાંથી પોતાના ક્લાયન્ટને મેળવીને પોતાની સ્વરોજગારીના ક્ષેત્રો વિકસાવશે.

જીલ્લામાં વર્તમાન પરિસ્થિતિ એવી છે કે જેમાં સ્થાનિક યુવાનો માર્ગદર્શનના અભાવે એક નિરાશા નું વાતાવરણ નિર્માણ કરી ચૂક્યા છે વિકલ્પના અભાવે અહીં બજારમાં જેની જરૂરિયાત ઘણી જ ઓછી છે તેવું વિનયન અને વાણિજ્ય શાખાનું શિક્ષણ અત્યંત ઉચ્ચસ્તર સુધીનું મેળવ્યા કરે છે ,ત્યારબાદ વિકલ્પના અભાવે તેઓ સરકારી નોકરીની શોધમાં વિવિધ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારીઓ કરે છે. પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ પ્રકારની તમામ જગ્યાઓનો જો સરવાળો કરીએ તો તેની સંખ્યા થોડા હજાર પદ પૂરતી જ નિશ્ચિત હશે. સ્થાનિક આદિવાસી યુવાનોની સંખ્યા લાખોમાં છે. જો આ તમામ આદિવાસી યુવાનો માટે રોજગારીની નવી ક્ષિતિ જો ખોલવી હશે તો સ્વરોજગારી દ્વારા સેવા ક્ષેત્રના વિવિધ વિકલ્પોનો વિકલ્પ બારી ખુલવી રહી.

### **૧.૪ બનાસકાંઠા જીલ્લામાં આદિવાસી પ્રદેશોમાં ઔદ્યોગિક વિકાસ:**

જીલ્લાના આદિવાસી પ્રદેશો તેમની અંતરિયાળ રચનાને કારણે વર્ષોથી ઉદ્યોગોમાં આકર્ષણનું કેન્દ્ર રહ્યા નથી. વળી આદિવાસી શ્રમિકો તેમની શ્રમસ્થાનાંતરની ખૂબીને કારણે પોતાનું શ્રમ અનેક કિલોમીટર દૂર જઈને પણ સેવા આપતા હોય ઉદ્યોગો માટે આદિવાસી પ્રદેશમાં ઉદ્યોગનું સ્થાપન કરવું કોઈ ખાસ આકર્ષણ ધરાવતું નથી. ગુજરાતના આદિવાસી જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થા ના પ્રશ્નો પણ ઉપસ્થિત થાય છે જેને કારણે અહીં ઔદ્યોગિક વિકાસની ગતિ અત્યંત મર્યાદિત જોવા મળી છે.

ઉદ્યોગોમાં શ્રમના મુખ્ય સ્ત્રોત તરીકે આદિવાસીઓ પોતાના શ્રમ સંશાધન સેવાઓ પૂરી પાડતા જોઈ શકાય છે. પરંતુ પરિસ્થિતિ એ છે કે બનાસકાંઠાના આદિવાસી વિસ્તારમાં ઉદ્યોગો પ્રત્યક્ષ સ્વરૂપે જવા તૈયાર નથી અથવા કહો કે પ્રત્યક્ષ સ્વરૂપે ઉદ્યોગ સ્થપાય તેવી શક્યતાઓ ઘણી જ ઓછી છે. આ વાસ્તવિકતા ને ધ્યાનમાં રાખીને સ્થાનિક આદિવાસીઓને રોજગારીનો વિકલ્પ વિકાસ પામે તે માટે સ્થાનિક કક્ષાએ નાના અને મધ્યમ ઉદ્યોગો વિશે તેમના પરંપરાગત ઉદ્યોગો ગૃહ ઉદ્યોગ સ્વરૂપે વિકાસ પામે તેના માટે સરકારે પગલાં ભરવા રહ્યા.

વર્તમાન સમયમાં સરકાર દ્વારા આદિવાસી પ્રદેશોમાં ઉદ્યોગના સ્થાપન માટેનું ઘણું ઊંચું પ્રોત્સાહન રહેલું છે વળી નાના ઉદ્યોગો અને આદિવાસી ઉદ્યોગ સાહસિકોને આદિવાસી વિસ્તારમાં ઉદ્યોગ સ્થાપન કરવા માટે પણ ખૂબ ઊંચા પ્રમાણનો પ્રોત્સાહન પૂરુંપાડવામાં આવે છે. આદિવાસી વિસ્તારમાં ગૃહ ઉદ્યોગ અને નાના પાયાના ઉદ્યોગોને ખૂબ ઊંચા પાયા ઉપર સબસીડી પણ પૂરી પાડવામાં આવે છે તેમ છતાં આ પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ કઈક અંશે કુંઠિત થયેલો જોવા મળે છે. આ બધા પાછળના કારણોથી તપાસવામાં આવે તો જાણવા મળશે કે, જે દિશામાં આદિવાસી ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની જરૂર હોય છે તે દિશાથી વિપરીત દિશામાં આદિવાસી ક્ષેત્રના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ઉદાહરણ તરીકે જોવામાં આવે તો સબસીડી અને વિવિધ પ્રકારની લોનમાં વિવિધ પ્રકારની રાહતો સરકારી યોજનામાં કેન્દ્ર સ્થાન ધરાવે છે પરંતુ આમ કરવા જતા સબસીડી અને અન્ય આકર્ષણના કારણે વિવિધ વર્ગ ધરાવતા સમૂહ દ્વારા આ પ્રકારના લાભ મેળવવા માટે જૈન કેમ પ્રયુક્તિઓ આચરવામાં આવે છે. પરિણામે આવે છે કે સબસીડી અને આવા આકર્ષણ ખોટા પ્રોજેક્ટમાં ખોટી રીતે યુટીલાઈઝ થાય છે. છેલ્લે પરિણામે આવે છે કે સબસીડી અને આકર્ષણને કારણે અસ્તિત્વમાં આવેલો કોઈપણ પ્રોજેક્ટ સબસીડીની ગેરહાજરીમાં પોતે પોતાનું અસ્તિત્વ ટકાવી શકતો નથી.

ઉપરોક્ત વાસ્તવિકતા સામે જો સરકારે આદિવાસી પ્રદેશના આદિવાસી ઉદ્યોગોને યોગ્ય દિશામાં પ્રોત્સાહન આપવું હશે તો તેમને આ પ્રકારના આ પ્રકારના પ્રત્યક્ષ પોર્શાહનો આપવાના બદલે તેમના માટે વેચાણની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવી પડશે. આમ કરવાથી બજારના અભાવે જે ઉદ્યોગો બાળ મૃત્યુ પામે છે તે પોતે બજારની પ્રાપ્તિ થતા આત્મ નિર્ભર સાબિત થશે. આ પ્રકારના પ્રોત્સાહનો જે તે ઉદ્યોગને સરકારી હસ્તક્ષેપ કે આકર્ષણની ગેરહાજરીમાં પણ જીવંત રાખશે. વેચાણ વ્યવસ્થાની એક અલાયદી યુક્તિ આ અહેવાલમાં ભલામણ કરવામાં આવી છે તે એ છે કે એક કેન્દ્રીય ધોરણે કોઈ એક નિયંત્રિત ઓથોરિટી ની સ્થાપના કરીને, સમગ્ર રાજ્યનું આદિવાસી ઉત્પાદન કોઈ એક જ બ્રાન્ડ નેમ સાથે જો માર્કેટિંગ કરવામાં આવે તો તેની સફળતાની સંભાવનાઓ અને ઘણી વધી જાય છે. આ સંદર્ભમાં આપણી સામે NDDB નું અમૂલ બ્રાન્ડનું સફળ ઉદાહરણ મોજુદ છે. વિકેન્દ્રિત ધોરણ એ થતું દૂધ ઉત્પાદન એક જ બ્રાન્ડ હેઠળ સમગ્ર ભારતમાં માર્કેટિંગ થાય તેની વિવિધ પ્રોડક્ટો લોકોમાં સ્વીકૃત બને છે. વિકેન્દ્રિત ધોરણે થતી આદિવાસી ઉત્પાદન પ્રવૃત્તિને પણ કોઈ એક બ્રાન્ડ ના નામ સાથે જો લોકમાનસમાં જાહેરાત કરવામાં આવે તો તે લોકોમાં સ્વીકૃતિ પામશે, અલબત્ત અહીં ગુણવત્તા નીયંત્રણ

માટેની કોઈ એક સ્વતંત્ર એજન્સી હોવી અનિવાર્ય છે, જે આદિવાસી સેવાઓ અને વસ્તુઓની ગુણવત્તાની ખાતરી લોકોમાં પ્રસ્થાપિત કરશે.

### ૧.૫ બનાસકાંઠા જીલ્લાના આદિવાસી પ્રદેશોમાં કૃષિ આધારિત વ્યવસાયો નો વિકાસ:

જે પ્રદેશોમાં કૃષિ વિકાસ પામે છે તેમાં કૃષિને આધારે જ્યાં વિકાસ સંભાવનાઓ છે તેવા અન્ય ક્ષેત્રો પણ વિકાસ પામે છે. આવા ક્ષેત્રોમાં પશુપાલન મરઘા- બટકા ઉછેર કૃષિ પ્રોસેસિંગ યુનિટ, કૃષિ ઉત્પાદનોનું એડિશન કરી શકે તે માટેના વિવિધ એકમોનું નિર્માણ વગેરે સંભાવના જીલ્લાના આદિવાસી પ્રદેશોમાં પણ આ સંદર્ભની ભરપૂર પ્રમાણમાં રહેલી છે.
આ તમામ સંભાવનાઓ એક પ્રાથમિક શરત માંગી લે છે તે એ છે કે સ્થાનિક લોકોમાં કૃષિ વિકાસ અને તેને દ્વારા કૃષિ સંલગ્ન વ્યવસાયોમાં વૃદ્ધિ માટેની તાલાવેલી. સ્થાનિક આદિવાસી સમાજમાં જો વિકાસની ભૂખ જગાડવામાં આવે તો , આદિવાસી આદિવાસી સ્વયં પોતાના આર્થિક વિકાસ માટે પ્રવૃત્તિ થઈ જશે. ખાસ કરીને 1991 પછીના સમયમાં જોવામાં આવે તો અહીં વિકાસ માટેની એક ભૂખ જોવા મળે છે. આ વિકાસ માટેની ભૂખ ને જો યોગ્ય દિશા નિર્દેશ કરવામાં આવે તો તેના પરિણામો અચૂક રીતે સકારાત્મક પ્રાપ્ત થઈ શકે તેમ છે.
જીલ્લાના જે પ્રદેશોમાં કૃષિ સમલગ્ન પ્રવૃત્તિઓ ઊંચા પ્રમાણમાં વિકાસ પામી છે ત્યાં જોવામાં આવ્યું છે કે જે તે પ્રવૃત્તિમાં કોઈ એક જ જ્ઞાતિ પ્રભાવી રહી છે દાખલા તરીકે જોવામાં આવે તો સાબરકાંઠા જિલ્લામાં કૃષિ સંલગ્ન પશુપાલન પ્રવૃત્તિમાં ચૌધરી જ્ઞાતિ અત્યંત પ્રભાવિત રહી છે. આ જ રીતે જો વિચારવામાં આવે તો જે તે પ્રદેશના જે તે આદિવાસી સમાજની ખાસિયતો ને ધ્યાનમાં રાખીને જો તેમને તેમને અનુકૂળ હોય તેવી કોઈ એક કૃષિ સંલગ્ન પ્રવૃત્તિમાં પ્રોત્સાહિત કરવામાં આવે તો અત્યંત સકારાત્મક પરિણામો મેળવવાની સંભાવના ઘણી ઉંચી રહેલી છે. ઉદાહરણ તરીકે જોવામાં આવે તો બનાસકાંઠા જીલ્લાના જે આદિવાસી સમુદાયો જંગલ સાથે આજે પણ સીધા સંકળાયેલા છે તે આદિવાસી સમુદાયો માટે જો તેમને વિવિધ જંગલી પેદાશો એકત્રિત કરીને તેને બજાર અનુસાર યોગ્ય પેકિંગ અને યોગ્ય ધારા ધોરણ અને માપદંડ અનુસાર અનુસાર કરવામાં આવે તો આ પ્રકારના ઉત્પાદનોની બજારમાં ખૂબ જ મોટા પ્રમાણમાં માંગ આજે પણ જોવા મળે છે.

### ૧.૬ આદિવાસીમાં સ્થાનાંતર ના પ્રશ્નો અને તેનું નિવારણ:

જીલ્લાના આદિવાસી સમુદાય રોજગારીના વિકલ્પોની શોધમાં ગુજરાત રાજ્ય અને ગુજરાત રાજ્યની બહાર પણ કૃષિ અને કૃષિ સિવાયના ક્ષેત્રોમાં પોતાના શ્રમનું વિનિમય કરતા જોવા મળે છે. ખૂબ જ નીચું શિક્ષણ અને અત્યંત ગરીબીના કારણે આ આદિવાસી પરિવારો જ્યાં પણ સ્થાનાંતર કરે છે ત્યાં મોટાભાગે તેમને અત્યંત ઊંચા પ્રમાણમાં શોષણનો શિકાર સહન કરવાનું આવે છે. બીજા અર્થમાં કહીએ તો આદિવાસી શ્રમની ઊંચી ઉત્પાદકતા અને અત્યંત નીચું વેતન તથા કામની અત્યંત વિકટ પરિસ્થિતિ ને પણ સહન કરવાની તૈયારી આ તમામ

પરિબળો જ્યાં એક બાજુ આદિવાસી શ્રમની સ્વીકૃતિ માટેનું કારણ બને છે. જ્યારે બીજી બાજુ તે આદિવાસી શોષણનું પણ મૂળ કારણ બને છે. ગુજરાત કે ગુજરાત બહારના વિવિધ શહેરોમાં ખાસ કરીને બાંધકામ ઉદ્યોગમાં જોવા મળતા આદિવાસી પરિવારમાં શોષણ અત્યંત ઊંચા પ્રમાણમાં જોવા મળે છે જોવા મળ્યા છે. નિર્મૂલ માટે સરકારે કોઈ એક કેન્દ્રીક નોંધણી અને છતાં તે અનુપચારિક નોંધણી બની રહે તે પ્રકારની કોઈ એક સિસ્ટમ વિકસાવી એકમાત્ર ઉપાય છે. આ પકલ્પના સંયુક્તઅહેવાલમાં આ અંગેનું સૂચન વિસ્તારથીકરવામાં આવેલું છે.

**૧.૭ ઉપસંહાર:**

પ્રસ્તુત પ્રકરણમાં બનાસકાંઠા જિલ્લાના આદિવાસીઓનો આર્થિક વિકાસ કરવા માટે જે સૂચનો અહેવાલમાં કરવામાં આવેલા છે તે તમામ સૂચનોનું સમક્ષ ચાર રજૂ કરવામાં આવેલ છે. આ ભલામણોને રજૂઆત કરતા પહેલા જિલ્લાના આદિવાસી આર્થિક વિકાસ આડે કેવા પ્રશ્નો અનુભવી રહ્યા છે અને તે પ્રશ્નોનું સ્વરૂપ અને તેની માત્રા કેવી છે તે અંગેની પણ છણાવટ કરવામાં આવેલી છે. હવે પછીના પ્રકરણમાં બનાસકાંઠા જિલ્લાનો ટુકો પરિચય મેળવીને આ સમસ્યાઓ વિગતવાર સમજીશું અને આ સમસ્યાઓના નિવારણ કરીને બનાસકાંઠા જિલ્લાના આદિવાસી સમુદાયનો આર્થિક વિકાસ કેવી રીતે કરી શકાય તે અંગેની વિગતે માહિતી મેળવીશું.

# પ્રકરણ-2

# આદિવાસી વિકાસ: જિલ્લાના આદિવાસીઓનું દ્રષ્ટિબિંદુ


| ક્રમ | વિષય | પાનાં નંબર |
|---|---|---|
| 2.1 | પ્રસ્તાવના | 12 |
| 2.2 | વિકાસની સ્થાનિકોના મતે પરિભાષા | 13 |
| 2.3 | આદિવાસી વિકાસ અંગેના વિવિધ ખ્યાલો અને ગેરમાન્યતાઓ | 16 |
| 2.4 | ઉપસંહાર | 17 |

# પ્રકરણ-2
# આદિવાસી વિકાસ: જિલ્લાના આદિવાસીઓનું દ્રષ્ટિબિંદુ

## ૨.૧ પ્રસ્તાવના:

આદિવાસી સમાજ વિકાસને મુખ્ય પ્રવાહના વિકાસથી અમુક ક્ષેત્રોમાં નોખો તારવી શકાય તો બાકીના ક્ષેત્રોમાં આદિવાસી સમાજનો વિકાસ મૂળ પ્રવાહના વિકાસ વિભાવના સાથે જ સયુક્ત રીતે જોડીને વિચારી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો, આદિવાસી સમાજના એક અપૂરતો વિકાસ પામેલા અથવા વિકાશશીલ અંગ તરીકે જોઈ શકાય.

પ્રસ્તુત પ્રકરણમાં આદિવાસીઓના આર્થિક વિકાસ તરીકે જે મંતવ્યો રજૂ કરવામાં આવ્યા છે તે મંતવ્યો આ બૃહદ પ્રકલ્પના એક જિલ્લા સંશોધક અને મારા પરમ મિત્ર એવા શ્રી કનુભાઈ વસાવા સાહેબ સાથેની ચર્ચાઓ અને વિચારો ની આદાન-પ્રદાન પ્રક્રિયામાંથી નિસ્પંદન થયા છે. અહીં આ સમયે આદિવાસી આર્થિક વિકાસ દર્શન અંગેના તેમના વિચારો તેમણે જે રજૂ કર્યા છે અને વિષય સંદર્ભનો માર્ગ જ્ઞાન વધાર્યું છે તે બદલ હું શ્રી કનુભાઈ વસાવા સાહેબનો આભાર વ્યક્ત કરું છું.

## ૨.૨ વિકાસની સ્થાનિકોના મતે પરિભાષા

વિકાસ એક બહુ આયામી વિભાવના છે. તેથી વિકાસની વિભાવના સમયાંતરે બદલાતી રહી છે. શરૂઆતમાં એટલેકે વીસમી સદીના પ્રથમ છ દશકાઓમાં વિકાસનો ખ્યાલ ઉદ્યોગો, વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે સંકળાયેલા હતો. દાયકાઓ પછી આ ખ્યાલ અધુરો લાગ્યો. આ પ્રકારની વિકાસ પ્રક્રિયામાં એક પ્રકારે એવી માન્યતા હતી કે ટ્રિકેલ ડાઉન થિયરી એટલે કે વિકાસના લાભો પ્રારંભિક અવસ્થામાં સમાજના સંપન્ન વર્ગમાંથી શરૂ થઈને નીચલા વર્ગ સુધી પહોંચશે. 1970 ના વર્ષ પછીએવું સાબિત થઈ ગયું હતું કે ડાઉન થિયરી તેના મૂળ સ્વરૂપમાં કાર્ય કરી રહેલ નથી. એટલે કે સમાજમાં જે વિકાસ થઈ રહ્યો છે જે ઉત્પાદન વધારો થઈ રહ્યો છે એટલે કે જીડીપીમાં થયેલ વધારો તે છેવાળાના માનવીઓ અને ગરીબો સુધી પોતાના લાભ પ્રસારી રહ્યો નથી. આ સંજોગોમાં એ પણ જોવામાં આવ્યું કે ગરીબ વર્ગ વધુ ને વધુ ગરીબ થતો જાય છે અને અમીર વર્ગ વધુ ને વધુ અમીર થતું જાય છે. આવા સંજોગોમાં વિકાસને નવા આયામો ઉમેરીને વૈકલ્પિક રીતે વ્યાખ્યાયિત કરવાની જરૂરિયાત ઊભી થઈ. વિકાસને વૈકલ્પિક સ્વરૂપે 1980 ના દસ્તામાં અમૃત્ય સેન અને અન્ય વિકાસ અર્થશાસ્ત્રીઓની મદદથી માનવ વિકાસ તરીકે વિવિધ માનવીય આયમો સાથે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો. આદિવાસી વિકાસને પણ હવે માત્ર ભૌતિક વિકાસ અને સંસાધનોની પ્રાપ્તિ પૂરતો સીમિત ન રાખતા તેને પણ માનવીય

અભિગમ સાથે માનવ વિકાસના પરિપ્રેક્ષમાં જોવા જઈએ.આ પ્રકારનો વિકાસ અમીર અને સંપ્પન વર્ગને જ સ્પર્શતો હતો.

21 મી સદીમાં વિકાસની પરિભાષાને એક નવી સમસ્યાઓનો સામનો કરવાનો આવ્યો અને તે હતો કુદરતી સંસાધનોની અછત અને પ્રદૂષણના પ્રશ્નો. કોઈ પણ વિકાસ કુદરતને નષ્ટ કરીને જુઓ લાંબા સમય સુધી કાર્યરત રહે તો દુનિયાને સમજાવ્યું કે જળવાયું પરિવહન અને સમગ્ર કુદરતના અસ્તિત્વ સામેથી એક મોટો પડકાર આવીને ઊભો રહેશે. આ ચિંતન માંથી વિકાસ માટે નિભાવ સમવ વિકાસ અથવા તો ટકાઉ વિકાસનો ખ્યાલ વિકસ્યો. આદિવાસીઓના વિકાસને પણ ટકાઉ વિકાસના ખ્યાલ સાથે સાંકળવું જ રહ્યો કારણકે આદિવાસી વિકાસ તેના મૂળ સ્વરૂપે કુદરત ઉપર વધારે અવલંબિત એવા કુદરતી જીવન જીવતા આદિવાસી સમુદાયનો વિકાસ છે જો તેમના કૂદરતી સંસાધનો અને પર્યાવાસને નુકસાન પહોંચાડવામાં આવશે તો આ રસ્તે થયેલો આદિવાસી વિકાસને લાંબા સમય સુધી નિભાવી શકાશે નહીં અને આમ આદિવાસી વિકાસ તે ટકાઉ વિકાસ હોવો જોઈએ તેઓ પણ ખ્યાલ વર્તમાન સમયમાં પ્રવર્તમાન છે. આથી સર્વસ્પર્શી, સમતોલ અને નિભાવક્ષમ/ટકાઉ વિકાસનો ખ્યાલ વધારે પ્રવર્તવા લાગ્યો. પર્યાવરણ સાથે સંતુલન જાળવીને લાંબાગાળાનો ટકાઉ વિકાસની ચર્ચા થવા લાગી. આ ચર્ચા આજે વધારે સ્વીકાર્ય પણ બનવા લાગી છે.

વર્તમાન સમયમાં જેને વિકાસ પામેલું વિશ્વ કહેવામાં આવેછે તે પશ્ચિમના દેશોમાં ભૌતિક વિકાસવાળા એટલે કે સુખ-સગવડના સાધનોની ઉપલબ્ધિવાળા સમાજને સુખી સમાજ માનવામાં આવતું હતું. જોકે હવે તેના પ્રશ્નોની છણાવટ કરતા જણાયું છે કે આ વિકાસ પણ ઘણો મર્યાદીદ દ્રષ્ટીકોણ ધરાવે છે. આ મર્યાદી દ્રષ્ટિકોણ માં માત્ર સાધન સુખ સગવડોની પ્રાપ્તિને વિકાસ ગણવામાં આવ્યો છે. બીજા શબ્દોમાં કહીયેતો આ દૃષ્ટિકોણમાં આર્થિક વૃદ્ધિને વિકાસ માનવાનું વલણ છે. છેલ્લે આપણે એમ કહી શકીએ કે હવે વિકાસનો અર્થે માત્ર આર્થિક વિકાસ બદલાઈને હવે માનવીનો વિકાસ થયો છે. માનવ વિકાસમાં માનવ ક્ષમતાઓનું વિસ્તરણ, પસંદગીનો વ્યાપ, સ્વાતંત્રયના વિકાસ અને માનવ અધિકારોના અમલ રૂપે આર્થિક વિકાસના સાહિત્યમાં સ્વીકાર પામવા યોગ્ય છે. માનવ વિકાસ કેવળ શિક્ષણ, આરોગ્ય પોષણ અને સંસાધનો પર નિયંત્રણ કરતા કંઈક વધુ બાબતોને સંકેત કરે છે. માનવીએ તો ક્ષમતાઓનો વિકાસ, એક એવી રાજકીય સામાજિક આર્થિક પરિસ્થિતિનું નિર્માણ થાય કે જેમાં પ્રત્યેક નાગરિકની સામે વિકલ્પોની પ્રાપ્તિ હોય તેને વિકાસની નવી પારિભાષામાં મહત્વ આપવામાં આવે છે.

વિકાસની પ્રક્રિયા સામાન્ય પરિભાષામાં મુકીએ તો વ્યક્તિગત ક્ષમતાઓ નું વર્ધન અને તેના માટે વિકલ્પોની પ્રાપ્યતા. ટૂંકમાં હવે આ બૃહદ અર્થમાં વ્યાખ્યાયિત થયેલ વિકાસ વિભાવનામાં અંતર સમાવિષ્ઠ એવા વિકાસને માપવા માટે આર્થિક અને બિનઆર્થિક તેની સાથે સાથે વ્યક્તિગત તેમજ સામુહિક એમ અનેક પરીમાંણો નો સમાવેશ કરવામાં આવે છે. બિન આર્થિક

માપદંડોને હવે માનવીય વિકાસના નિર્દેશકો તરીકે ઓળખવામાં આવે છે. આ નિર્દેશકોમાં શિક્ષણ સ્વાસ્થ્ય અને વિવિધ વ્યવસ્થા, સંસ્કૃતિ, મનોવલણ વિકાસ વગેરે બાબતોનો સમાવેશ કરાશે.
આદિવાસી સમાજમાં આદિકાળ થી જ જીવનના વિવિધક્ષેત્રોમાં વિવિધ હુન્નર, વિવધ કલા વિકાસ પામેલ જોવા મળે છે. આ વૈવિધ્ય સફર કળા કવશલ્યો ને વધુ વિકસાવવા માટે તકો ઉપલબ્ધ કરાવવી તેમના વાક્તિત્વ વિકાસ કરવો જોઈએ. આ પ્રકારના વ્યક્તિત્વ વિકાસ થાકી તેમની અન્ય ક્ષમતઓ વિકાસ પામશે જે તેમના સમગ્ર વિકાસ પ્રક્રિયાને ઊંચા આયામો ઉપર પ્રસ્થાપિત કરવામાં મદદ કરશે.

ગુજરાતમાં આદિવાસી વિકાસની ચર્ચા કરીએ ત્યારે તેના વૈવિધ્યતા સભર આદિવાસી સાંસ્કૃતિક વિસ્તારોના સંદર્ભે વિવધ સમૂહોના વિકાસની રૂપરેખા ઘડવી જોઈએ અને તેના મુજબનું આયોજન થવું જોઈએ. વિવિધ સંસ્કૃતિઓ અને આ સાંસ્કૃતિક ફેરફારોમાંમાં ભૌગોલિક પરિપેક્ષ્ય પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આદિવાસી પ્રદેશની ભોગોલિક અને સાંસ્કૃતિક પરિવેશને ધ્યાનમાં રાખીને આદિવાસી વિકાસ સંદર્ભે વિચાર કરવો જોઈએ કારણ કે આમ કરવાથી જ તેમની આગવી વિકાસ જરૂરિયાતોને ન્યાય આપી શકાશે. ગુજરાતના વિવધ આદિવાસી વિસ્તારોની ભૂગોળ ભિન્ન ભિન્ન છે. તેથી આ વિસ્તારના ભોગોલિક અને સાંસ્કૃતિક વિવિધતા જોવા મળે છે આ સંસ્કૃતિક ભીન્નાતાઓ હોવાથી પ્રદેશવાર આદિવાસીઓમાં ભિન્ન-ભિન્ન કળા સોશલ્યો અને ભિન્ન-ભિન્ન પ્રતિભા જોવા મળે છે. આદિવાસીઓમાં રહેલી પ્રતિભાને ઓળખી તેને વધારે વિકસાવવી તે પ્રાથમિક શાળા ના સ્તરેથી થતું કાર્ય છે તેના માટે આદિવાસી પ્રાથમિક શાળાઓને આ માટે સજ્જ કરવી જોઈએ.
આદિવાસી વિસ્તારમાં પ્રાકૃતિક સંપદા જેવીકે જળ સ્રોત,જંગલ વગેરે સવિશેષ પ્રમાણમાં હોવાથી, આ તમા પ્રાકૃતિક સંપદાના આધારે અને આ સંપદા આધારિત તેમનામાં વિવધ કૌશલ્ય વિકાસવવા પ્રયાસ કરવો જોઈએ, જેના માટેની તાલીમ વ્યવસ્થાઓ શાળા સ્તરેથી નિર્માણ થાય તેવા પ્રયત્નો થવા જોઈએ. આ પૈકીને ઘણી તાલીમ આધુનિક સ્વરૂપની હશે તો ઘણી પરંપરગત સ્વરૂપની હશે અહી એ નોધવું જોઇયેકે જો પરંપરાગત હોય તો તે તે તાલીમ આપનાર સ્થાનિક હોય અને તે તાલીમ કાર્યક્રમ સ્થાનિક ભાષામાં નિર્માણ થયેલ હોય, આ માટે જરૂરી તમામ મદદ અને અનિવાર્ય એવા આધુનિક ટેકનિક જ્ઞાન/સપોટ સરકાર દ્વરા આધુનિક સ્વરૂપમાં આપવું જોઈએ. આદિવાસી ક્ષમતા વિકાસ તે અંતિમ ધેય હોય તેની પ્રાપ્તિ માટે અનિવાર્ય તમામ પગલા સરકાર દ્વારા લેવાય તે સુનિશ્ચિત થવું જોઈએ.
પ્રત્યેક આદિવાસીમાં રહેલી કલા કે હુન્નરનો વિકાસ થાય તે માટે અત્યંત જરૂરી પરિબળ છે કે તેમના દ્વરા ઉત્પાદન કરવામાં આવેલ વસ્તુ કે સેવાને યોગ્ય બજાર મળે, જો બજાર મળશે તો તેમને આર્થિક પ્રોત્સાહન આપી શકાશે. આર્થિક પ્રોત્સાહન મળતા વ્યક્તિ પોતાની રીતેજ કળા કવશલ્યોના વિકાસ માટે પ્રોત્શાહિત થશે. આ પ્રકારના આદિવાસી હુન્નર કે કલાને પ્રાધાન્ય આપી સ્થાનિક શેક્ષણીક સંસ્થાઓ ના સ્તરે વિકસાવવું જોઈએ. બજારની પ્રાપ્યતા કરવવા માટે સ્થાનિક સ્તરે બજાર ઊભુ કરવામાં આવે અને પ્રવાસન ઉદ્યોગના પુરક તરીકે આ બજાર

વિકાસને પ્રાધાન્યતા આપવામાં આવશે તો સરકારી પ્રવૃતિઓમાં ઘણા આવશે સરળતા રહેશે તેવી અપેક્ષા રાખી શકાશે.

## ૨.3 આદિવાસી વિકાસ અંગેના વિવિધ ખ્યાલો અને ગેરમાન્યતાઓ:

દુનિયામાં એક એવી વિચારધારા પ્રવર્તે છે કે આદિવાસી વિસ્તારમાં માળખાકીય સગવડ ઊભી કરવામાં આવશે તો તેમનો આર્થિક વિકાસ થઈ જશે. જોકે માત્ર માખણકીય વિકાસ કરવાથી આદિવાસી વિકાસ થશે તે માન્યતા ભરેલી છે. હા એ બાબત ચોક્કસ છે કે માળખાકીય શરતોના વિકાસના અભાવે આદિવાસી વિકાસ અવરોધ પામશે. અલબત્ત એ બાબત પણ નક્કી છે કે આર્થિક વિકાસની પ્રાથમિક જરૂરિયાત માળખાકીયનો વિકાસ છે. પરંતુ અહીં એ બાબતની સ્પષ્ટતા કરવી અનિવાર્ય છે કે માત્ર માળખાકીય સમૃદ્ધ ના વિકાસ કરવાથી આદિવાસી વિકાસ થશે તેવી માન્યતા ભૂલ ભરેલી છે અને માળખાકીય શરતો ના ઉપરાંત માં પણ આદિવાસી આર્થિક વિકાસ ઘણી બધી જરૂરિયાત માંગી લેશે તે બાબતે ગંભીરતા લાવવા માટે ઉપરોક્ત વિષય અહીં ચર્ચા કરવામાં આવે છે.

આદિવાસી વિકાસ માટે એક અન્ય ગેરમાન્યતા એવી વ્યાપ્ત છે કે જો આદિવાસી સમુદાય માટેની સ્પેશ્યલ યોજનાઓનો અમલ કરવામાં આવશે તો તેઓ આ યોજનાઓના લાભ થકી આર્થિક વિકાસ પામશે. અલબત્ત અહીં પણ આપણે એવું જ કહેવું જોઈએ કે યોજનાઓની ગેરહાજરીમાં આદિવાસી આર્થિક વિકાસ અત્યંત ધીમુ સાબિત થશે. પરંતુ જો માત્ર યોજનાઓ ઉપર જ મદાર રાખવામાં આવશે તો તેના વિશ્વાસે બેસી રહેવું પણ ઠગારું સાબિત થશે. માત્ર યોજનાઓ થતી આદિવાસી આર્થિક વિકાસ થશે તેવી માન્યતા ભૂલ ભરેલી સાબિત થશે. કારણકે આદિવાસીઓ માટેની સ્પેશિયલ યોજનાઓ મોટાભાગે આદિવાસીઓના એ સમુદાયમાંથી સ્વીકારવામાં આવે છે કે જે તુલનાત્મક રીતે વધુ સક્ષમ અને વિકસિત હોય છે. આવા સંજોગોમાં આદિવાસી સમુદાય માટેની યોજનાઓનો લાભ લઈને એ જ વર્ગ સક્ષમ થશે કે જે પહેલેથી જ વધારે વિકસિત છે. પરિણામ એ આવશે કે છેવાડાનો અને અલ્પવિષિત એવો આદિવાસી વર્ગ ક્યારેય પણ વિકાસના લાભ યોજનાઓ થકી મેળવી શકશે નહીં.. આમ આદિવાસી વિકાસને માત્ર યોજનાઓ પૂરતો સીમિત ન રાખીને યોજનાથી પણ વિશેષ અર્થઘટન સાથે જોવા જઈએ.

આદિવાસી વિકાસ અંગે અન્ય એક ભૂલ ભરેલી માન્યતા એવી છે કે તેમના પરંપરાગત વ્યવસાયોને જો વધુ સબ્જેક્ટ કરવામાં આવશે જેવા કે તેમની ખેતીને વધુ પ્રાધાન્ય આપવામાં આવે તેવો જે કુદરતી સંસાધનો સાથે સંકળાયેલા છે તેવા જળ સંસાધનો અને જંગલ સંસાધનોને આધારે જ અથવા તો તેના આશ્રિત વિકાસ પ્રક્રિયા કરવામાં આવશે તો જ તેમનો આર્થિક વિકાસ ઝડપી થશે. આ માન્યતામાં પણ ક્ષતિ જોવા મળે છે કારણ કે જળ સંપદા અને જમીન સંપદા વિકાસની સ્થિતિજોમાં ઘણી મર્યાદાઓ ધરાવે છે.

આદિવાસી વિકાસ માત્ર આદિવાસીઓનું શિક્ષણ નથી તેમની તાલીમ અને હુન્નરોનો વિકાસ નથી પરંતુ આદિવાસી આર્થિક વિકાસ તે આ બધા રસ્તાઓ થકી એક બૃહદ દર્શન છે કે જેમાં આદિવાસી ક્ષમતાઓનો વિકાસ અને આદિવાસી સંસ્કૃતિઓનું કુદરતી પ્રક્રિયા દ્વારા પાંગરવું.

જ્યારે પણ આદિવાસી આર્થિક વિકાસની વાત કરવામાં આવે છે ત્યારે હંમેશા એક ચર્ચા વેગ પકડે છે અને તે એ છે કે આદિવાસીઓમાં વ્યાપ્ત વ્યસન અને અંધશ્રદ્ધા ના કારણે તેમનો આર્થિક વિકાસ રૂંધાયેલો છે જો તેમના વ્યસન અને અંધશ્રદ્ધાને દૂર કરવામાં આવશે તો જ તેમના આર્થિક વિકાસને ગતિ આપી શકાશે. આ માન્યતા પણ મર્યાદિત છે. કારણ કે અંધશ્રદ્ધા અને વ્યસનથી મુક્ત સમાજ નથી. એ બાબતમાં પણ એટલું જ સત્ય છે કે અંધશ્રદ્ધા અને વ્યસન વિકાસની પ્રક્રિયામાં બહુ મોટા અવરોધ સર્જન કરી શકે છે.આમ માત્ર એટલુજ કહેવુકે વ્યસનના કારણે આદિવાસીઓમાં વિકાસ નથી થતો તે ભૂલ ભરેલ સાબિત થશે..

આદિવાસીના આર્થિક વિકાસ સંદર્ભના ઉપોરોકત વિભિન્ન મંતવ્યોને ધ્યાનમાં રાખી સમગ્ર આદિવાસી સમાજના વિકાસ માટે બહુઆયામી યોજના અને તે કાર્યન્વાયિત કરવામાટે ના વિવધ બહુઆયામી પ્રકલ્પો વિચારવા જોઈએ. પ્રત્યેક આદિવાસી સમાજની પરિસ્થિતિ જુદી-જીડી હોવાથી કહી શકાય કે પ્રત્યેક આદિવાસી સમાજ માટે ના વિકાસનો અભિગમ ને વિકાસ માર્ગો પણ જુદો હશે.

**૨.૪ ઉપસંહાર:**

પ્રસ્તુત પ્રકરણમાં આદિવાસી વિકાસના વિવિધ મંતવ્યો અને જે તે મંતવ્ય ની મર્યાદાઓ વિશે અહીં ચર્ચા કરવામાં આવી છે. આદિવાસી વિકાસ ને કેવી રીતે જુઓ અને નિર્ધારિત કરેલી આદિવાસી હાર્દિક વિકાસની વિભાવનાને કેવી રીતે કાર્યરત કરવી વગેરે જેવા મુદ્દાઓની અહીં છણાવટ કરવામાં આવી. અહીં મુખ્યત્વે આપણે એ જોયું કે આદિવાસી વિકાસ તે એક બહુઆયામી પ્રક્રિયા છે. કોઈ એક બિંદુએથી આદિવાસીના હાર્દિક વિકાસને જોઈ શકાશે નહીં જો આદિવાસીના આર્થિક વિકાસને જોવો હોય તો તેને સમગ્ર તહ જોવો પડશે. આમ કહી શકાય કે જો આદિવાસીના આર્થિક વિકાસને આપણે કાર્યવિધ કરવો હશે તો આપણી કાર્ય યોજના પણ બહુ આઈમી રહેશે.

# પ્રકરણ-3
# બનાસકાંઠા જિલ્લામાં આદિવાસી વસ્તી અને તેમની મુખ્ય આર્થિક સમસ્યાઓ


| ક્રમ | વિષય | પાનાં નંબર |
|---|---|---|
| 3.1 | પ્રસ્તાવના | 19 |
| 3.2 | બનાસકાંઠા જિલ્લાની વસ્તી-વિષયક મહત્વની લાક્ષણિકતાઓ | 19 |
| 3.3 | તાલુકાવાર જમીન ઉપયોગ ની આંકડાકીય માહિતી (2011) | 21 |
| 3.4 | તાલુકાવાર ખાદ્ય અને બિન ખાદ્ય ખેતી પાકોની માહિતી | 22 |
| 3.5 | આદિવાસી તાલુકાઓમાં સિંચાઈની પરિસ્થિતિ | 24 |
| 3.6 | જિલ્લામાં કૃષિ આધારિત પ્રવૃત્તિઓનો વિકાસક્રમ | 27 |
| 3.7 | આદિવાસી તાલુકાઓમાં પશુપાલન પ્રવૃત્તિ અને તેમાં સહકારિતા | 27 |
| 3.8 | પશુપાલન ક્ષેત્ર સાથે સંકળાયેલ લોકો માટેની યોજનાઓ અને કાર્યક્રમો | 30 |
| 3.9 | બનાસકાંઠા ના આદિવાસી તાલુકામાં શહેરી અને ગ્રામીણ ક્ષેત્રમાં સાક્ષરતા | 31 |
| 3.10 | બનાસકાંઠા જિલ્લાના આદિવાસી પ્રદેશમાં શિક્ષણ માટેની માળખાગત | 33 |
| 3.11 | જીલ્લામાં સિક્ષન વિકાસ માટેની યોજનાઓ | 35 |
| 3.12 | સ્વાસ્થ્ય ક્ષેત્રે પાયાની સુવિધાઓ અને આદિવાસી તાલુકા | 38 |
| 3.13 | સ્વેચ્છિક અથવા બિન સરકારી  પગલાઓ | 45 |
| 3.14 | આદિવાસી વિસ્તારમાં ગરીબ છોકરા-છોકરીઓ માટેની શિક્ષણ સુવિધા | 48 |
| 3.15 | આદિવાસીમાં ગરીબ કુટુંબમાં દેવાની સમસ્યા | 49 |
| 3.16 | ગરીબીમાં  જીવન વ્યતીત કરતા આદિવાસી કુટુંબોમાં ખાદ્ય સુરક્ષા: | 49 |
| 3.17 | આદિવાસી સ્થળાંતરકરતાં શ્રમિકોના પ્રશ્નો | 53 |
| 3.18 | ગરીબ બેરોજગાર વ્યક્તિઓ માટેની રોજગારલક્ષી યોજના/ કાર્યક્રમ અને | 54 |
| 3.19 | પછાત વિસ્તાર વિકાસ કાર્યક્રમ (The Backward Regions Grant Fund- | 57 |
| 3.20 | આદિવાસી તાલુકાઓમાં ઘર રોજગારી અને અન્ય (સીધી/ પ્રત્યક્ષ) સહાય | 58 |
| 3.21 | રોજગારી માટે ના વિવિધ વિકલ્પો | 59 |
| 3.22 | ઉપસંહાર | 63 |

# પ્રકરણ-3
# બનાસકાંઠા જિલ્લામાં આદિવાસી વસ્તી અને તેમની મુખ્ય આર્થિક સમસ્યાઓ

**3.૧ પ્રસ્તાવના:**

આદિવાસી આર્થિક વિકાસ દર્શન તેના મૂળ સ્વરૂપમાં આદિવાસીઓનો એક સમૂહ તરીકે વિકાસ થાય તે માટેનું આ ચિંતન છે. પરંતુ અહી વિકાસ માત્ર આર્થિક વિકાસ હોય તેમના સાંસ્કૃતિક મૂલ્ય અને તેમની સંસ્કૃતિ ને કોઈપણ પ્રકારની ખલેલ પહોંચાડયા વગરનો આ વિકાસ છે,જો વિકાસ કરવો હોય તો આ વિકાસ પ્રદેશ વાર વિચારવું પડે કારણકે આમ કરવા જતાં પ્રાદેશિક સાંસ્કૃતિક વૈવિધ્ય ને જાળવી રાખીને વિકાસ ચિંતન કરી શકાય. તેમના વૈવિધ્યસભર પ્રાદેશિક અભિગમને સમજવાની જે જરૂરિયાત ઊભી થાય છે તેના કારણે સમગ્ર ચિંતનને પ્રાદેશિક સ્તરે વિચારતા અલગ અલગ જિલ્લા માટે અલગ-અલગ ચિંતન રજુ કરવામાં આવેલ છે. આદિવાસી આર્થિક વિકાસમાં સામૂહિક જરૂરિયાત હોય એટલેકે જો કોઈ સામ્યતા ધરાવતી જરૂરિયાત હોય તો તેને સમૂહમાં વિચારાયું છે.

3.૨ બનાસકાંઠા જિલ્લાની વસ્તી-વિષયક મહત્વની લાક્ષણિકતાઓ:

નીચે આપેલી માહિતી બનાસકાંઠા જિલ્લાની વસ્તી-વિષયક મહત્વની લાક્ષણિકતાઓ અંગેની છે.

તાલુકાવાર ગ્રામ પંચાયત અને નગરોની સંખ્યા:

**Taluka Wise Villages, Gram Panchayats and Towns**

| Taluka / District | Villages | | Gram/Village Panchayats | | | Municipal Towns |
|---|---|---|---|---|---|---|
| | In-Habited | Un-Habited | Group | Independent | Total | |
| Amirgadh | 69 | | 19 | 09 | 28 | |
| Danta | 181 | 3 | 40 | 13 | 53 | |
| Banaskantha | 1244 | 6 | 257 | 526 | 783 | 6 |

*Source: District Statistics Office, Banaskantha (2009)*

નીચે આપેલી માહિતી પરથી જોઇ શકાય છે કે અમીરગઢ જિલ્લામાં કુલ ૬૯ ગામ આવેલા છે દાતા જિલ્લામાં 181 ગામ વસેલા છે જ્યારે ત્રણ ગામ એવા છે જ્યાં માનવ વસ્તી હવે રહી નથી

જિલ્લાના ૧૨૪૪ પૈકીના આ ગામોમાં આદિવાસી વસ્તી નું પ્રમાણ જોવા મળે છે. આ તમામ ગામો પોતાની સ્વતંત્ર ગ્રામ પંચાયત ધરાવે છે તેવું નથી પરંતુ તે પૈકીના ઘણા ગામોમાં સમૂહ ગ્રામ પંચાયત અસ્તિત્વ ધરાવે છે. નીચે આપેલા માહિતી ઉપરથી જોઈ શકાય છે કે ઓગણીસમો ગ્રામ પંચાયત છે અમીરગઢ તાલુકામાં ત્યારે દાતા તાલુકામાં 40 ગ્રામ પંચાયતો સમરસ ગ્રામ પંચાયત છે. માત્ર નવગામ અમીરગઢ તાલુકામાં સ્વતંત્ર ગ્રામ પંચાયત ધરાવે છે જ્યારે દાતા તાલુકામાં ૧૩ ગ્રામ પંચાયત સ્વતંત્ર છે. ગ્રામ પંચાયત સમૂહ છે કે સ્વતંત્ર ગ્રામ પંચાયત છે તે બાબત આદિવાસીના આર્થિક વિકાસ અંગેના કોઈપણ કાર્યક્રમ માટે અત્યંત નિર્ણાયક સાબિત થાય છે.

આદિવાસી તાલુકામાં વસ્તીવૃદ્ધિનું પરિબળ પણ આદિવાસી આર્થિક વિકાસમાં ઘણું જ અસર કરતા છે જે અંગેની માહિતી નીચેના ટેબલ ઉપરથી પ્રાપ્ત થાય છે.

| | % Decadal Growth 2001-2011 | | | Sex Ratio | | Urbanisation | | Work Participation | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | Population | Male | Female | 2001 | 2011 | 2001 | 2011 | 2001 | 2011 |
| Amirgadh | 30.87 | 28.67 | 33.21 | 939 | 972 | 0.00 | 0.00 | 39.7 | 36.11 |
| Danta | 29.69 | 28.38 | 31.09 | 938 | 958 | 7.90 | 7.90 | 43.2 | 39.35 |
| Banaskantha | 24.61 | 24.12 | 25.13 | 930 | 938 | 11.00 | 13.30 | 43.6 | 40.01 |
| District Human development Report, Banash kahtha District. GSIDS,Government of Gujarat | | | | | | | | | |

નીચે આપેલી માહિતી બનાસકાંઠા જિલ્લાની વસ્તી-વિષયક મહત્વની લાક્ષણિકતાઓ અંગેની છે. તાલુકાવાર ગ્રામ પંચાયત અને નગરોની સંખ્યા નીચે આપેલી માહિતી પરથી જોઇ શકાય છે કે વર્ષ ૨૦૦૧થી ૨૦૧૧ દરમિયાન અમીરગઢ તાલુકામાં ટકાવારી વસ્તી વૃદ્ધિ દર 30.૮૭ ટકા જણાયો હતો. બીજા આદિવાસી તાલુકામાં આ પ્રમાણ લગભગ એક સમાન એટલે કે દાંતા તાલુકા માટે ૨૯.૬ ટકા જણાયો હતો. આદિવાસી તાલુકામાં વર્ષ 2000થી ૨૦૧૧ દરમિયાન નોંધાયેલ આ વસ્તી વૃદ્ધિ દર જિલ્લાના કુલ વસ્તી વૃદ્ધિ દર કરતા સવિશેષ પ્રમાણમાં ઊંચો જોવા મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ દશકા દરમિયાન બંને તાલુકા અને જિલ્લામાં પુરુષ વસ્તીમાં વૃદ્ધિ કરતા સ્ત્રી વસ્તીમાં વૃદ્ધિદર ઊંચો નોંધાયો છે. પરિણામ એ આવ્યું છે કે બંને તાલુકા અને બનાસકાંઠા જિલ્લામાં આ દરમિયાન જાતિ પ્રમાણ સ્ત્રી વસ્તીની તરફેણમાં સુધાર્યું છે. આદિવાસી તાલુકાઓમાં શહેરીકરણની પ્રક્રિયા જિલ્લાની તુલનામાં અત્યંત ધીમી માલુમ પડી છે અમીરગઢ તાલુકામાં આ દશકા દરમિયાન શહેરીકરણની પ્રક્રિયા 0% નોંધાઈ જ્યારે દાતા માં ૭.૯ ટકા જણાય જે જિલ્લાના ૧૧ ટકાથી 13% પ્રમાણેની તુલનામાં ઘણી ઓછી છે. જોકે વસ્તીની શ્રમ ભાગીદારી ના આંકડા જોઈએ તો તેમાં જિલ્લા ની સરેરાશ કરતા આદિવાસી તાલુકાઓમાં કોઈ ખાસ બે જણા તો નથી અલબત્ત જિલ્લાની સરખામણીમાં આદિવાસી તાલુકાઓમાં શ્રમ ભાગીદારી 2011માં મહદંશે નીચી જણાય છે.

3.3 તાલુકાવાર જમીન ઉપયોગ ની આંકડાકીય માહિતી **(2011)**

| Taluka / District | Forest Area | | Non-Agricultural | | Grazing Land | | Net Cropped Area | | Net Irrigated Area | | Total Area |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Dist % | Tal % | Dist % | Tal % | Dist % | Tal % | Dist % | Tal % | Dist % | Tal % | Dist % |
| Amirgadh | 33.65 | 61.15 | 3.83 | 3.33 | 4.15 | 4.44 | 2.36 | 28.83 | 2.43 | 19.69 | 5.83 |
| Danta | 45.82 | 59.02 | 5.04 | 3.10 | 2.36 | 1.79 | 3.05 | 26.42 | 2.60 | 14.95 | 8.22 |
| Banaskantha | 100 | 10.59 | 100 | 5.07 | 100 | 6.23 | 100 | 71.22 | 100 | 47.23 | 100 |

*Source:* District Human development Report, Banash kahtha District. GSIDS *Computed from database of District Statistics Office, Banaskantha (2011)*

નીચે દર્શાવેલ ટેબલ અનુસાર બનાસકાંઠા જિલ્લામાં આવેલા કોઈ જંગલ પૈકીના 34% જંગલો માત્ર અમીરગઢ તાલુકામાં આવેલા છે જ્યારે બનાસકાંઠા જિલ્લાના લગભગ અડધા જંગલો દાતા તાલુકામાં આવેલા છે. ઉપરની માહિતી જોતાં કહી શકાય કે લગભગ 80 ટકા જંગલો આ બે આદિવાસી તાલુકાઓમાં આવેલા છે. આ જંગલ પ્રદેશો આદિવાસી તાલુકાની કુલ જમીનના લગભગ ૬૦ ટકા જમીન ઉપર આવેલા છે એટલે કે આદિવાસી તાલુકાઓમાં જંગલ સંપદા ખૂબ સમૃદ્ધ છે. આદિવાસી તાલુકાઓમાં બે ટકાથી લઈને ચાર ટકા જેટલી જમીન ગોચર તરીકે ઉપયોગમાં લેવાઇ રહી છે. ખેતીની વાત કરીએ તો અમીરગઢ તાલુકાની ૨૯ ટકા જમીન અને દાંતા તાલુકાની લગભગ ૨૬ ટકા જમીન ખેડાણ હેઠળ ઉપયોગમાં લેવાય છે જે પૈકીની અમીરગઢ તાલુકાની 20% અને દાંતા તાલુકાની ૧૫ ટકા જમીન સિંચાઈ સગવડ ધરાવે છે. જમીનના ઉપરોક્ત ઉપયોગો અને સ્થિતિ જોતા કહી શકાય કે આ તાલુકામાં આદિવાસીઓના આર્થિક વિકાસની સમભાવના જંગલ આધારિત અને જ્યાં ખેતી થાય છે ત્યાં વિજય વધારા થકી મેળવી શકાય.

**Taluka wise Operational Holdings**

| Taluka / District | Total Holdings | | Average Size (Ha) | SC Holdings | | ST Holdings | | Other Holdings | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | (No) | (Hectares) | | (% No) | (% Area) | (% No) | (% Area) | (% No) | (% Area) |
| Amirgadh | 7543 | 22503 | 2.98 | 2.89 | 1.87 | 46.35 | 37.54 | 50.76 | 60.59 |
| Danta | 13678 | 20507 | 1.5 | 4.12 | 4.05 | 42.07 | 43.04 | 53.82 | 52.91 |
| Banaskantha | 265475 | 751993 | 2.83 | 5.55 | 4.21 | 4.75 | 3.47 | 89.70 | 92.32 |

*Source:* District Human development Report, Banash kahtha District. GSIDS *Computed from database of District Statistics Office, Banaskantha (2011)*

બનાસકાંઠા જિલ્લા માં તાલુકાવાર ખેતરના કદની સ્થિતિ નીચેના ટેબલમાં દર્શાવેલી છે. અમીરગઢ તાલુકામાં સરેરાશ ત્રણ હેક્ટર ખેતરનું કામ છે ત્યારે દાતા માટે માત્ર 1.5 હેક્ટર સરેરાશ કદ છે. આદિવાસીઓ હા તાલુકાઓમાં સવિશેષ હોવા છતાં તાલુકાના કેદાર ઘટકો

પૈકીના માત્ર 37.6 ટકા અમીરગઢ તાલુકામાં અને ૪૩.0૪ દાતા તાલુકામાં માલિકી ધરાવે છે. આ આંકડાકિય માહિતીનું સીધો અર્થ એ થાય છે કે આદિવાસી વસ્તી આ તાલુકામાં સવિશેષ હોવા છતાં ખેતીલાયક જમીનમાં તેમની માલિકી નોંધપાત્ર રીતે ઓછી છે. બનાસકાંઠા જિલ્લામાં ખેતીલાયક જમીનમાં માત્ર ૩.૪૭ ટકા જમીન આદિવાસી માલિકીની છે જ્યારે જિલ્લાની વસ્તી માં આદિવાસી નો રસ્તો નોંધપાત્ર રીતે અત્યંત ઊંચો છે. આ બાબત આદિવાસીઓમાં કેન્દ્રીયકૃત થયેલી ગરીબી તરફ નિર્દેશ કરે છે.

### ૩.૪ તાલુકાવાર ખાદ્ય અને બિન ખાદ્ય ખેતી પાકોની માહિતી:

| Taluka / District | % Area 2002-03 | | % Area 2003-04 | | % Area 2008-09 | | % Area 2010-11 | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Food Crops | Non Food Crops | Food Crops | Non Food Crops | Food Crops | Non Food Crops | Food Crops | Non Food Crops |
| Amirgadh | 66.86 | 33.14 | 50.90 | 49.10 | 54.72 | 45.28 | 77.46 | 22.54 |
| Danta | 81.21 | 18.79 | 60.75 | 39.25 | 68.51 | 31.49 | 84.53 | 15.47 |
| Banaskantha | 51.99 | 48.01 | 59.31 | 40.69 | 49.30 | 50.70 | 81.85 | 18.15 |

*Source:* District Human development Report, Banash kahtha District. GSIDS *Computed from database of District Statistics Office, Banaskantha (2006-2011).*

Productivity of Major Crops (In Million Tons/Hectare)

અમીરગઢ તાલુકામાં લગભગ 67 ટકા પ્રદેશમાં વર્ષ ૨૦૦૦ 2003 દરમિયાન ખાદ્ય પાકો ઉત્પાદન કરવામાં આવતા હતા આ ટકાવારી દાતા તાલુકા માટે લગભગ ૮૧ ટકા છે. જિલ્લા ની સરેરાશ સાથે જ તુલના કરીએ તો જણાશે કે જિલ્લામાં આ ટકાવારી લગભગ બાવન ટકા છે. એટલે કે આદિવાસી તાલુકાઓ જિલ્લા ની સરેરાશ કરતા ઘણું જુદું પાક માળખું ધરાવતા હતાઆ પરિસ્થિતિમાં બદલાવ થઇ ને વર્ષ 2010 11 માં અમીરગઢ તાલુકામાં આ ટકાવારી લગભગ 77% અને દાતા તાલુકામાં 85 ટકા જણાય હતી જે જિલ્લાની સરેરાશ ની આસપાસ હતી. એટલે કે આ દશકા દરમિયાન આદિવાસી તાલુકાઓ જિલ્લાના સરેરાશ પ્રમાણેની નજીક ઉત્પાદન કરી રહ્યા હતા. આ બાબત સૂચવે છે કે એક સંભાવના એ પણ છે 2001માં જે માંગ અને પુરવઠાના પરિબળો જિલ્લાની સરેરાશ કરતા આદિવાસી તાલુકાઓમાં ભિન્ન હતા તે 2011માં સમાન થયેલ હોઈ શકે.

| Major Crops | Banaskantha | | | | | | Gujarat | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | 2006-07 | 2007-08 | 2008-09 | 2009-10 | 2010-11 | | 2006-07 | 2007-08 | 2008-09 | 2009-10 | 2010-11 |
| Wheat | 2.50 | 2.86 | 2.10 | 2.75 | 3.02 | | 2.60 | 3.01 | 2.38 | 2.68 | 3.16 |
| Bajra | 0.79 | 1.28 | 1.00 | 0.94 | 1.66 | | 1.03 | 1.42 | 1.37 | 1.23 | 1.72 |
| Maize | 1.55 | 2.70 | 1.77 | 1.59 | 2.18 | | 0.45 | 1.38 | 1.44 | 0.24 | 1.73 |
| Castor | 1.55 | 2.23 | 2.16 | 2.36 | 2.37 | | 1.80 | 1.98 | 1.96 | 1.97 | 2.01 |
| Mustard | 1.41 | 1.66 | 1.14 | 1.60 | 1.54 | | 1.37 | 1.64 | 1.14 | 1.58 | 1.57 |
| Cotton | 5.17 | 3.52 | 4.06 | 3.64 | 3.51 | | 3.32 | 3.42 | 2.98 | 3.00 | 3.75 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Cumin | 0.51 | 0.68 | 0.42 | 0.62 | 0.55 | | 0.49 | 0.62 | 0.47 | 0.54 | 0.66 |
| Fennel | 1.58 | 1.70 | 1.93 | 1.77 | 1.61 | | 1.58 | 1.59 | 1.46 | 1.51 | 1.36 |
| Isabgul | 0.69 | 0.49 | 0.55 | 0.63 | 0.74 | | 0.74 | 0.56 | 0.57 | 0.64 | 0.65 |
| Potato | 28.00 | 30.00 | 28.00 | 29.00 | 31.00 | | 26.95 | 22.91 | 25.44 | 27.58 | 28.81 |
| Brinjal | 21.00 | 21.00 | 21.50 | 24.00 | 25.00 | | 16.17 | 17.69 | 16.72 | 17.37 | 17.17 |
| Cabbage | 14.00 | 14.00 | 15.00 | 16.00 | 17.00 | | 17.29 | 17.23 | 17.62 | 18.53 | 19.63 |
| Tomato | 39.00 | 40.00 | 42.00 | 43.00 | 45.00 | | 23.72 | 24.00 | 24.44 | 24.90 | 25.22 |
| Cauliflower | 13.30 | 13.50 | 14.00 | 15.00 | 16.00 | | 16.91 | 18.08 | 17.37 | 18.00 | 18.36 |

*Source:* District Human development Report, Banash kahtha District. GSIDS,Government of Gujarat *Computed from database of (1) Directorate of Agriculture, Gujarat (2006-2011),(2) Directorate of Horticulture, Gujarat (2006-2011).*

જિલ્લાના મુખ્ય પાક વર્ષવાર :નીચે આપેલું ટેબલ રાજ્યની સરેરાશ કરતા જિલ્લામાં વિવિધ ખેત પાકમાં બીપી વિવિધતા રહેલી છે તેને સમજવામાં અત્યંત ઉપયોગી છે. ઉપરના ટેબલમાં આપણે જોયું કે આદિવાસી તાલુકાઓ જિલ્લા ની સરેરાશ સાથે 2011માં અને તે પછી ખેતી પાકોમાં તાલ મિલાવી રહ્યા છે એટલે કે આદિવાસી તાલુકાઓમાં જિલ્લા સરેરાશ જેવું જ મરણ જોવા મળે છે. રાજ્યના પાકો સાથે તેની તુલના કરવામાં આવશે તો સ્પષ્ટ થશે કે જિલ્લાને અને તેમ કરતાં આદિવાસી તાલુકાઓને કયા પાકોમાં વિશેષતા પ્રાપ્ત થયેલી છે જો આમ કરવામાં આવશે તો સ્પષ્ટપણે આદિવાસી તાલુકાઓના ખેતી વિકાસ માટે કયા પાકો અને કયા ઉત્પાદન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું તે સ્પષ્ટ થઇ જશે. ઉપરના ટેબલમાં જોઇ શકાય છે કે વર્ષ ૨૦૧૧ માટે જિલ્લાને બટાકાના ઉત્પાદનમાં તથા રીંગણ અને ટામેટા જેવા શાકભાજીના ઉત્પાદનમાં સવિશેષ યોગ્યતા છે. જિલ્લાના અને આદિવાસી તાલુકાના આર્થિક વિકાસ માટે આ પાક નિર્ણાયક ભૂમિકા ભજવી શકે તેવી શક્યતા છે. જોકે આ બાબતને આદિવાસી તાલુકાઓની વૈવિધ્યસભર જમીન અને ભૂગોળ સાથેની સુસંગતતા એકવાર તપાસવી અનિવાર્ય છે.

Taluka wise Cropping Intensity

| Taluka / District | Cropped Area (Hectares) (2002-03) | | Cropping Intensity (2002-03) | Cropped Area (Hectares) (2010-11) | | Cropping Intensity (2010-11) |
|---|---|---|---|---|---|---|
| | Net | Total | | Net | Total | |
| Amirgadh | 17164 | 22135 | 128.96 | 17560 | 22724 | 129.41 |
| Danta | 21693 | 26745 | 123.29 | 22698 | 26402 | 116.32 |
| Banaskantha | 731680 | 1049575 | 143.45 | 744087 | 1033545 | 138.90 |

*Source: Computed from database of District Statistics Office, Banaskantha (2006-11).* District Human development Report, Banash kahtha District. GSIDS, Government of Gujarat

આદિવાસી તાલુકાઓની કૃષિમાં પાક પ્રચુરતા અંગેની માહિતી અભ્યાસ કરવામાં આવે તો જણાશે કે વર્ષ 2002- 2003 માં અમીરગઢ તાલુકામાં પ્રત્યુતર ૧૨૮.96 હતી જે વર્ષ ૨૦૧૦-2011માં સેજ વધીને 129.41 જણાઈ હતી. જિલ્લાની પાક પ્રચુરતાની સરખામણીમાં આ આંકડા નોંધપાત્ર રીતે નીચે હતા. આ જ પ્રકારનું વલણ દાતા તાલુકામાં પણ જણાવ્યું હતું દાતા

તાલુકામાં આ પ્રમાણ અનુક્રમે 123.37 અને 116.32 રહ્યું હતું જે જિલ્લાની પાક પ્રચુરતા કરતા નોંધપાત્ર રીતે નીચું છે. જોકે આદિવાસી તાલુકાઓમાં ડુંગરાળ પ્રદેશ અને તેને પરિણામે સિંચાઇની ઉપલબ્ધતા જિલ્લાની સરખામણીએ નોંધપાત્ર રીતે ભિન્ન છે તેને પરિણામે સંભવતઃ પાક પ્રચુરતા નો આ તફાવત આવતો હોય શકે. એક વાત તો સ્પષ્ટ છે કે આદિવાસી તાલુકાઓમાં પાક પ્રચુરતા માં ફેરફાર કરીને કૃષિ વિકાસને વેગવંતુ બનાવી શકાય. અહીં પ્રશ્ન એ છે કે જિલ્લા ની સરેરાશ કરતા આદિવાસી તાલુકાઓમાં નીચી જણાયેલી પાક પ્રચુરતા ને કેવી રીતે વધારવી? સ્વાભાવિક છે કે આ પ્રશ્નનો જવાબ કોઈ એક કાર્યક્રમ કે એક નીતિ અંતર્ગત ન હોઈ શકે પરંતુ એકબીજાને બળવત્તર બનાવતી વિવિધ નીતિ અને વિવિધ કાર્યક્રમો ની મદદથી આદિવાસી તાલુકાઓની પાક પ્રચુરતા ને સુધારી શકાય.

### ૩.૫ આદિવાસી તાલુકાઓમાં સિંચાઈની પરિસ્થિતિ:

**Taluka wise Irrigation Scenario**

| Taluka / District | Area under Cultivation (Hectare) | Area under Irrigation (Hectare) | Irrigation Status (% of Area Irrigated) | Area not Under Irrigation (Hectare) | Scope of Irrigation (% of Area Unirrigated) |
|---|---|---|---|---|---|
| Amirgadh | 22724 | 10210 | 44.93 | 12514 | 55.07 |
| Danta | 26402 | 11620 | 44.01 | 14782 | 55.99 |
| Banaskantha | 1033545 | 472160 | 45.68 | 561385 | 54.32 |

*Source: Computed from database of District Statistics Office, Banaskantha (2011)* District Human development Report, Banash kahtha District. GSIDS, Government of Gujarat

ઉપરોક્ત ચર્ચા કર્યા અનુસાર આદિવાસી તાલુકામાં ખેતીના વિકાસ માટે પાક પ્રચુરતા માં વધારો કરવો હોય તો તેની પ્રાથમિક શરત છે સિંચાઈ સુવિધાઓમાં વધારો. ટેબલ માં દર્શાવેલ આંકડા સૂચવે છે કે અમીરગઢ અને દાતા જેવા આદિવાસી તાલુકાઓમાં લગભગ ૪૪ થી ૪૫ ટકા જમીન વિજય સુવિધા ધરાવે છે. જિલ્લાની સરેરાશ સાથે આ પ્રમાણે ની તુલના કરવામાં આવે તો તે 45 થી 46 ટકા છે. પ્રથમ દ્રષ્ટિએ એવું જણાય આવે કે જિલ્લામાં કેટલા ટકા જમીન સિંચાઈ સુવિધા ધરાવે છે લગભગ કેટલા જ ટકા જમીન આદિવાસી તાલુકાઓમાં પણ સિંચાઈ સુવિધા ધરાવે છે આમ તાલુકામાં સિંચાઈ સુવિધા ની કોઈ કમી નથી. પ્રથમ નજરે જોતાં અત્યંત સામાન્ય લાગતું આ તારણ ગેરમાર્ગે દોરનારું છે કારણકે જિલ્લામાં પશ્ચિમ ભાગમાં બહુ જ મોટા પ્રમાણમાં રણ થી પ્રભાવિત થયેલ જમીન આવેલી છે જેમાં સિંચાઈ દ્વારા કોઈ ખાશ ઉપજ શક્ય ન હોય તે પ્રદેશ સિંચાઈ વિહોણા છે .આ પ્રદેશોને જિલ્લાની કુલ ખેતીલાયક જમીનમાંથી વાત કરવામાં આવે તો જ જિલ્લા અને આદિવાસી તાલુકાઓની તુલનાત્મક માહિતી મેળવી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો આદિવાસી તાલુકાઓમાં સિંચાઇની સુવિધાઓમાં વધારો કરીને પ્રચુરતા અને કૃષિ ઉત્પાદકતા વધારવા માટેના તમામ અનુકૂળતાઓ અસ્તિત્વ ધરાવે છે આ અનુકૂળતાઓ ને વાસ્તવિકતા માં પરિવર્તિત


કરીને આ આદિવાસી તાલુકામાં કૃષિ વિકાસને વેગવંતો બનાવવા ની બહુ જ મોટા પ્રમાણમાં સંભાવનાઓ અસ્તિત્વ ધરાવે છે.


પશુપાલન અને સહકારી ડેરી પ્રવૃત્તિના વિકાસ દ્વારા આદિવાસી તાલુકાઓના કાયાકલ્પ:

બનાસ ડેરી: બનાસકાંઠા જિલ્લામાં મોટાભાગની ગ્રામીણ વસ્તી કૃષિ અને પશુપાલન આધારિત રોજીરોટી મેળવી રહી છે. બનાસકાંઠા ની ખેતી મુખ્યત્વે સૂકી ખેતી છે. બનાસકાંઠા જિલ્લામાં બનાસ નદી આવેલી હોવા છતાં આ નદી બારમાસી નદી નથી. પ્રદેશમાં પાણીની ખૂબજ અછત વર્તાય તેવા ઉનાળાના સમયે કૃષિ મોટાભાગના જિલ્લાના પ્રદેશમાં શક્ય બનતી નથી. છેલ્લા દસકામાં સિંચાઈની સુવિધાઓમાં વધારો થતાં પરિસ્થિતિ બદલાઈ છે તેમ છતાં હજુ જિલ્લા ની ખેતી મુખ્યત્વે વરસાદ આધારિત છે પ્રદેશની ભૂગોળમાં વરસાદ પણ અનિશ્ચિત છે વળી ભૂગર્ભજળની અછત અને તેની ગુણવત્તા નીચી કક્ષાની હોવાથી જિલ્લામાં ખેતરો કોઈ ખાસ વિકાસ હજુ સુધી થયેલ નથી. પ્રદેશમાં ડેરી ઉદ્યોગના વિકાસ થવાથી ડેરી ઉદ્યોગ અને રોજગારીમાં અને રોજીરોટી માટે નું એક મહત્વનો સાબિત થયો છે. પશુપાલન એ આ જિલ્લાની ખાસિયત અને ખોટી છે છેલ્લા દશકામાં પશુપાલન ક્ષેત્રે આદિવાસી વસ્તી પણ ઠીક પ્રમાણ માં પ્રગતિ કરવામાં સફળ થાય છે.


પ્રદેશના પશુપાલકોનો જીવનધોરણ ઊંચું લાવવામાં જિલ્લામાં આવેલી બનાસ ડેરી નો સિંહ ફાળો રહેલો છે બનાસડેરી તે 31 1 ૧૯૬૯ ના રોજ સહકારી ધારા હેઠળ નોંધણી પામીને જિલ્લા પશુપાલક સહકારી મંડળી તરીકે અસ્તિત્વમાં આવી મંડળીની સ્થાપના જગા મુકામે કરવામાં આવેલી હતી. આ મંડળી ઓપરેશન ફ્લડ કાર્યક્રમ હેઠળ અસ્તિત્વમાં આવી હતી.


cencus 2011 પ્રમાણે67 ટકાથી પણ વધુ રમી બનાસકાંઠા જિલ્લામાં કૃષિ અને આધારિત પ્રવૃત્તિમાં સંકળાયેલા છે. આ બાબત દર્શાવે છે કે બનાસકાંઠા જિલ્લામાં વસતીનો મોટો ભાગ તે કૃષિ અને તેને આધારિત રોજગારી મેળવી રહ્યો છે. જો આદિવાસી તાલુકા ની વાત કરીએ તો અમીરગઢ અને દાતા તાલુકામાં આ વસ્તી પ્રમાણે 70 ટકા જેટલું થાય છે. આદિવાસી તાલુકાઓ પૈકીના 70 ટકા કે તેથી પણ વધુ વસ્તી કૃષિ અને તેને સંલગ્ન વ્યવસાય માંથી રોજગારી મેળવતી હોય તો આદિવાસીઓનો વિકાસ આ ક્ષેત્રના વિકાસ થકી જ સંભવ બને બનાસકાંઠાના અમીરગઢ દાંતા તાલુકા ડુંગરાળ અને પથ્થર વાળી જમીન ધરાવે છે વળી ભાઈનો મોટાભાગનું પ્રદેશ જંગલ પ્રદેશ જેથી અહીં કૃષિ ના વિકાસની શક્યતાઓ મર્યાદિત રહે છે તેથી આ તાલુકામાં જો પ્રાથમિક ક્ષેત્ર એટલે કે કૃષિ અને આધારિત પ્રવૃત્તિઓનો વિકાસ કરવો હોય તો તેનું એકમાત્ર વિકલ્પ તે પશુપાલનમાં પ્રગતિ કરવાનું છે. જો બનાસકાંઠા જિલ્લાની પશુપાલન પ્રવૃત્તિ વેગવંતી બને તો આદિવાસી તાલુકાઓમાં પણ પશુપાલન પ્રવૃત્તિ તેના પ્રમાણસર અવંતી બને. આદિવાસી તાલુકાઓની ભૂગોળ ને અનુરૂપ દૂધાળા જાનવર અને તેની પ્રજાતિઓ વિકસાવવામાં આવે તો હાલ તાલુકામાં પશુપાલન પ્રવૃત્તિ વેગવંતી બની અને જીવન નિરવા નો વધુ સારું વિકલ્પ મળતા આદિવાસી જીવન સ્તર સુધરે બેબી ભરપૂર શક્યતાઓ છે.




*Source: Based on Census of India (2011), Database of Animal Husbandry Office, Banaskantha (2011)* District Human development Report, Banash kahtha District. GSIDS, Government of Gujarat




Cencus-2011 અનુસાર જિલ્લાની શ્રમ શક્તિના ૬૬ ટકા લોકો પશુપાલન અને કૃષિ સાથે સંકળાયેલા છે પ્રાથમિક ક્ષેત્ર સાથે સંકળાયેલા આ લોકો પૈકીના અમીરગઢ તાલુકામાં લગભગ 84% અને દાંતા તાલુકામાં લગભગ ૭૫ ટકા જોડાયેલા છે. આદિવાસીઓનો આર્થિક ઉત્કર્ષ કરવો હોય તો તેની મુખ્ય શરત એ છે કે આદિવાસી વસ્તી જે પ્રાથમિક ક્ષેત્ર સાથે સંકળાયેલી છે તે પ્રાથમિક ક્ષેત્ર વિકાસ કરવો બીજા શબ્દોમાં કહીએ તો કૃષિ અને પશુપાલન જેવી પ્રાથમિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા આ સમુદાયને કૃષિ, પશુપાલન અને અન્ય કૃષિ આધારિતપ્રાથમિક પ્રવૃત્તિઓના વિકાસ થકી તેમના જીવનધોરણમાં સુધારો કરી શકાય

Developments in Agricultural Activities

### ૩.૬ જિલ્લામાં કૃષિ આધારિત પ્રવૃત્તિઓનો વિકાસક્રમ:

આદિવાસી સમાજની આર્થિક ઉન્નતિનો એક મોટો સ્રોત સહકારી પ્રવૃત્તિમાં રહેલો છે તેમ ઘણા નિષ્ણાતો માને છે. સહકારી પ્રવૃત્તિના વિકાસ થાય તે માટે સરકાર ગણેશ પ્રવૃત્તિ છે. અમીરગઢ અનેરા તાલુકામાં સહકારી પ્રવૃત્તિ કૃષિ ક્ષેત્ર માં કૃષિ ધિરાણ મંડળી તથા શાકભાજી અને ફળફળાદી સંબંધિત મંડળી સ્વરૂપની જોવા મળે છે આ ઉપરાંત કૃષિ સંબંધિત મંડળીઓ પણ પ્રમાણમાં જોવા મળે છે આ અંગેની માહિતી નીચેના ટેબલમાં દર્શાવેલી છે તેમાં જોઈ શકાય છે કે 2003 માં કૃષિ ધિરાણ મંડળીઓ હતી તેના કરતા 2011માં કૃષિ ધિરાણ મંડળી માં માત્ર માત્ર એક મંડળીનો ઉમેરો થયો છે આ જ પ્રમાણે કૃષિ ધિરાણ મંડળીઓ ના સભાસદોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો નથી. બનાસકાંઠા જિલ્લાની માહિતી સાથે જો સરખામણી કરવામાં આવે તો સ્પષ્ટપણે કહી શકાય કે આદિવાસી તાલુકાઓમાં સહકારી પ્રવૃત્તિ અત્યંત અલ્પ પ્રમાણમાં છે. આદિવાસી તાલુકામાં સહકારી પ્રવૃત્તિઓ ના વિકાસ થકી આદિવાસીઓનું આર્થિક વિકાસ થાય તે અંગે અહીં ખૂબ મોટા પ્રમાણમાં શક્યતાઓ રહેલી છે. અગાઉની માહિતીમાં જણાવ્યું તેમ આદિવાસીઓનો વિકાસ બનાસકાંઠા જિલ્લામાં કૃષિ અને તેને સંબંધિત પશુપાલન જેવા ક્ષેત્રોના વિકાસ થકી વિશાળ સંભાવના દર્શાવે છે. તેથી એમ કહી શકાય કે કૃષિ અને સંબંધિત ક્ષેત્રમાં જો સહકારી પ્રવૃત્તિ વિકાસ પામે તો આ પ્રદેશના આદિવાસી તાલુકાઓ અમીરગઢ અને દાતાની આર્થિક ઉન્નતિને એક નવો જ વિકલ્પ પ્રાપ્ત થાય. નીચે આપેલી માહિતી પશુપાલન અને તેને સંબંધિત આર્થિક પ્રવૃત્તિઓમાં સહકારી પ્રવૃત્તિ કેટલા પ્રમાણમાં આદિવાસી તાલુકામાં સફળ થઇ છે તે અંગેની છે.

| Taluka / District | Agricultural Credit | | | | Vegetables and Fruits | | | | Agriculture Related | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Societies | | Members | | Societies | | Members | | Societies | | Members | |
| Amirgadh | 17 | 19 | 7532 | 7740 | 1 | 1 | 80 | 115 | 3 | 3 | 126 | 160 |
| Danta | 18 | 24 | 10620 | 11808 | 1 | 1 | 80 | 115 | 0 | 0 | 0 | 0 |
| Banaskantha | 873 | 1314 | 207911 | 226074 | 186 | 180 | 10501 | 10243 | 71 | 186 | 3190 | 9746 |

*Source: Computed from database of District Statistics Office, Banaskantha (2003-11)* District Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat

### ૩.૭ આદિવાસી તાલુકાઓમાં પશુપાલન પ્રવૃત્તિ અને તેમાં સહકારિતા:

Developments in Animal Husbandry

| Taluka / District | Animal Husbandry | | | | Milk Cooperatives | | | | Milk Collection (Lakh Litres) | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Societies | | Members | | Societies | | Members (in 000) | | | |
| Danta | 2 | 2 | 136 | 135 | 87 | 113 | 14.69 | 22.68 | 1.68 | 333.06 |
| Palanpur & Amirgadh | 9 | 9 | 432 | 625 | 173 | 214 | 41.95 | 55.94 | 6.48 | 1254.03 |
| Banaskantha | 192 | 276 | 11832 | 17286 | 1031 | 1347 | 171.48 | 295.52 | 30.36 | 6746.46 |

*Source: Computed from database of District Statistics Office, Banaskantha (2006-11)* Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat

નીચેના ટેબલમાં બનાસકાંઠા જિલ્લાના આદિવાસી તાલુકા એવા અમીરગઢ અને દાતા ની માહિતી આપેલ છે જોકે અહીં અમીરગઢ ને અલગથી ન દર્શાવાતા અમીરગઢ અને પાલનપુર સંયુક્ત રીતે દર્શાવેલ છે માહિતીનો અભ્યાસ કરતા જ જાણવા મળે છે કે, આદિવાસી તાલુકો પિકીના અમેરિકા અને પાલનપુરમાં પશુપાલન મંડળીઓ ની સંખ્યા 2006 થી 2011 ના વર્ષમાં કોઈપણ પ્રકારનો ફેરફાર પામી નથી. આ માહિતીની તુલનામાં જિલ્લા સાથે કરવામાં આવે તો જણાશે કે જિલ્લામાં આ જ સમય દરમિયાન લગભગ ચાલીસ ટકા જેટલી નવી મંડળી અસ્તિત્વમાં આવી હતી એ જ પ્રમાણે સભાસદોની સંખ્યા પણ મોટા પ્રમાણમાં ફેરફાર પામી હતી. ટેબલ ની બીજી માહિતી અનુસાર દૂધ મંડળીઓની સંખ્યા આ સમય દરમિયાન આદિવાસી તાલુકાઓમાં પ્રમાણમાં વધારો દર્શાવે છે. દાતા તાલુકામાં વર્ષ 2006માં ૮૭ દૂધ મંડળીઓ હતી જે વધીને વર્ષ 2011માં ૧૧૩ થઈ હતી. આ જ પ્રમાણે તેની સભાસદોની સંખ્યા પણ ટીક પ્રમાણમાં વધી હતી આ જ પ્રમાણે વધારો પાલનપુર અને અમીરગઢ તાલુકામાં પણ નોંધાયો હતો બંને પ્રદેશમાં આદિવાસીઓ દ્વારા રચાયેલી દૂધ મંડળી ઘણા મોટા પ્રમાણમાં અસ્તિત્વમાં આવી જે એક આવકાર્ય બાબત છે. દાતા તાલુકામાં 31 કરાયેલું દૂધ ની માહિતી જોઈએ સ આ મંડળીઓ દ્વારા ખુબ જ ટૂંકા ગાળામાં અત્યંત તીવ્ર ગતિએ સહકારી પ્રવૃત્તિ દ્વારા એકત્રિત કરાયેલું દૂધનું પ્રમાણ વધ્યું છે. જોકે આ સમયગાળા દરમિયાન સંપૂર્ણ જિલ્લામાં સહકારી પ્રવૃત્તિ દ્વારા એકત્રિત કરાયેલ દૂધનું પ્રમાણ તીવ્ર ગતિએ વધ્યું છે.

કૃષિ અને પશુપાલન સંબંધિત કાર્યક્રમો અને નીતિ તથા તેમાં આદિવાસી આર્થિક વિકાસ ની સંભાવના:

| નીતિ/ કાર્યક્રમ | નીતિ/ કાર્યક્રમની ટૂંકમાં સંબંધિત માહિતી |
|---|---|
| National Agriculture Insurance Scheme<br>રાષ્ટ્રીય કૃષિ (પાક) વીમા યોજના | જાહેર કરવામાં આવેલ પાક ઉત્પાદનને કુદરતી આપત્તિ રોગચાળો કે અન્ય પાક નિષ્ફળતાના સંજોગોમાં વિમાન નુ રક્ષણ કવચ પુરુ પાડવામાં આવે છે. આદિવાસીઓની આર્થિક સક્ષમતા અન્ય સમૂહ કરતા નીચી જણાય છે જેથી તેમને ઉપરોક્ત વીમાકવચ માં હજુ પણ સવિશેષ રક્ષણ મળે તે ઇચ્છનીય છે. |
| ખેડૂત અકસ્માત વીમો | અકસ્માતના સંજોગોમાં મૃત્યુ કે શારીરિક અક્ષમતા આવે તો વારસદારોને નાણાકીય સહાય પુરી પાડવામાં આવે છે. ઉપરોક્ત કિસ્સામાં પણ કહી શકાય કે ગરીબી જ્યાં વધુ કેન્દ્રીકૃત થઈ છે તેવા આદિવાસી સમુદાયમાં આ પ્રકારની પારિવારિક રક્ષણાત્મક કવચ ની તુલનાત્મક રીતે વધુ જરૂરિયાત છે. |
| ટેકાના ભાવે કૃષિ ઉત્પાદનો ખરીદવા માટેની યોજના | આ યોજના અંતર્ગત ન્યૂનતમ ટેકાનો ભાવ જાહેર કરીને કૃષિ પાકોને પ્રોત્સાહિત કરવાની નીતિ છે જેમાં કપાસ અને પસંદગીના કઠોળ પાક માટે વધારાનું પ્રોત્સાહન પણ આપવામાં આવે છે. |

| | |
|---|---|
| ખેડૂત તાલીમ કેન્દ્ર નો પ્રોગ્રામ | કૃષિ સાથે સંકળાયેલા સર્વને જ્ઞાન તાલીમ અને સેવા મળી રહે જેના થકી કૃષિ અને સલગ્ન પ્રવૃત્તિઓમાં ઉત્પાદકતા વધે અને આવક વધે તે માટેની આ યોજના છે. આદિવાસી સમાજને તુલનાત્મક રીતે કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માં આધુનિકતા નો અનુભવ ઓછો છે, જો આદિવાસી સમાજને આ પ્રકારના આયોજન 26 અગ્રતા મળે આ સંદર્ભમાં વધુ સારા પરિણામો ને અવકાશ રહેલો છે. |
| જમીન અને પાણી પરીક્ષણ માટે ની પ્રયોગશાળા | તમામ ખેડુતોને જમીનની ગુણવત્તા અંગેની માહિતી મફત મળી રહે તે માટે આ યોજના છે. આ યોજના અંતર્ગત જમીન અને રાસાયણિક ખાતર ભવિષ્યમાં કેવી રીતે ઉપયોગમાં લેવા તે અંગે ના આયોજનની માહિતી પણ પુરી પાડવામાં આવી છે. આ યોજના સર્વે ખેડૂતો માટે મફત યોજના છે પરંતુ આ યોજના વધુમાં વધુ આદિવાસી ખેડૂતોમાં પ્રચાર પ્રસાર થાય અને લોકપ્રિય બને જેથી કરીને આદિવાસી ખેતી ની ગુણવત્તા સવિશેષ બને તે માટેના પ્રયત્નો ને અવકાશ છે. |
| એ.જી.આર-3 આદિવાસી એરિયા માટેનો, આદિવાસી સબ-પ્લાન અંતર્ગત કૃષિને પ્રોત્સાહન કરવા માટેનો કાર્યક્રમ | કૃષિ પાકોમાં ઉત્પાદન અને આવક વધારવા માટે આદિવાસી ખેડૂતોને મદદ પૂરી પાડવી. આ કાર્યક્રમ અંતર્ગત સુધારેલ બિયારણ, રાસાયણિક ખાતર, જૈવિક ખાતર, સેન્દ્રીય ખાતર, પાક બચાવવા માટેના સાધનો, બળદ ગાડા વગેરે પૂરા પાડવામાં આવે છે. આજ યોજના અંતર્ગત કુવા બનાવવા, ડીઝલ પંપ, ઇલેક્ટ્રિક મોટર નો પંપ સેટ અને પાઇપલાઇન માટે સબસીડી પૂરી પાડવામાં આવે છે. જી એસ આઇ ડી એસ, ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ કરાયેલ બનાસકાંઠા જિલ્લા માનવ વિકાસ અહેવાલ માં નોંધવામાં આવ્યું છે કે એ.જી.આર-3 અને એ.જી.આર-2 યોજનાઓમાં હજુ વધારે જાગૃતિ અને પ્રયત્નો દ્વારા જિલ્લાની આદિવાસી ખેતીને પ્રોત્સાહિત કરવાની ક્ષમતા છે. |

*Source: Compiled from database of Directorate of Agriculture, Gujarat (2011)*

Other schemes and programs for agriculture sector are: Rastriya Krushi Vikash Yojna(RKVY), National Food Security Mission (NFSM), AGR-5 (Technology Mission on Cotton), AGR- 6 (Technology Mission on Oilseeds, Pulses & Maize), AGR-9(Work Plan – Macro Management), AGR-17(National Project on Organic Farming), AGR-18(AGRISNET), Kisan Credit Card, etc.

Human development Report, Banashkahtha District. GSIDS, Government of Gujarat

### ૩.૮ પશુપાલન ક્ષેત્ર સાથે સંકળાયેલ લોકો માટેની યોજનાઓ અને કાર્યક્રમો.

| Schemes / Programs | Brief Details of Schemes / Programs |
|---|---|
| પશુ વિકાસ માટે પ્રોત્સાહનનો કાર્યક્રમ | દેશી ગાયો/ ભેંસો અને શંકર ગાયો/ ભેંસો ની જાત ને સંવર્ધિત કરવા અને જાળવી રાખવા માટે જુદી જુદી સુવિધાઓ પૂરી પાડવી. આ યોજના અંતર્ગત ઉચ્ચ ઓ લા દ ના નળ જાનવર ને ઉછેરીને વિવિધ સંસ્થાઓને નજીવા દરે પુરા પાડવા. |
| સંકલ્પ પાત્ર યોજના | ગ્રામીણ પ્રદેશોમાં વિવિધ પશુ મેળા દ્વારા પશુ તબીબ જરૂરિયાત ને લગતી વિવિધ સુવિધાઓ પૂરી પાડવી. આ યોજના અંતર્ગત પશુઓના વૈજ્ઞાનિક સાર સંભાળ અંગેની માહિતી પશુપાલકોને પૂરી પાડવામાં આવે છે. |
| રાષ્ટ્રીય સાંઠ ઉછેર કાર્યક્રમ | આદિવાસી વિસ્તારમાં પરંપરાગત પશુપાલન પ્રવૃત્તિ મોટા પ્રમાણમાં અમલમાં હોય. આધુનિક પશુપાલન પ્રવૃત્તિ દ્વારા તેમાં ઉત્પાદકતા ને વધારવાનું ખૂબ બહોળા પ્રમાણમાં અવકાશ રહેલો છે. વૈજ્ઞાનિક અભિગમ દ્વારા પશુપાલન પ્રવૃત્તિ આદિવાસીઓની આજીવિકામાં આમૂલ પરિવર્તન લાવી શકે તેમ છે. |
| વ્યાજ અનુદાન યોજના | ગીર અથવા કાંકરેજ ગાય કે મહેસાણા સુરતી અને જાફરાબાદી ભેંસો ના વાડા ઉભા કરવા માટે જો લોન લેવામાં આવી હોય તો ૧૨ ટકા સુધીના વ્યાજદરને 0 કરે એટલું દાન ૧ થી ૪ દૂધાળા ઢોર માટે તે જ પ્રમાણે પાંચ થી ૪ દૂધાળા ઢોર માટે 12% સુધીના વ્યાજ દર વાળી લોન વ્યાજની 75% રકમ કનુ દાન પેટે આપવામાં આવે છે. આદિવાસી તાલુકામાં જ્યાં પશુપાલકો પહેલાથી જ એવામાં સપડાયેલા હોય તેવા કિસ્સાઓમાં આ પ્રકારની વ્યાજ અનુદાન માટેની યોજના આદિવાસીઓને પશુપાલન પ્રવૃત્તિ તરફ દોરી જાય છે. વ્યાજ રકમ માટેનું અનુદાન તેમના અન્ય દેવાની પણ પુન:ચુકવણી કરવામાં મદદરૂપ બની શકે છે. |
| પશુધન અને ઘાસ-ચારા વિકાસ કાર્યક્રમ | ઘાસચારાની ફાળવણી, ઘાસચારા બિયારણ ઉછેર માટેની સબસીડી યોજના વિવિધ સામાજિક સમૂહ માટે તથા આદિવાસી બી.પી.એલ કુટુંબ માટે. પશુપાલન પ્રવૃત્તિના આધુનિકરણ માટે ઓલાદ સુધારણા કાર્યક્રમ જેટલું અગત્યનો છે એટલો જ અગત્યનો કાર્યક્રમ સુધારેલી ઓલાદો ને અનુકૂળ એવા ઘાસચારા અને દાળ પૂરા પાડવાનો કાર્યક્રમ જરૂરી છે. આદિવાસી વિસ્તારોમાં વૈજ્ઞાનિક પશુપાલન પ્રકૃતિ વિકાસ પામે અને આ પ્રવૃત્તિ બધું ઉત્પાદક સાબિત થાય તે માટે આ પ્રકારના કાર્યક્રમો અત્યંત અનિવાર્ય છે. આવા કાર્યક્રમ થકી વૈજ્ઞાનિક પદ્ધતિસરનું પશુપાલન ગરીબ અને અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં પણ શક્ય બને તેવી શક્યતાઓ બનાસકાંઠા જિલ્લામાં |

| | |
|---|---|
| | વિપુલ પ્રમાણમાં રહેલી છે. |
| સબસીડી માટે ની યોજનાઓ | આદિવાસી પશુપાલકોને આ યોજના અંતર્ગત ઘાસચારો કાપવા માટે ચક્રીય સંચો, મરઘા બતકા ઉછેર કેન્દ્ર, સસલા ઉછેર કેન્દ્ર વગેરે માટે નાણાકીય સહાય પૂરો પાડવામાં આવે છે. આ પ્રકારની સહાય દ્વારા આદિવાસીઓમાં રોજગારીના વૈકલ્પિક સ્રોત નિર્માણ થઈ શકે તેમ છે. |

*Source: Compiled from database of Directorate of Animal Husbandry, Gujarat (2011)* Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat

આ ઉપરાંત માં જિલ્લામાં પશુપાલન ક્ષેત્ર માટે અન્ય ઘણી યોજનાઓ કાર્યાન્વિત છે જેમકે: પશુધન સ્વાસ્થ્ય યોજના, પશુ મરકી ના નિર્મૂલન માટે ના કાર્યક્રમ, ડેરી વિકાસ કાર્યક્રમ, ઘેટા બકરા વિકાસ કાર્યક્રમ, ઘનિષ્ઠ ડેરી વિકાસ કાર્યક્રમ(IDDP), ગુણવત્તાયુક્ત અને શુદ્ધ દૂધ ઉત્પાદન માટે પાયાની સુવિધાઓ મજબૂત કરવાનો પ્રોગ્રામ, સહકારી ડેરી/ મરઘા બતકા ને લગતી સહાય યોજના, પ્રાણીઓના રોગોને રોકવા માટેનો કાર્યક્રમ, પશુઓને જે પ્રજાપતિ નિર્મૂલન ભય ધરાવે છે તેવી પ્રજાતિને સંરક્ષણ માટે નો કાર્યક્રમ, જે અંતર્ગત ડુક્કર, સસલા વગેરે જેવા પ્રાણીઓ માટે ના પ્રોગ્રામ હાથ ધરવામાં આવે છે. આદિવાસી વિસ્તારોમાં આ પ્રકારના બિન પરંપરાગત એટલે કે રાજ્ય કે પ્રદેશના અન્ય ક્ષેત્રોમાં તુલનાત્મક રીતે વધુ પ્રચલિત ન હોય તેવા પ્રાણીઓ ઉછેર માટેની અલાયદી યોજના દ્વારા પ્રદેશનો આર્થિક કાયાકલ્પ શક્યતાઓથી ભરેલ છે.

### 3.૯ બનાસકાંઠા ના આદિવાસી તાલુકામાં શહેરી અને ગ્રામીણ ક્ષેત્રમાં સાક્ષરતા પ્રમાણ(Census-2001-2011)

| | Literacy Rate 2001 | | | Literacy Rate 2011 | | |
|---|---|---|---|---|---|---|
| Taluka/District | Rural | Urban | Gap | Rural | Urban | Gap |
| Amirgadh | 34.87 | | | 50.85 | | |
| Danta | 44.86 | 77.05 | 32.19 | 62.05 | 78.39 | 16.34 |
| Banaskantha | 47.91 | 74.55 | 26.64 | 62.91 | 80.38 | 17.47 |

*Source: Based on Census of India (2001, 2011)* Human development Report, Banashkahtha District. GSIDS, Government of Gujarat

બનાસકાંઠા તાલુકાના આદિવાસી તાલુકો અમીરગઢ અને દાંતામાં 2001માં સાક્ષરતા પ્રમાણ અનુક્રમે ૩૫ ટકા અને દાંતામાં ૪૫ ટકા ગ્રામિણ ક્ષેત્રમાં જણાવ્યું હતું. અહીં ઉલ્લેખનીય છે કે અમીરગઢ તાલુકા માટે શહેરી વસ્તી અસ્તિત્વ ધરાવતી ન હોવાથી શહેરી વસ્તી માટેના સાક્ષરતા પ્રમાણ ના આંકડા ઉપલબ્ધ નથી. દાતા તાલુકામાં શહેરી વસ્તીમાં સાક્ષરતાનું પ્રમાણ લગભગ 70 ટકા હતું જે જિલ્લા ની સરેરાશ કરતા વધુ હતું. જિલ્લાની સરેરાશ ગ્રામીણ પ્રદેશ સાથે તુલના કરવામાં આવે તો જણાશે કે બનાસકાંઠા જિલ્લામાં જ્યાં ગ્રામ્ય પ્રદેશમાં ૪૮ ટકા

જેટલી વસ્તી સાક્ષર છે જ્યારે દાતા તાલુકામાં તે પ્રમાણે માત્ર ૪૫ ટકા છે. વર્ષ ૨૦૧૧માં આ પરિસ્થિતિમાં સુધારો થઇ ને ગ્રામીણ પ્રદેશ માટે જિલ્લા ની સરેરાશ અને આદિવાસી તાલુકાની સાક્ષરતા વસ્તી લગભગ એક સમાન એટલે કે બંને જગ્યાએ 63% જણાઈ હતી. આદિવાસી વસ્તી માં સાક્ષરતાનું પ્રમાણ માં નોંધપાત્ર વધારો કરીને તેમના આર્થિક વિકાસને વેગવંતુ બનાવી શકાય. આ પાછળનું તર્ક એવો છે કે જેમ સાક્ષરતાનું પ્રમાણ વધે છે ત્યારે લોકોને જીવન પ્રત્યેનો અભિગમ બદલાય છે અને વધુ સારું જીવન વધુ સારી ઉત્પાદકતા હાંસલ કરીને વધુ સારું વપરાશ પર મેળવી હાંસલ કરવા તરફ પ્રયત્નો અગ્રેસર થાય છે. નિષ્ણાતો દ્વારા હંમેશા કહેવાતું રહ્યું છે કે જ્યારે લોકોને સાક્ષરતા પ્રમાણ વધે છે ત્યારે લોકોનું જીવન સ્તર અને માનવ વિકાસ સ્તર સુધરતું જાય છે. ચર્ચાને અંતે કહી શકાય કે આદિવાસીઓનો આર્થિક વિકાસ કરવો હોય તો તેની પાયાની શરત તે તેમની સાક્ષરતા છે સાક્ષરતાના પરિણામ સ્વરૂપ તેમની આંતરિક શક્તિઓ વિકાસ પામે અને તેમની ક્ષમતાઓ વિસ્તરે.


**Category Wise Students Enrolment in Banaskantha (2013-14)**


| Taluka/District | SC Enrolment | | ST Enrolment | | OBC Enrolment | | Total Enrolment | |
|---|---|---|---|---|---|---|---|---|
| | % Boys | % Girls | % Boys | % Girls | % Boys | % Girls | % Boys | % Girls |
| Amirgadh | 53.91 | 46.09 | 53.75 | 46.25 | 56.21 | 43.79 | 54.49 | 45.51 |
| Danta | 52.58 | 47.42 | 51.84 | 48.16 | 53.54 | 46.46 | 52.54 | 47.46 |
| Banaskantha | 53.82 | 46.18 | 54.28 | 45.72 | 54.95 | 45.05 | 54.59 | 45.41 |

*Source: Computed from Gujarat Council of Elementary Education (SSA), Gandhinagar (2014)*
Human development Report, Banashkahtha District. GSIDS, Government of Gujarat

**Taluka Wise Student-Class Ratio and Pupil-Teacher Ratio (2013-14)**

| Students per Class | Pupil per Teacher |
|---|---|




*Source: Based on database of Gujarat Council of Elementary Education (SSA), Gandhinagar*

*(2014)* Human development Report, Banashkahtha District. GSIDS, Government of Gujarat

માનવીય ક્ષમતાઓ ના વિસ્તરણમાં સાક્ષરતા પ્રાથમિક પગથિયું છે. દ્વિતીય પગથિયા તે પ્રાથમિક શિક્ષણ છે. પ્રાથમિક શિક્ષણમાં તથા માધ્યમિક શિક્ષણમાં વિદ્યાર્થી દીઠ શિક્ષકોને વ્યક્તિગત ધ્યાન વધુ અનિવાર્ય છે. આદિવાસી તાલુકાઓમાં જ્યાં કુટુંબમાં સાક્ષરતા પ્રમાણ નીચું છે તેવા કુટુંબના બાળકો ને શિક્ષકો દ્વારા વધારે પ્રયત્ન આવકાર્ય છે. બીજા શબ્દોમાં કહીએ તો આદિવાસી તાલુકાઓમાં જો શિક્ષણ દીઠ બાળક સંખ્યા નીચી હોય તો શિક્ષકો આદિવાસી બાળકોને વ્યક્તિદીઠ વધારે ધ્યાન આપી વધારે કેળવી શકે નીચેની આંકડાકીય માહિતી ગુજરાત રાજ્ય બનાસકાંઠા જિલ્લો અને બનાસકાંઠા જિલ્લાના તાલુકાવાર આંકડા છે જેની તુલના કરતા જણાય છે કેઆદિવાસીઓમાં શિક્ષક વિદ્યાર્થી પ્રમાણ કોઇ ભિન્નતા ધરાવતું નથી. વાસ્તવમાં આદિવાસી તાલુકામાં શિક્ષકોની ભૂમિકા નોંધપાત્ર હોય ત્યાં શિક્ષકો નું પ્રમાણ વધારીને આદિવાસી બાળકોને શિક્ષણ અભિમુખ કરી શકાશે. શિક્ષણ અભિમુખ થયેલી આ પેઢી વિકાસની હરણફાળ ભરવા માટેની પ્રાથમિક શરત છે. આ આ સંદર્ભમાં અહીં નોંધવું જણાશે કે રાજ્ય અને જિલ્લા ની સરેરાશ કરતા આદિવાસી તાલુકો શિક્ષણ બાળક ની સંખ્યા ઘટાડી શિક્ષકોને આદિવાસી બાળક દીઠ વધુ ભણતર ભાથું મળે તે માટે પ્રયત્ન આવકાર્ય છે.

### ૩.૧૦ બનાસકાંઠા જિલ્લાના આદિવાસી પ્રદેશમાં શિક્ષણ માટેની માળખાગત સુવિધાઓ અને શાળામાં પ્રાપ્ય સવલતો (Infrastructure and Amenities in Schools of Tribal Area)

બનાસકાંઠા જિલ્લાના આદિવાસી તાલુકા અમીરગઢ અને દાતા માટે જ્યાં શિક્ષક અનિવાર્ય છે ત્યાં શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે શિક્ષણની પાયાની જરૂરિયાત એટલી જ અગત્યતા ધરાવે છે. નીચેની આંકડાકીય માહિતી બનાસકાંઠા જિલ્લાના આદિવાસી પ્રદેશમાં શિક્ષણ માટેની માળખાગત સુવિધાઓ અને શાળામાં પ્રાપ્ય સવલતો દર્શાવતી છે.

અમીરગઢ તાલુકામાં લગભગ 40% ગામ એવા છે જ્યાં માત્ર પ્રાથમિક સ્કૂલ આવેલી છે આ પ્રમાણ દાતા તાલુકામાં લગભગ બાવન ટકા છે. આ શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ જેવીકે વિદ્યાર્થીનીઓ માટે અલાયદો બાથરૂમ અને શાળામાં વીજળીકરણ લગભગ પૂર્ણ થયેલ છે. પીવાના પાણીની સુવિધા આ તાલુકામાં લગભગ તમામ શાળાઓમાં ઉપલબ્ધ છે તે અંગેની માહિતી સરકારી નોંધણીમાં સુવિધાઓની પ્રાપ્યતા ની બાબતમાં અહીં કોઈ ઘટના નથી પરંતુ વીજળીનો પુરવઠો અને વિદ્યાર્થીઓ માટે નું બાથરૂમ જો સમગ્ર વર્ષ દરમિયાન આવતું હોય તો જ તેના યોગ્ય પરિણામ મળી શકે. બાથરૂમ ઉપયોગમાં ન આવી શકે તેવું ગંદુ હોય અથવા તો બંધ હોય અથવા તાળું મારેલું હોય તેજ પ્રમાણે વીજળીનો પુરવઠો નિરંતર ન હોય તો આ પ્રક્રિયા તા યોગ્ય પરિણામ આપી શકે નહીં. અંતરિયાળ આદિવાસી તાલુકાઓમાં આ પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે જેથી આ પ્રકારની સુવિધાઓ યોગ્ય પરિણામ આપવામાં નિષ્ફળ

રહે છે. આદિવાસી તાલુકાઓમાં પ્રાપ્ય આ સુવિધાઓ નિરંતર ઉપયોગમાં આવે તેનું સતત નિરીક્ષણ અને મૂલ્યાંકન ઈચ્છનીય છે.

| | | | |
|---|---|---|---|
| | Only primary schools: 39.64% | | Only primary schools: 52.50% |
| | Primary/U. Primary schools: 58.56% | | Primary/U. Primary schools: 46.25% |
| Amirgadh | Schools with separate girls toilet: 100% | Danta | Schools with separate girls toilet: 99.60% |
| | Schools with electricity: 100% | | Schools with electricity: 100% |
| | Schools with computers: 84.21% | | Schools with computers: 54.22% |
| | Schools with bookbank: 94.74% | | Schools with bookbank: 84.34% |
| | Schools without drinking water: 100%) | | Schools without drinking water: 100% |

*Source: Field Survey, Amirgadh, Danta (2014)* Human development Report, Banashkahtha District. GSIDS, Government of Gujarat

અમીરગઢ તાલુકામાં લગભગ ૮૪ ટકા અને દાતા તાલુકામાં લગભગ 54% સ્કૂલ કોમ્પ્યુટર ધરાવે છે. અમીરગઢ તાલુકામાં લગભગ ૯૫ ટકા અને દાતા તાલુકામાં લગભગ 84% સ્કૂલ બુક બેંક ધરાવે છે. આદિવાસી તાલુકો અલાયદી જરૂરિયાતને ધ્યાનમાં લેતા આ પ્રમાણ વધુ ને વધુ વિકાસ પામે તે ઈચ્છનીય છે.

બનાસકાંઠા જિલ્લામાં શાળા પ્રાપ્તિ અને મધ્યાહ્ન ભોજન યોજના( 2013-14)

**Access to School and Mid Day Meal in Banaskantha (2013-14)**

| Taluka / District | % of schools with distance from CRC | | | | Status of Mid Day Meal Provision | |
|---|---|---|---|---|---|---|
| | < 1 KM | 1-5 KM | 5-10 KM | > 10 KM | In School | Outside |
| Amirgadh | 9.65 | 43.86 | 28.95 | 17.54 | 100.00 | 0.00 |
| Danta | 9.24 | 51.41 | 29.32 | 10.04 | 99.03 | 0.97 |
| Banaskantha | 9.95 | 51.02 | 33.50 | 5.54 | 98.96 | 1.04 |

*Source: Computed from Gujarat Council of Elementary Education (SSA), Gandhinagar (2014)* Human development Report, Banashkahtha District. GSIDS, Government of Gujarat

બનાસકાંઠાના આદિવાસી તાલુકાઓમાં અમીરગઢ અને દાતા માં સી.આર.સી થી શાળા નું અંતર એક કિલોમીટર કરતાં ઓછું હોય તેવી શાળાઓ નું પ્રમાણ લગભગ ૬૦ ટકા છે. તેથી પાંચ કિલોમીટર અંતર હોય તેવી શાળાઓ લગભગ ૪૪ ટકા છે. 5 થી 10 કિલોમીટર આંતર ધરાવતી હોય તેવી શાળાઓ નું પ્રમાણ લગભગ ૨૯ ટકા છે બાકી રહેલી 17.5 ટકા કાળ 10 કિલોમીટર કરતા વધારે અંતર ધરાવે છે. આ પ્રમાણ દાંતા તાલુકા માટે અનુક્રમે 9.24,51,29,10 ટકા જેટલી છે. અહીં ઉલ્લેખનીય બાબત છે કે આ પ્રમાણ જિલ્લા ની સરેરાશ સાથે કોઈ ખાસ તફાવત ધરાવતું નથી. મધ્યાહ્ન ભોજન યોજના પરિસ્થિતિ બનાસકાંઠા જિલ્લામાં લગભગ એક ટકા શાળાઓમાં કાળી બહાર મધ્યાહ્ન ભોજન દ્વારા ભોજન આપવામાં આવે છે. પરંતુ આદિવાસી તાલુકાઓમાં આ પ્રમાણ અમીરગઢ માટે શૂન્ય છે આનો અર્થ એ છે કે તમામ શાળાઓમાં શાળાની અંદર જ મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત જમણા માટે ભોજન આપવામાં

આવે છે. આ બાબત આદિવાસી વિકાસ માટે અત્યંત આવશ્યક છે. આ પ્રમાણ દાતા તાલુકા માટે થોડું ચિંતાજનક છે કારણકે અહીં લગભગ એક ટકા શાળાઓ મધ્યાન ભોજન યોજના અંતર્ગત શાળાની બહાર ભોજન કરાવે છે. આદિવાસી વિસ્તારોમાં સ્થાનિક રુચિ અને પસંદ અનુસાર મધ્યાહ્ન ભોજન યોજના અમલમાં આવે તો સ્થાનિક વિદ્યાર્થીઓ વધારે ઉપયોગ કરશે જેના આવનારા સમયમાં સારા પરિણામ મળવા આશા રાખી શકાય.

આદિવાસી તાલુકામાં શિક્ષણ ક્ષેત્રે કાર્યરત યોજનાઓ અને કાર્યક્રમ નીચે મુજબ ચર્ચા કરેલ છે. અહીં ઉલ્લેખનીય છે કે આદિવાસી તાલુકાઓમાં તેમની સ્થાનિક વૈવિધ્યસભર જરૂરિયાતો અને પસંદગી અનુરૂપ યોજના અને કાર્યક્રમ હશે તો તેના પરિણામો વધુ ફળદાયી હોવા અંગે ધારણા બાંધી શકાય.

### ૩.૧૧ જીલ્લામાં સિક્ષન વિકાસ માટેની યોજનાઓ

### Schemes and Programs for Education

| યોજના અને પ્રોગ્રામ | યોજના અને કાર્યક્રમની ટુંકી વિગત/ માહિતી |
|---|---|
| સર્વ-શિક્ષા અભિયાન | જે સ્થળ ઉપર શાળા નથી ત્યાં શાળા નિર્માણ કરવું, જ્યાં શાળા છે પરંતુ સુવિધાઓ અપૂરતી છે રસ્તો શાળાની માળખાગત સુવિધાઓ વિકાસ કરવો, કમ્પ્યુટર શિક્ષણ દ્વારા આવનારી પેઢીમાં ડિજિટલ જ્ઞાન ની ઉણપ ન રહે તેવા પ્રયત્નો કરવા. દિવ્યાંગ અને છોકરીઓના શિક્ષણ ઉપર વધારે ધ્યાન આપવામા આવશે. |
| પ્રાથમિક સ્તરે છોકરીઓના શિક્ષણ માટે રાષ્ટ્રીય કાર્યક્રમ (NPEGEL) | ધોરણ એક થી ૮ માટે છેવાડાના અને વંચિત કુટુંબ ની છોકરીઓ ના શિક્ષણ માટે નો આ રાષ્ટ્રીય કાર્યક્રમ છે. ગ્રામીણ પ્રદેશના નિરક્ષર કુટુંબની છોકરીઓ માટે શિક્ષણ મેળવવાનો આ એક અવસર છે. જ્યાં સ્ત્રી સાક્ષરતા રાષ્ટ્રીય સરેરાશ કરતા નીચી છે અને જ્ઞાતિગત ભેદ રાષ્ટ્રીય સ્તર કરતાં વધુ છે તેવા પ્રદેશમાં આ કાર્યક્રમ અમલમાં છે. આદિવાસી તાલુકાઓમાં સ્ત્રી સાક્ષરતા રાષ્ટ્રીય સ્તર કરતાં મોટાભાગે ઓછી હોય આ કાર્યક્રમ અહીં છોકરીઓના પ્રાથમિક શિક્ષણમાં ઈચ્છનીય પરિણામ હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે. અહીં એ ઉલ્લેખનીય છે કે આદિવાસી તાલુકાઓમાં જાતિ કદ ખૂબ ઓછા પ્રમાણમાં હોવા સંભવ છે કારણકે સ્ત્રીઓ સમાજમાં અને પ્રદેશમાં ઠીક ઠીક પ્રમાણમાં નિર્ણય પ્રક્રિયામાં અને ઉત્પાદક શ્રમ સાથે જોડાયેલી નોંધાયેલ છે. |
| વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના | છોકરીઓમાં શાળા નોંધણી પ્રમાણ વધે અને તેનું શિક્ષણ ઓછામાં ઓછું સાત ધોરણ સુધી ચાલુ રહે તે માટે પ્રોત્સાહનની આ યોજના છે. આ યોજના અંતર્ગત જે ગામમાં સ્ત્રી સાક્ષરતા 35% કરતા ઓછી હોય તે આ યોજનાનો લાભ લઇ શકે છે. આ યોજના અંતર્ગત શહેરી બી.પી.એલ( ગરીબ) કુટુંબની છોકરીઓ પણ આજના અંતર્ગત લાભ મેળવવા પાત્ર |

| | |
|---|---|
| | છે. આદિવાસી સમાજની વસ્તી જે ગામમાં વસે છે અથવા જો આદિવાસી કુટુંબ વર્ષના અમુક સમય પૂરતા શહેરમાં સ્થળાંતર કરતા હોય જ્યાં તેઓ કુટુંબનો બીપીએલ દરજ્જો દર્શાવીને પણ આજના નો લાભ મેળવી શકે છે. આ અંતર્ગત શાળાએ નથી થતી છોકરીને રૂપિયા 1000 મોડ આપવામાં આવે છે કે સાતમા ધોરણ પાસ કર્યા પછી વ્યાજ સહિત મળવાપાત્ર હોય છે. |
| કન્યા કેળવણી નિધિ | મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ અંતર્ગત પરિવાર ઉપર છોકરીઓના શિક્ષણનું મહત્વ ઘટાડવાનો મુખ્ય લક્ષણ છે. આ યોજના અંતર્ગત મુખ્યમંત્રી ને મળતી ભેટ-સોગાદો ને વેચીને ભંડોળ એકત્રિત કરવામાં આવે છે. અંતરિયાળ પ્રદેશની આદિવાસી બાળાઓને શિક્ષણના ખર્ચ માટે જે કોઈપણ નિધિમાંથી સહાય મળે તે આવકાર્ય છે. |
| વિદ્યાદીપ યોજના | શાળાએ જતા જો કોઈ બાળકનું કમનસીબે મૃત્યુ થાય છો તેવા કિસ્સામાં તેમનાં વાલીવારસોને રૂપિયા 25000 વળતર પેટે ચુકવવા માટે ની યોજના છે. વીમા સ્વરૂપની આ યોજનાનું પ્રીમિયમ રાજ્ય સરકાર ભોગવે છે. |
| કન્યા બાળ શિક્ષણ કાર્યક્રમ | સમગ્ર ગુજરાત રાજ્યમાં કુલ ૧૮ હજાર ગામો માં કન્યા બાળ પ્રોગ્રામ અમલમાં છે. ખાસ કરીને એવા ગામમાં જ્યાં સાક્ષરતા દર ૨૦ ટકા કરતાં નીચું છે. આ જ પ્રમાણે શહેરોમાં અને હાર્દિક શહેરી વિસ્તારોમાં આ સંદર્ભમાં સમૂહ ઓળખી કાઢીને તેમાં છોકરીઓના શિક્ષણ માટેનો આ કાર્યક્રમ છે. આ કાર્યક્રમ અંતર્ગત વધુ ને વધુ આદિવાસી ગામ પસંદ થાય અને વધુ ને વધુ આદિવાસીઓ આ કાર્યક્રમ થકી લાભાન્વિત થાય તે પ્રકારના પગલા આવકાર્ય છે. |
| પ્રાથમિક શાળા એ કોમ્પ્યુટર તાલીમનો કાર્યક્રમ | પ્રાથમિક શાળાએ જતાં બાળકો માં કોમ્પ્યુટર શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે સરકારી શાળાઓમાં પ્રાથમિક કક્ષાથી જ કોમ્પ્યુટર તાલીમ આપવા માટેનો આ ઉપક્રમ છે. આ અંતર્ગત અંતરિયાળ ગામોમાં બ્રોડબેન્ડ સુવિધાઓ અને નિરંતર વીજળીનું પૂરવઠો જળવાઈ રહે તે માટેના આયોજન કરવામાં આવે છે. આદિવાસી વિસ્તારો મુખ્યત્વે અંતરિયાળ અને રાજ્યની સરહદ ના પ્રદેશ છે. હા પ્રદેશો મૌલિક રીતે ડુંગરાળ અને વન્ય વિસ્તારમાં આવેલા છે. આવા પ્રદેશમાં ટેકનોલોજીનો શિક્ષણ આપતી આ પ્રકારની નીતિ અત્યંત અનિવાર્ય છે. વધુ ને વધુ અંતરિયાળ પ્રદેશના આદિવાસી બાળકો આ યોજનાથી ટેકનોલોજીનું જ્ઞાન મેળવે તો આવનારી પેઢી ટેકનોલોજી ના જ્ઞાન સાથે સક્ષમ હશે છે આર્થિક વિકાસનો અનિવાર્ય પાસું છે.. |

| | |
|---|---|
| વિદ્યાર્થીઓ માટે ટેલીકોન્ફરન્સ | BISAG સાથેના સહકારથી ધોરણ-10 અને 12ના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન આપતો આ સંવાદ વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર માર્ગદર્શન પૂરું પાડે છે આ ઉપક્રમ જે વાક્ય ભાર વિનાનું ભણતર છે. આ જ પ્રમાણે મિત્રોના સહયોગથી ધોરણ 8 ના વિદ્યાર્થી માટે ગણિત વિજ્ઞાન અને અંગ્રેજી વિષયનું શિક્ષણ દુરદર્શન એક અને દુરદર્શન ૧૧ પૂરું પાડવામાં આવે છે. અંતરિયાળ આદિવાસી ગામના છોકરાઓ નગર અને શહેરથી દૂર વસવાટ કરતા હોય આ પ્રકારના પ્રોગ્રામ તેમના શિક્ષણ પ્રયત્ને અનિવાર્ય રીતે પ્રભાવિત કરશે તેવી અપેક્ષા રાખી શકાય. પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપતા આ પ્રકારના કાર્યક્રમો અંતરિયાળ પ્રદેશના આદિવાસી છોકરાઓ માટે વિશેષ ફાયદાકારક સાબિત થઈ શકે. આ પ્રકારના વધુ ને વધુ પ્રયત્નો આદિવાસી વિકાસ માટે ભવિષ્યમાં પણ અનિવાર્ય રહેશે. |
| મધ્યાહ્ન ભોજન યોજના | શારીરિક-માનસિક વિકાસ પામતા બાળકોમાં કુપોષણની શક્યતાઓ ઓછી કરવા અને તેમના સ્વાસ્થ્ય સ્તર સુધારવા શાળાએ જતા બાળકો માટેનો આ કાર્યક્રમ ઘણો જ આવકાર પામ્યો છે. આ કાર્યક્રમ થકી શાળા છોડવાનો દર નીચો ગયો છે, જ્યારે બીજી બાજુ ક્લાસમાં વિદ્યાર્થીઓની હાજરી પણ વધી છે. ગરીબ કુપોષિત આદિવાસી બાળકો માટે વરદાન સમાન આ યોજના વધુ ને વધુ વિકાસ પામે અને ભોજનની ગુણવત્તા વધુ ને વધુ સુધરે તે અત્યંત આવશ્યક છે. આદિવાસી બાળકોમાં કુપોષણનું પ્રમાણ સવિશેષ હોય તેની અસર નીચા શિક્ષણ સિદ્ધિ સાથે સંકળાયેલી છે. આદિવાસી બાળકોમાં કુપોષણ ઘટે, તેમની શિક્ષણ સિદ્ધિ વધે તેવા બેવડા ધ્યેય સાથેની આ યોજના તેની મર્યાદાઓ માંથી બહાર આવી ગુણવત્તાસભર રીતે કાર્યાન્વિત થાય તો તેના સુવર્ણ પરિણામ હાસલ કરી શકવાની ક્ષમતા ધરાવે છે. |
| શાળા સ્વાસ્થ્ય ચકાસણી/ તપાસ કાર્યક્રમ | શાળાએ જતા બાળકોને સ્વાસ્થ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત જો કોઈ બાળક સ્વાસ્થ્ય સંબંધિત કામી ધરાવતું જણાય તો તે બાળકને વિનામૂલ્યે તબીબી સારવાર આપવામાં આવે છે. આવા બાળકોને જો કોઈ અલાયદી સ્વાસ્થ્ય ટ્રીટમેન્ટ અનિવાર્ય હોય તો રાજ્યની વિવિધ સિવિલ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવે છે. અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં ત્યાં સ્વાસ્થ્ય સભાનતા નીચા સ્તરની હોય છે તેવા કુટુંબના બાળકો માટે આવા શાળા સ્તરના સ્વાસ્થ્ય કાર્યક્રમ ખુબજ પરિણામ આપવાની ક્ષમતા ધરાવે છે. આવા કાર્યક્રમ અંતર્ગત વધુ ને વધુ |

| | |
|---|---|
| | અંતરિયાળ પ્રદેશના આદિવાસીઓ લાભાંવિત થાય તે આદિવાસી વિકાસની જરૂરિયાત છે. |

*Source: Compiled from database of Directorate of Primary Education, Gujarat (2011)* Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat

કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય યોજના:

કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય યોજના તે પ્રાથમિક સ્કૂલ માટે છોકરીઓના સદંતર મફત નિવાસી શિક્ષણ આપવાની યોજના છે. આ યોજનામાં મુખ્યત્વે SC,ST,OBC અને લઘુમતી સમુદાય ની તથા આર્થિક-સામાજિક પછાત સમુદાય ની બાલિકાઓ માટે ની યોજના છે. જે તાલુકાઓ ગ્રામીણ અંતરિયાળ પ્રદેશમાં છે જ્યાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઊંચું છે એટલે કે રાષ્ટ્રીય સરેરાશ કરતાં પણ જ્યાં શિક્ષણ ઓછું છે તેવા તાલુકાઓમાં આ યોજના કાર્યરત છે. બનાસકાંઠા જિલ્લામાં 10 આ પ્રકારની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય આવેલી છે જે પૈકીની એક એક વિદ્યાલય અમીરગઢ અને દાંતા તાલુકામાં આવેલી છે. આ પ્રકારની નિવાસી શાળાઓ આદિવાસી છોકરીઓમાં શિક્ષણનું પ્રમાણ વધારવા માટે અત્યંત આવશ્યક છે. જો જરૂરિયાત ઊભી થાય તો માત્ર આદિવાસી છોકરીઓ માટેની અન્ય આ પ્રકારની શાળાઓ દ્વારા આદિવાસી અંતરિયાળ પ્રદેશમાં આદિવાસી છોકરીઓ માં શિક્ષણનું પ્રમાણ વિસ્તારી શકાય. છોકરીઓનું શિક્ષણ તે આર્થિક વિકાસની એક પાયાની બાબત છે. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય આ ક્ષેત્રમાં આદિવાસી છોકરીઓના શિક્ષણ પ્રસારમાં અત્યંત અગત્યનું કાર્ય બનાસકાંઠા જિલ્લામાં વહન કરી રહી છે.

### ૩.૧૨ સ્વાસ્થ્ય ક્ષેત્રે પાયાની સુવિધાઓ અને આદિવાસી તાલુકા:

**CHCs, PHCs and Sub Centres in Banaskantha.**

| Taluka / District | CHCs | | PHCs | | Sub Centers | |
|---|---|---|---|---|---|---|
| | Tribal | Others | Tribal | Others | Tribal | Others |
| Amirgadh | 1 | 0 | 3 | 2 | 29 | 6 |
| Danta | 1 | 0 | 7 | 1 | 57 | 3 |
| Banaskantha | 2 | 17 | 10 | 78 | 86 | 364 |

*Source: Compiled from database of Commissionerate of Health, Medical Services, Medical Education and Research, Gujarat (2014-15)* Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat


નીચેના ટેબલમાં આપેલી માહિતી બનાસકાંઠા જિલ્લામાં આવેલ અમીરગઢ અને દાતા તાલુકા કે જેને જિલ્લાના આદિવાસી તાલુકા જાહેર કરેલ છે તેમાં આવેલ સ્વાસ્થ્ય ક્ષેત્રની પાયાની

સુવિધાઓ પૂરી પાડે છે. પ્રસ્તુત ટેબલમાં કોમ્યુનિટી હેલ્થ સેન્ટર, પ્રાઇમરી હેલ્થ સેન્ટર અને સબ સેન્ટર અંગેની જે સુવિધાઓ આદિવાસી તાલુકામાં આવેલી છે તેની માહિતી રજુ કરવામાં આવેલ છે. ટેબલ માં રજુ કરેલી માહિતી પરથી જોઇ શકાય છે કે કુલ ૮૬ આદિવાસી સબ સેન્ટર જિલ્લામાં આવેલ છે તે તમામ આ આદિવાસી તાલુકાઓમાં જ છે. જોકે આ આદિવાસી તાલુકા બહાર પણ જિલ્લામાં આદિવાસી વસ્તી વસવાટ કરી રહી છે.


બાળ જન્મ પૂર્વે સગર્ભા માતાઓની દેખરેખ તેમની ગર્ભાવસ્થાની સંપૂર્ણ જરૂરિયાતોની પ્રાપ્તિ કરાવવી, બાળ જન્મ સમયે સંપૂર્ણ વૈજ્ઞાનિક ઢબે અને સંપૂર્ણ રીતે તબીબી નિરીક્ષણમાં બાળકનો જન્મ થાય. જન્મ બાદ બાળકની માવજત અને બાળઉછેરની તમામ જવાબદારી, તમામ જરૂરીયાતો ની પૂર્તિ થાય તો આવનારી પેઢી સક્ષમ અને વિકાસ માટે સુશજ્જ થયેલી હશે.

**Details of Deliveries at Home and Institutional Deliveries**

**Deliveries at Private/Public Clinics and Home**




**Talukawise Institutional Deliveries** Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat





*Source: Based on database of Commissionerate of Health, Medical Services, Medical Education & Research, Gujarat (2014)* Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat

પ્રસ્તુત માહિતી ઘરે પ્રસુતિ થાય છે કે દવાખાના/ હોસ્પિટલ/ નર્સિંગ હોમ જેવા સ્થળ ઉપર કે જ્યાં તબીબી જાણકાર વ્યક્તિ હાજર હોય અને સ્વાસ્થ્ય સુવિધાઓ પર્યાપ્ત અને પૂરતા માત્રામાં હાથવગી હોય તેવી જગ્યા ઉપર થાય છે? તે અંગેની માહિતી છે જો પ્રસુતિ બિન વૈજ્ઞાનિક ઢબે ઘરે તબીબી જાણકાર ની ગેરહાજરી માં થતી હશે તો તે અત્યંત જોખમી હશે. આવી પ્રસુતિના પ્રસંગોમાં બાળમૃત્યુ અને માતા મૃત્યુદર અત્યંત ઊંચો જોવા મળે છે. આદિવાસી તાલુકાઓમાં હજુ ઘણા પ્રદેશોમાં આ અંગેની જાગૃતિ યોગ્ય પ્રમાણમાં પ્રસાર પામી નથી તેથી આજે પણ આ પ્રદેશોમાં નોન-ઇન્સ્ટિટ્યૂશનલ ડિલીવરી તુલનાત્મક રીતે વધુ જોવા મળે છે.માહિતીમાં જોઇ શકાય છે કેદાતા તાલુકામાં 2014 માં પ્રમાણ ૧૫ ટકા હતું એટલે કે ઇન્સ્ટિટ્યૂશનલ ડિલીવરી 85% નોંધાઈ હતી અમીરગઢમાં તે 88% નોંધાવી હતી. ઉલ્લેખનીય બાબત એ છે કે આદિવાસી તાલુકાઓમાં બિન આદિવાસી લોકો પણ વસવાટ કરે છે જે મુખ્યત્વે નગર પ્રદેશોમાં વસવાટ કરે છે, આ વસ્તુઓની ગણતરી પણ 88% માં સમાવેશ થયેલ છે. આદિવાસી સમાજમાં જોઇન્સ્ટિટ્યૂશનલ ડિલીવરી નું પ્રમાણ વધે તો બાળક તંદુરસ્ત જન્મ લે અને બાળઉછેર પ્રક્રિયા વધુ વૈજ્ઞાનિક થાય. જન્મ પછી બાળક નું રસીકરણ બાળકનુ પોષણ અને સમગ્ર બાળવિકાસની પ્રક્રિયા વધુ વૈજ્ઞાનિક બને. જો આમ થશે તો અમીરગઢ અને દાંતા તાલુકાની આદિવાસી સમાજની શારીરિક અને માનસિક ક્ષમતાઓ આવનારા ભવિષ્યમાં વધારે સક્રિય થશે જે આદિવાસી આર્થિક વિકાસનું પાયાનું તત્વ છે.ઇન્સ્ટિટ્યૂશનલ ડિલીવરી પ્રવર્તમાન સમયે લગભગ સો ટકાની નજીક પહોંચેલું છે. જે અત્યંત આવકાર્ય બાબત છે. પ્રદેશમાં

૧૦૮ એમ્બ્યુલન્સ સેવા આ ક્ષેત્રમાં ખૂબ જ સારી કામગીરી અંતરિયાળ પ્રદેશમાં નિભાવી રહી છે જેને આ ક્ષેત્રમાં ખૂબ જ સારો પ્રતિસાદ સ્થાનિક પ્રજા તરફથી મળી રહેલ છે.

**Nutrition in Anganwadi Going Children**




Source: Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat

નીચે દર્શાવેલી માહિતી આંગણવાડીમાં જતા બાળકોના પોષણ સંદર્ભની છે. તેમાં જોવા મળે છે કે અમીરગઢ તાલુકામાં પોષણની દ્રષ્ટિએ સ્વીકાર્યો હોય તેવા બાળકોનું પ્રમાણ 58% છે. જે જિલ્લામાં ચોથા ક્રમનું તાલુકો છે. પરંતુ દાંતા તાલુકામાં આવા બાળકો 51% નોંધાયેલ છે. દાતા અને દાંતીવાડા તાલુકામાં સૌથી વધારે ભયજનક કુપોષિત બાળકો નું પ્રમાણ નોંધાયેલ છે. અમીરગઢ તાલુકો જિલ્લાના અન્ય તાલુકાઓની સરખામણીમાં આંગણવાડીમાં જતાં બાળકોના પોષણની દ્રષ્ટિએ ઠીક ઠીક પ્રગતિ કરી રહ્યો છે. આદિવાસી તાલુકા પૈકીના અમીરગઢમાં જિલ્લા ની સરેરાશ કરતા આ ક્ષેત્રે ઉંચી પ્રગતિ થયેલી માલુમ પડેલ છે પરંતુ આદિવાસી તાલુકા પૈકીનું દાંતા તાલુકો આ ક્ષેત્રમાં અત્યંત નિમ્ન સ્તરનું દેખાવ કરી રહ્યો છે. અમીરગઢ તાલુકાના પગલે પગલે દાતા તાલુકામાં પણ બાળ પોષણનું પ્રમાણ સુધરે અને આદિવાસી વસ્તી ને તેનો મહત્તમ લાભ મળે તે અંગેના પગલાં અત્યંત આવકાર્ય છે. અગાઉ કહ્યું તેમ આવનારી પેઢીનું સ્વાસ્થ્ય તે આર્થિક વિકાસ પ્રારંભિક પગથિયું હોય આવનારી પેઢી સ્વસ્થ અને સક્ષમ હશે તો જ તે આર્થિક વિકાસના રસ્તે પ્રગતિ સાધી શકશે.

**Taluka wise Water Supply Status in Banaskantha**

| Taluka / District | Habitation Covered With Public Water Supply Schemes | | | Water Supply in Habitations by Sources | | |
|---|---|---|---|---|---|---|
| | Total | Ongoing | Completed | Water Sources | Delivery Points | Public & Private Sources |
| Amirgadh | 83 | 1 | 83 | 249 | 262 | 321 |
| Danta | 180 | 6 | 179 | 624 | 606 | 606 |
| Banaskantha | 1683 | 298 | 1667 | 4341 | 5370 | 3803 |

*Source: Compiled from database of Commissionerate of Health, Medical Services, Medical Education and Research, Gujarat (2014)* Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat

સ્વાસ્થ્યના સ્તરનું બીજું નિર્ણાયક તે પીવાના પાણીનો પુરવઠો છે. પીવાના પાણીનો પુરવઠો યોગ્ય ગુણવત્તાસભર અને નિવાસની નજીક પ્રાપ્ત થતું હોય તો તેવા પ્રદેશમાં સ્વાસ્થ્યનું સ્તર વધુ સારું હશે. પ્રસ્તુત માહિતીમાં બનાસકાંઠા જિલ્લામાં આદિવાસી તાલુકાઓમાં પીવાના પાણીના સ્ત્રોત અંગેની માહિતી આપેલી છે. આ માહિતી પરથી જોઇ શકાય છે કે અમીરગઢ તાલુકામાં કુલ 83 % રહેઠાણ સ્થળો જાહેર પાણી વિતરણ વ્યવસ્થાઓ કાર્યરત છે. આ પ્રમાણે દાતા તાલુકામાં 179 છે. યોગ્ય ગુણવત્તાસભર પીવાનું પાણી અંતરિયાળ આદિવાસી પ્રદેશોમાં સુનિશ્ચિત રીતે આપવામાં આવે તો તેના દ્વારા આદિવાસી સ્વાસ્થ્યમાં સુધારો મેળવી શકાય છે.

સ્વાસ્થ્યને લગતી મુખ્ય યોજનાઓ/ કાર્યક્રમની ટૂંકમાં માહિતી

| યોજના/ કાર્યક્રમ | યોજના/ કાર્યક્રમની ટૂંકમાં માહિતી |
|---|---|
| ચિરંજીવી યોજના | આ યોજના અંતર્ગત બીપીએલ કુટુંબની માતાઓને સગર્ભાવસ્થા દરમિયાન નર્સિંગ હોમ કે હોસ્પિટલ માટે સહાય પુરી પાડવામાં આવે છે. ઉપરોક્ત યોજના કેશલેસ સ્વરૂપની છે. આ યોજના થકી અંતરિયાળ ગામડાઓમાં વસેલા આદિવાસી કુટુંબની મહિલાઓને ખૂબ જ મોટા પ્રમાણમાં સગર્ભાવસ્થા દરમિયાન મદદ મળતી જોવા મળી છે. આવી યોજનાઓ થકી અંતરિયાળ ગામમાં વસેલા આદિવાસી કુટુંબમાં પ્રજનન સંબંધિત સ્ત્રીઓના પ્રશ્નો ઘણી મોટી સંખ્યામાં નિવારી શકાયા છે. |
| જનની સુરક્ષા યોજના | આ યોજના અંતર્ગત બીપીએલ કુટુંબની સગર્ભા માતાઓ બે જીવંત બાળ જન્મ માટે હકદાર બને છે જે અંતર્ગત તેમને સરકારી કે ખાનગી હોસ્પિટલમાં પ્રસુતિ માટે માત્ર 500 રૂપિયા ચૂકવવાના રહે છે. બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ ગ્રામિણ પ્રદેશોના આદિવાસીઓ જેઓ બીપીએલ યાદીમાં સમાવિષ્ટ છે તેઓ બાળક જન્મ સમયે ઉપરોક્ત યોજનાનો લાભ લઇ ગરીબીને કારણે બાળક અને માતાના જીવન સામે જોખમ ઊભા થતા હતા તેને નિવારી શકવામાં સફળતા હાસલ કરતા જોવા મળે છે. |
| બાલ સખા યોજના | આ યોજના થકી બીપીએલ કુટુંબની માતાઓને તેમના નવજાત બાળકને તમામ પ્રકારની તબીબી સહાય પૂરી પાડવામાં આવે છે જેમાં બાળકોને થતા વાત છે પ્રશ્નો |

| | |
|---|---|
| | થી લઈને નવજાતના માટેનું ઈન્સેન્ટિવ કેર યુનિટ માટે પણ સહાય પુરી પાડવામાં આવે છે. આ પ્રકારની યોજના થકી આદિવાસી વિસ્તારના નવજાત બાળકોને નવજીવન પ્રાપ્ત થતું જોવા મળે છે. આ પ્રકારની યોજનાઓ થકી અંતરિયાળ ગ્રામીણ પ્રદેશના આદિવાસીઓમાં જન્મ દર નિયંત્રણ કરવામાં પણ ભવિષ્યમાં સહાય મળશે તેવી અપેક્ષા રાખી શકાય. |
| મમતા તરુણી અભિયાન | આ યોજના થકી કિશોરીઓને પ્રાથમિક સ્વાસ્થ્ય સંભાળ અંગેનું જ્ઞાન પૂરું પાડવામાં આવે છે. જ્યાં સાક્ષરતા અને તરુણોમાં શિક્ષણ પ્રમાણ ઓછું છે, વળી જ્યાં સ્વાસ્થ્ય ની પાયાની સુવિધાઓ પણ અત્યંત મર્યાદિત છે તેવા અંતરિયાળ પ્રદેશના આદિવાસી કુટુંબોમાં આ પ્રકારની 'મમતા તરુણી અભિયાન' જેવી યોજનાઓ અત્યંત મહત્વની સાબિત થાય છે. |
| કિશોરી સખી યોજના | આ યોજના અંતર્ગત કિશોરીઓને પોષણ જાગૃતિ, વ્યક્તિગત સ્વચ્છતા, પોતાના સ્વાસ્થ્યની જાળવણી, સ્વરોજગાર પૂરક આહાર અને પોષણ જેવા વિષયોમાં તાલીમ અને માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે. આ પ્રકારની યોજનાઓ થકી આદિવાસી કિશોરીઓ પણ પોતાના જીવન સંબંધિત અને પોતાના ભવિષ્ય સંબંધિત મૂંઝવણોનો ઉકેલ મેળવી શકે છે. તે તેમને પોતાના વ્યક્તિગત વિકાસમાં અને ભવિષ્યમાં પોતાના કૌટુંબીક વિકાસમાં સહાયક થાય છે. |
| મમતા અભિયાન | માતા અને બાળકના સ્વાસ્થ્ય સંબંધિત સેવાઓને વધુ મજબૂતાઈથી સંગઠિત રીતે પૂરી પાડવા માટે આ અભિયાન પ્રારંભ કરાયો છે જેમાં મમતા દિવસ ની ઉજવણી એટલે કે માતા અને બાળકનાસ્વાસ્થ્ય અને પોષણ સંબંધિત આ દિવસમાં મુખ્યત્વે આ સંદર્ભે ની જાગૃતિ લાગતા વળગતા વ્યક્તિઓ સુધી પહોંચાડવામાં આવે છે, આ જ પ્રમાણે મમતા મુલાકાત અંતર્ગત બાળ જન્મ પછી માતા અને બાળકના સ્વાસ્થ્યની રૂબરૂ તપાસ કરવામાં આવે છે. આ યોજનામાં મમતા નોંધ દ્વારા સગર્ભાવસ્થાથી લઈને બાળ જન્મ પછીની તમામ માહિતી ની નોંધ રાખવામાં આવે છે. આ યોજનામા જો કોઈ માતા કે બાળકને જરૂર જણાય તો તેમને જે.જે.હોસ્પિટલ મા ભલામણ કરી આપવામાં આવે છે તેને મમતા ધર્મ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારની યોજનાઓ થકી જ્યાં પ્રજનન સંબંધિત જાગૃતિ ઓછી છે એવા આદિવાસી સમાજમાં ઘણો જ લાભ મેળવી શકાય છે. આવી યોજનાઓ થકી આદિવાસી સગર્ભા બહેનો અને નવજાત બાળકો ના સ્વાસ્થ્યમાં ઘણા હકારાત્મક પરિણામો મેળવી શકાયા છે. |
| SHAP માટે નો રસીકરણ કાર્યક્રમ | સાર્વત્રિક રસીકરણ માટેના આ કાર્યક્રમમાં એક વરસ ની ઉંમર સુધીના બાળકને 6 રસી આપી ને ટાળી શકાય છે તેવા રોગો તેવા કે ડીપ્થેરિયા, ટીબી, ડાયરિયા, ઓરી અછબડા વગેરે સામે રક્ષણ આપવામાં આવે છે. આ યોજના થકી શિશુ અને બાળમૃત્યુદર ઓછું કરવાના પ્રયત્નો છે. અંતરિયાળ આદિવાસી |

| | |
|---|---|
| | પ્રદેશોમાં આ અંગે વધુ ને વધુ જાગૃતિ આવી રહી છે. આદિવાસીઓમાં માતા અને નવજાત બાળકોમાં થતા સ્વાસ્થ્ય સંબંધિત પ્રશ્નોમાં અંધશ્રદ્ધા અત્યંત પ્રભાવ ધરાવે છે. આવી યોજનાઓ થકી આ પ્રદેશના આદિવાસીઓ અંધશ્રદ્ધામાંથી ધીરે ધીરે બહાર આવી વૈજ્ઞાનિક અભિગમ કેળવી માતા અને શિશુના સ્વાસ્થ્ય માટે વધુ વૈજ્ઞાનિક પ્રયુક્તિઓ અપનાવતા થયેલા જોવા મળ્યા છે. અંધશ્રદ્ધા શિકાર તુલનાત્મક રીતે વધારે થયેલા આદિવાસી સમાજને રસીકરણ માટે સમજાવો આજે પણ પડકારજનક છે. આવી યોજનાઓ ગરીબ આદિવાસી કુટુંબોને જો કોઈ હાર્દિક પ્રમોશન આપવામાં આવે તો તેમને આવા સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમમાં વધુ સરળતાથી સમાવિષ્ટ કરી શકાય. |
| રોગી કલ્યાણ સમિતિ | રોગી કલ્યાણ સમિતિ અંતર્ગત બીપીએલ કુટુંબના રોગીને ગંભીર જણાતા સ્વાસ્થ્ય સમસ્યાઓ જેવા કે હૃદય સંબંધિત બીમારી, કિડની સંબંધિત બીમારી, આંખ અને મગજ સંબંધી બીમારી અને અન્ય બીમારી કે જેના ઉપચાર માટે ઘણા જ મોટા પ્રમાણમાં ખર્ચ કરવો પડે તેવી બીમારીઓ માટે આ યોજના લાભ મળવાપાત્ર છે. ઉપર દર્શાવેલ આ પ્રકારની ગંભીર બિમારીઓમાં આદિવાસી સમાજ મુખ્યત્વે અંધશ્રદ્ધા માં પરોવાઈ જાય છે. જેનું એક કારણ એ છે કે આ પ્રકારની બિમારીઓમાં વૈજ્ઞાનિક સારવારનો ખર્ચ તેમની પહોંચ બહાર હોય છે. જો આવી યોજના થકી તેમને કેશલેસ/ મફત વૈજ્ઞાનિક સારવાર ઉપલબ્ધ થાય તો તેઓ અંધ શ્રદ્ધાના વિકલ્પે વૈજ્ઞાનિક અભિગમ તરફ અગ્રેસર થઈ શકે. આ પ્રકારની યોજનાઓ સમગ્ર સમાજના અભિગમને અંધશ્રદ્ધાથી બદલીને વૈજ્ઞાનિક અભિગમ તરફ બદલવામાં કારગત સાબિત થઈ શકે તેથી આવી યોજનાઓ નું બજેટ વધારી તેમાં આદિવાસી સમાજને ખાસ કિસ્સામાં અગ્રતાક્રમ આપી અમલમાં મૂકવી જોઈએ |
| 108EMRC સેવાઓ. | 108EMRC સેવાઓ અંતર્ગત ઈમરજન્સી સ્વાસ્થ્ય સમસ્યાઓમાં અને પ્રસુતિ સંજોગોમાં તાત્કાલિક હોસ્પિટલ સુધી પહોંચાડવા અને જે તે સ્થળ ઉપર સ્વાસ્થ્ય સંબંધિત ઉપચાર કરવા માટે આ પ્રકારની સેવાઓ અત્યંત ફળદાયી સાબિત થઇ રહી છે. બનાસકાંઠા જિલ્લાના આદિવાસી પ્રદેશોમાં આ યોજના ઘણા સારા પરિણામો નિપજાવી રહી છે તેમ છતાં આદિવાસી પ્રદેશોમાં થોડા ઘણા પ્રમાણમાં આ સમસ્યાને અંતર્ગત ક્યારેક પ્રશ્નો ઊભા થયેલા પણ જોવા મળે છે. આ પ્રશ્નોમાં મુખ્યત્વે એમ્બ્યુલન્સ સમયસર પહોંચતી ન હોવાની સમસ્યા મુખ્ય છે. દુર અંતરના આદિવાસી પ્રદેશોમાં વધુ પ્રમાણમાં એમ્બ્યુલન્સ ફાળવણી થાય તો આ પ્રકારના પ્રશ્નોમાં રાહત મળવાની સંભાવના છે. |

*Source: Compiled from database of Commissionerate of Health, Medical Services, Medical Education*

*andResearch Gujarat (2011)* Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat

આ સિવાય અન્ય સ્વાસ્થ્ય સંબંધી સેવાઓ જેવીકે રાષ્ટ્રીય ટીબી નિયંત્રણ કાર્યક્રમ, રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ, રાષ્ટ્રીય AIDS નિયંત્રણ કાર્યક્રમ, અંધત્વ સંબંધિત રાષ્ટ્રીય કાર્યક્રમ, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના, કિશોરાવસ્થામાં એનિમિયા સંબંધિત કાર્યક્રમ તથા બાલિકા સમૃદ્ધિ યોજના વગેરે જેવા કાર્યક્રમો જિલ્લામાં રાષ્ટ્રીય કે રાજ્ય કક્ષાએ સંચાલિત થઈ રહ્યા છે. આ પૈકીના અંતરિયાળ આદિવાસી ગામમાં જુદા જુદા સ્વાસ્થ્ય સંબંધિત કાર્યક્રમ માટે જુદી જુદી જાગૃતિ નું સ્થળ જોવા મળે છે. આ પ્રદેશોમાં આદિવાસીઓમાં જો આ યોજનાઓ થકી લક્ષ્યાંકિત લાભ આપી શકાય તો આ યોજનાઓ થકી આદિવાસીઓના જાહેર સ્વાસ્થ્ય માં સુધારો હાંસલ કરી શકાય. આ યોજનાઓની અંતરિયાળ પ્રદેશોમાં વધુમાં વધુ જાગૃતિ બને તે માટેના પ્રચાર-પ્રસાર વધારવા અનિવાર્ય છે.

જનની સુરક્ષા યોજના/ ચિરંજીવી યોજના આવી યોજનાઓ સગર્ભા સ્ત્રીઓ થી લઈ નવજાત બાળકો અને બાળઉછેરમાં ખૂબ જ સહાયક થાય છે. આવી યોજના થકી અંતરિયાળ આદિવાસી પરિવારોને સગર્ભાવસ્થા અને પ્રસૂતિ દરમિયાન ઉઠાવવા પડતા આર્થિક બોજ ઘણે અંશે નાબૂદ થાય છે. આવી યોજના થકી ગરીબ આદિવાસી કુટુંબમાં ઠીક પ્રમાણમાં જન્મ દર ઘટાડાનું લક્ષ્ય હાસલ કરી શકાય કેમ છે, તેથી આવી યોજનાને આ પ્રદેશ અને આવા આદિવાસી સમૂહમાં નિશ્ચિત લક્ષ્ય સાથે કાર્યાન્વિત કરવી જોઈએ. આ પ્રકારના નિશ્ચિત લક્ષ્યાંક સાથેના યોજનાના અમલ દ્વારા નિર્ધારિત સમયમાં નિર્ધારિત લક્ષ હાસલ કરી શકાય કેમ છે.


## ૩.૧૩ સ્વૈચ્છિક અથવા બિન સરકારી પગલાઓ:


બનાસકાંઠા જિલ્લામાં બાળકોના પોષણ ના પ્રશ્નો દૂર કરવા માટે સ્વૈચ્છિક ધોરણે સહકારી ડેરી દ્વારા લોક અપીલ કરીને યોજના કાર્યાન્વિત કરવામાં આવી. આ યોજનાનું નામ" ભગવાનનો ભાગ" રાખવામાં આવ્યો. આ યોજના બનાસ ડેરી અને રાજ્ય સરકાર દ્વારા એક પરિપત્ર બહાર પાડી દરેક દૂધ ઉત્પાદક મંડળીને ગ્રામસ્તરે દૂધ એકત્રીકરણ વળતી વખતે એક દૂધ એકત્રીકરણ માટે અલગથી પાત્ર ગોઠવી લોકોને આ પાત્રમાં કુપોષિત બાળકો માટે વિનામૂલ્યે પોતાનું એકત્ર કરેલું દૂધ દાન કરવા માટે અપીલ કરવામાં આવી. એકત્રિત થયેલા દૂધ ભગવાનનો ભાગ તરીકે ઓળખાય પ્રાથમિક શાળામાં બાળકો વચ્ચે વેચવામાં આવ્યો આ પ્રકારની સ્વૈચ્છિક અથવા બિનસરકારી પ્રવૃત્તિ દ્વારા પણ પ્રાથમિક સ્કૂલમાં જતા બાળકો માં જોવા મળતા કુપોષણના પ્રશ્ન સામે ઠીક ઠીક પ્રમાણમાં પરિણામ હાંસલ કરે છે. જોકે આદિવાસી અંતરિયાળ પ્રદેશમાં જ્યાં ગરીબી સાર્વત્રિક છે એવા પ્રદેશોમાં ગામનું સ્થાનિક દૂધ બાળકો ના ભાગ તરીકે સ્વૈચ્છિક ધોરણે મેળવવો મુશ્કેલ છે તેવા પ્રદેશોમાં. આસપાસના આ સમૃદ્ધ પ્રદેશ માંથી આ પ્રકારનો સ્વૈચ્છિક પ્રયત્ન થાય અને લોક અપીલ દ્વારા જો કુપોષણ સામે લોકો પોતાનું યોગદાન આપવા તૈયાર

થાય તો પ્રદેશના બાળકોમાં જોવા મળતા કુપોષણ સામે ઠીક પ્રમાણમાં પરિણામ હાંસલ કરી શકાય. આ અંગે કોઈ સ્પષ્ટ સૂચન કરવું અશક્ય છે. ભારત જેવા દેશમાં કયા સ્વૈચ્છિક પ્રયત્નોને કેવો પ્રતિસાદ મળે તે કેવું કે તેની ધારણા કરવી લગભગ અશક્ય છે.

## _આદિવાસી પ્રદેશમાં દૂધ સંજીવની યોજના:

**Beneficiaries of Dudh Sanjivani Yojana in Tribal Banaskantha**




**No. of Beneficiaries (Schools)**


*Source: Based on database of Integrated Child Development Serves, Banaskantha (2014)*

Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat


નીચે આપેલી આંકડાકીય માહિતી દાતા અને અમીરગઢ જેવા આદિવાસી તાલુકામાં દૂધ સંજીવની યોજના અંતર્ગત લાભાર્થી શાળાઓ અને લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યા બતાવે છે. ઉપર દર્શાવ્યા તેમ લોક અપીલ દ્વારા લોકોમાં સ્વૈચ્છિક રીતે બાળ કુપોષણ સામે ખાનગી

યોગદાન આપીને દૂધ એકત્રિત કરવું આદિવાસી વિસ્તાર માં જ્યાં સાર્વત્રિક ગરીબી છે ત્યાં શક્ય ન હોવાથી સરકાર દ્વારા દૂધ સંજીવની યોજના હેઠળ પ્રાથમિક શાળાના બાળકોને ફ્લેવેરડ દૂધના પાઉચ શાળામાં વિતરિત કરવામાં આવે છે. આ પ્રકારના આયોજન થકી પ્રાથમિક સ્કૂલમાં બાળકોની હાજરી ને પણ ઠીક પ્રમાણમાં પ્રભાવિત કરી શકાય છે. યોજનાનો મુખ્ય ઉદેશ આદિવાસી બાળકોમાં જોવા મળતા કુપોષણ સામે પગલા લેવાનું છે પરંતુ બાળકોને પ્રિય એવા ફ્લેવેરડ દૂધના પાઉચ શાળામાં વિતરિત કરવામાં આવે છે જેથી બાળકો શાળાએ જવાનું/ હાજર રહેવાનું એક પ્રોત્સાહન/ પ્રલોભન ઉભું થાય છે. આ પ્રકારની અસર હેઠળ પ્રાથમિક શાળામાં હાજરીનું પ્રમાણ જાળવી શકાય છે. આ અને આવી પ્રલોભન અથવા પ્રોત્સાહન આપતી યોજનાઓ થકી આદિવાસી બાળકોમાં શાળા ની હાજરી સુધારી શકાય છે જેના થકી આદિવાસી બાળકોમાં શિક્ષણ સિદ્ધિ લક્ષ્યાંકિત ધોરણે મેળવી શકાય છે. આ પ્રકારની યોજનાઓ શિક્ષણ ના પાયા એવા પ્રાથમિક શિક્ષણ માટે અત્યંત આવકારદાયક છે.

**બનાસકાંઠા જિલ્લા બીપીએલ કુટુંબની માહિતી જિલ્લામાં ગરીબ અને અતિગરીબ કુટુંબની માહિતી**




**BPL List (2013-14) Families in Banaskantha**




**% of Very Poor and Poor Families**

Source: Based on database of Commissionerate of Rural Development, Gujarat (2014) Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat

### 3.૧૪ આદિવાસી વિસ્તારમાં ગરીબ છોકરા-છોકરીઓ માટેની શિક્ષણ સુવિધા:

અમીરગઢ અને દાતા જેવા આદિવાસી વિસ્તારોમાં નિવાસી આશ્રમશાળાઓ છોકરીઓના શિક્ષણમાં ખુબજ મદદરૂપ થઈ રહી છે. આ પ્રકારની આશ્રમશાળાઓ આદિવાસી/ સમાજ કલ્યાણ વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે. અમીરગઢમાં આ પ્રકારની 10 આશ્રમ શાળા આવેલી છે. આ પૈકીની આશ્રમશાળા રામપુરા ખેમરાજીયા અને વીરમપુરા આવેલી છે જે છોકરીઓના શિક્ષણ ખૂબ જ સહાયક છે. દાતા તાલુકામાં 14 આશ્રમશાળા પૈકીની બે આશ્રમશાળા દલપુરા અને સનાલી આશ્રમશાળા છોકરીઓની શિક્ષણ માટેની અલાયદી આશ્રમશાળા છે. આ તમામ આશ્રમશાળાઓમાં પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં આવેલા છે. તમામ આશ્રમશાળાઓમાં પૂરતા પ્રમાણમાં સુવિધાઓ ઉભી કરવામાં આવી છે આશ્રમ શાળાઓમાં વીજળી પુરવઠો, પીવાના પાણીની વ્યવસ્થા વગેરે ઉભા કરવામાં આવેલ છે.આ પ્રકારની આશ્રમશાળાઓ એટલે કે વિદ્યાર્થીઓ માટે નિવાસી શાળાઓ આદિવાસી વિસ્તાર ને વિશેષ અનુકૂળ છે અહીં વિદ્યાર્થીઓની તમામ જવાબદારી એટલે કે વિદ્યાર્થીઓનું શિક્ષણ ખર્ચ તેમનો ખોરાક ખર્ચ અને તેમનો નિભાવ ખર્ચ તમામ ખર્ચ સરકાર દ્વારા વહન કરાતો હોવાથી પ્રદેશના દારુણ ગરીબીમાં જીવતા આદિવાસી વિદ્યાર્થીઓ માટે આ પ્રકારની શિક્ષણ પ્રયોગ ભૂતકાળથી લઈને વર્તમાન સમયમાં ઘણું સફળ રહેલો જોવા મળે છે આજ મોડેલ અંતર્ગત એકલવ્ય આશ્રમશાળાઓ જો પ્રદેશમાં વધુ પ્રમાણમાં કાર્યાન્વિત થાય તો આ પ્રદેશનો શૈક્ષણિક

વિકાસ અત્યંત ગતિશીલ બની શકે. આશ્રમ શાળાઓને વર્તમાન મર્યાદાઓ જેવીકે સુવિધાઓનો અભાવ. સંચાલકોનો બિનજરૂરી હસ્તક્ષેપ, શિક્ષક અને અન્ય માનવબળની અછત જો દૂર કરવામાં આવે તો આ પ્રકારની આશ્રમ શાળાઓ દ્વારા શિક્ષણ ક્ષેત્રે આદિવાસી વિસ્તારમાં ખાસ કરીને છોકરીઓના શિક્ષણમાં ખૂબ જ સારા પરિણામ મેળવી શકાય છે. નિવાસી આશ્રમશાળાઓ આદિવાસી વિસ્તાર માટે આજે પણ એટલી જ પ્રસ્તુત છે જેટલી તે ભૂતકાળમાં પ્રસ્તુત હતી, પરંતુ આ શાળાઓને માળખું બુનિયાદી શિક્ષણ વ્યવસ્થાથી પરિવર્તન કરી વર્તમાન સમયની જરૂરિયાત મુજબનો મૂળ પ્રવાહ નો હોવું અનિવાર્ય છે. નવોદય વિદ્યાલય જેવા CBSC માળખાને અનુરૂપ શિક્ષણ અને સર્વાંગી વિકાસ નું મોડેલ આદિવાસી વિસ્તારોના અત્યંત અનુરૂપ રહેશે. એકલવ્ય મોડેલ સ્કુલ તેના વર્તમાન સમયમાં માનવશ્રમ ની અછત અનુભવે છે તે મર્યાદા દૂર કરી તેમાં તાલીમબદ્ધ શિક્ષકોની કાયમી નિમણૂક થાય તો આ પ્રકારની શાળાઓ પણ આદિવાસી બાળકો માટે વધારે પરિણામલક્ષી બને.

### ૩.૧૫ આદિવાસીમાં ગરીબ કુટુંબમાં દેવાની સમસ્યા:

**Indebtedness Dimension of BPL List (2013-14) Families in Banaskantha**

| Taluka/ District | % of BPL Families (0-20 Score) | | | | % of BPL Families (0-16 Score) | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | DPIS | POPIS | BIA | NIPA | DPIS | POPIS | BIA | NIPA |
| Amirgadh | 55.87 | 33.74 | 3.99 | 6.40 | 65.46 | 27.21 | 3.88 | 3.45 |
| Danta | 69.40 | 18.04 | 6.48 | 6.09 | 78.53 | 16.18 | 2.97 | 2.32 |
| Banaskantha | 62.88 | 19.99 | 8.93 | 8.20 | 74.13 | 16.64 | 4.92 | 4.31 |

*Source: Computed from database of Commissionerate of Rural Development, Gujarat (2014)*
*Note: DPIS: Daily Purpose from Informal Sources, POPIS: Production Purpose from Informal Source, BIA: Borrowing only from Institutional Agencies, NIPA: No Indebtedness and Possess Assets.* Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat

આદિવાસીઓમાં દેવાનું ભારણ સવિશેષ જોવા મળે છે. આદિવાસી કુટુંબ પોતાના સામાજિક રીત રીવાજ જ અને તહેવારની ઉજવણીમાં તથા લગ્ન અને મરણ જેવા આ સંજોગોમાં પોતાની આર્થિક સ્થિતિ થી ઉપરવટ જઈ ઘણું વધારે ખર્ચ કરે છે. આ પ્રકારના ખર્ચાઓ તેઓ વિવિધ નાણા ધીરનાર પાસેથી દેવું કરીને કરતા જોવા મળે છે. આ પ્રકારના કરંજનું ખૂબ ઊંચું વ્યાજ હોવાથી આ પ્રકારના દેવાના વિષચક્રમાં સપડાયેલા આદિવાસી કુટુંબ જીવન પર્યંત દેવાની ચૂકવણી અર્થે કાળી મજૂરી કરતું જોવા મળે છે. દેવાનું આ ચક્ર તેમની આર્થિક સ્થિતિને ગરીબીની રેખા નીચે દબાવી રાખે છે. નીચેના ટેબલમાં બનાસકાંઠા જિલ્લામાં 0 થી 20 અને 0 થી ૧૬ સ્કોર ધરાવતા અમીરગઢ અને દાતા તાલુકાના કુટુંબ યાદી આપેલી છે. આ કુટુંબો જીવન પર્યંત દેવાના ડુંગર નીચે દબાયેલા જોવા મળે છે.

### ૩.૧૬ ગરીબીમાં જીવન વ્યતીત કરતા આદિવાસી કુટુંબોમાં ખાદ્ય સુરક્ષા:

**Food Security Status of BPL List (2013-14) Families in Banaskantha**

| Taluka/ District | % of BOL Families (0-20 Score) | | | | | % of BOL Families (0-16 Score) | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | <1M/ DY | 1M/D <1MO | 1M/DY | 2M/ DOS | EFY | <1M/ DY | 1M/D <1MO | 1M/DY | 2M/ DOS | EFY |
| Amirgadh | 6.88 | 12.89 | 8.56 | 54.97 | 16.70 | 12.86 | 19.71 | 11.03 | 47.53 | 8.87 |
| Bhabhar | 11.67 | 24.44 | 12.34 | 42.96 | 8.60 | 16.92 | 27.76 | 11.58 | 38.54 | 5.21 |
| Danta | 2.27 | 10.23 | 6.43 | 71.83 | 9.23 | 3.73 | 14.85 | 8.27 | 69.00 | 4.15 |
| Dantiwada | 4.45 | 16.32 | 14.42 | 46.19 | 18.62 | 7.13 | 22.26 | 16.87 | 43.45 | 10.29 |
| Deesa | 6.10 | 7.10 | 5.35 | 31.65 | 49.80 | 11.33 | 11.69 | 8.19 | 31.98 | 36.81 |
| Deodar | 6.76 | 19.18 | 5.85 | 48.06 | 20.15 | 9.93 | 25.84 | 6.38 | 43.22 | 14.63 |
| Dhanera | 4.34 | 9.37 | 5.95 | 43.50 | 36.84 | 8.28 | 12.68 | 5.90 | 48.36 | 24.78 |
| Kankrej | 8.01 | 13.57 | 9.43 | 49.06 | 19.92 | 11.74 | 17.30 | 11.47 | 45.89 | 13.61 |
| Palanpur | 8.83 | 15.89 | 11.04 | 48.55 | 15.69 | 13.15 | 20.55 | 11.50 | 44.67 | 10.13 |
| Tharad | 6.66 | 12.02 | 7.41 | 47.47 | 26.44 | 11.78 | 17.23 | 9.72 | 46.88 | 14.39 |
| Vadgam | 10.48 | 14.42 | 8.50 | 47.77 | 18.83 | 16.28 | 19.34 | 9.95 | 42.33 | 12.09 |
| Vav | 8.83 | 12.37 | 4.90 | 61.22 | 12.68 | 14.56 | 18.60 | 5.90 | 53.12 | 7.83 |
| Banaskantha | 7.14 | 13.29 | 8.02 | 49.40 | 22.15 | 11.68 | 18.51 | 9.65 | 46.13 | 14.03 |

*Source: Computed from database of Commissionerate of Rural Development, Gujarat (2014)*
Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat

*Note: <1M/DY: Less than 1 square meal per day for major part of the year, 1M/D<1MO: Normally 1 square meal per day, but less than 1 square meal occasionally, 1M/DY: 1 square meal per day throughout the year, 2M/DOS: 2 square meals per day with occasional shortage, EFY: Enough food throughout the year.*

ટેબલમાં રજૂ કરવામાં આવેલી માહિતી જી એસ આઈ ડી એસ, ગુજરાત સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લા માનવ વિકાસ અહેવાલ ની સંશોધન ટીમ દ્વારા ગણતરી કરવામાં આવેલ ખાદ્ય સુરક્ષા અંગેની વિવિધ તાલુકાઓની સ્થિતિ દર્શાવતી માહિતી છે. ટેબલ માં આપેલી માહિતી પરથી જોઇ શકાય છે કે જિલ્લામાં ખાદ્ય સુરક્ષા અંગે આજે પણ ઘણી અનિશ્ચિતતા પ્રવર્તે છે. ખાદ્ય સુરક્ષા અંગે વિવિધ તાલુકાઓને સ્થિતિ સાથે આદિવાસી તાલુકાઓમાં તુલના કરતા જણાય છે કે અત્યંત ગરીબ એવા શૂન્યથી ૧૬ આંક ધરાવતા ગરીબ પરિવારો દાંતા અને અમીરગઢમાં ખૂબ મોટા પ્રમાણમાં અને અસલામતી ભોગવી રહ્યા છે. જોકે અહીં ઉલ્લેખનીય છે કે ખાદ્ય સલામતી માત્ર આદિવાસી તાલુકા પુરતીજ અનિવાર્ય ન રહેતા અન્ય સરહદી તાલુકામાં પણ આ પ્રશ્ન ઘણો ગંભીર છે. બનાસકાંઠા જિલ્લો ભૌગોલિક રીતે વિષમતાઓ થી ભરેલો જિલ્લો હોય અહીં આવક અને રોજગારી ના વિકલ્પો અત્યંત મર્યાદિત છે. રણપ્રદેશ ની અસર હેઠળ અહીં કૃષિ ઉત્પાદકતા પણ ઓછી હોય ઘણા કુટુંબોમાં સરેરાશ આવક સ્તર ઘણું નીચું છે. આ તમામ વિપરીત પરિસ્થિતિની અસર હેઠળ જિલ્લામાં ગરીબ કુટુંબમાં ખાદ્ય સુરક્ષા આજે પણ ગંભીર ચિંતન માંગી લે છે. આદિવાસી પરિવારો માટે ખાદ્ય સુરક્ષા વિશેષ ચિંતન માંગે છે કારણકે આ વસ્તી સમુદાય મૂળ પ્રવાહથી આજે પણ ઠીક ઠીક પ્રમાણમાં અંતર ધરાવે છે. તેઓ ભૌગોલિક રીતે તો અંતરિયાળ જંગલ અને ડુંગરાળ પ્રદેશમાં વસેલા છે જ સાથે સાથે આ સમુદાય સામાજિક રીતે પણ એક પ્રકારનું વંચિત સ્થાન ધરાવે

છે.હાસ્યમાં રહેલા આ આદિવાસી સમુદાય માટે અલાયદી ખાદ્ય સુરક્ષાની જોગવાઈ થાય તો તેમને ખાદ્ય સલામતી નિશ્ચિતપણે હાસલ કરી શકાય.

**Table 5.4: Fair Price Shops in Banaskantha (2014)**

| Taluka/ District | Operator Wise Total Shops (%) | | Category Wise Private Shops (%) | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | Cooperative / SHG | Private | SC | ST | OBC | Handicap | General |
| Amirgadh | 14.29 | 85.71 | 0.00 | 38.89 | 30.56 | 0.00 | 30.56 |
| Bhabhar | 13.64 | 86.36 | 15.79 | 0.00 | 50.00 | 0.00 | 34.21 |
| Danta | 11.48 | 88.52 | 7.41 | 37.04 | 31.48 | 0.00 | 24.07 |
| Dantiwada | 7.50 | 92.50 | 18.92 | 2.70 | 45.95 | 2.70 | 29.73 |
| Deesa | 4.76 | 95.24 | 18.13 | 3.75 | 51.25 | 3.75 | 23.13 |
| Deodar | 6.67 | 93.33 | 8.93 | 0.00 | 37.50 | 3.57 | 50.00 |
| Dhanera | 25.71 | 74.29 | 40.38 | 1.92 | 32.69 | 1.92 | 23.08 |
| Kankrej | 26.44 | 73.56 | 17.19 | 0.00 | 40.63 | 3.13 | 39.06 |
| Palanpur | 11.84 | 88.16 | 28.36 | 2.99 | 39.55 | 3.73 | 25.37 |
| Tharad | 6.19 | 93.81 | 16.98 | 0.94 | 50.94 | 3.77 | 27.36 |
| Vadgam | 16.67 | 83.33 | 38.57 | 0.00 | 38.57 | 2.86 | 20.00 |
| Vav | 6.45 | 93.55 | 21.84 | 0.00 | 27.59 | 6.90 | 43.68 |
| Banaskantha | 11.83 | 88.17 | 20.69 | 5.26 | 41.16 | 3.24 | 29.64 |

*Source: Computed from database of District Supply Office, Banaskantha (2014) Note: SHG: Self Help Groups*
Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat


અને સુરક્ષા સામે થઈ રહેલા પ્રયત્ન મા જાહેર વિતરણ વ્યવસ્થા (પી.ડી.એસ)અત્યંત મહત્વપૂર્ણ યોગદાન ધરાવે છે. નીચે આપેલી માહિતી બનાસકાંઠા જિલ્લામાં સહકારી અને ખાનગી પરવાના હેઠળ સસ્તા અનાજની દુકાનો અંગેની છે. માહિતીમાં જોવા મળે છે કેબનાસકાંઠાના આદિવાસી તાલુકા પૈકીના અમીરગઢ અને દાતા તાલુકાના અન્ય તાલુકાની જેમ જ સહકારી અને પ્રાઇવેટ પરવાના હેઠળ સસ્તા અનાજની દુકાન/ જાહેર વિતરણ વ્યવસ્થા અસ્તિત્વ ધરાવે છે. અહીં આદિવાસી વસ્તી વિપુલ પ્રમાણમાં હોવાથી આદિવાસી સંચાલિત જાહેર વિતરણ વ્યવસ્થાને દુકાન વધુ પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે. અમીરગઢ તાલુકામાં જાહેર વિતરણ વ્યવસ્થા૩૯% અને દાતા તાલુકામાં ૩૭% દુકાનો આદિવાસી સમુદાય દ્વારા સંચાલિત થતી જોવા મળી છે. અહીં વસ્તી પ્રમાણમાં આદિવાસી વસ્તી પ્રમાણે ઘણું જ ઊંચું છે. આદિવાસી સમુદાયની વસતીના પ્રમાણે તુલનામાં તેમના દ્વારા સંચાલિત થતી જાહેર વિતરણ વ્યવસ્થા ની દુકાન અતિ અલ્પ પ્રમાણમાં કહી શકાય. અહીં પ્રશ્ન એ છે કે જાહેર વિતરણ વ્યવસ્થામાં દુકાન ની માલિકી, દુકાન નું સંચાલન આદિવાસી અથવા બિન આદિવાસી હોય પરંતુ જો તે સ્થાનિક પ્રજાને યોગ્ય સેવા આપે તો તેના સ્થાપના પાછળના ઉદ્દેશોસિદ્ધ કરી શકાય. અપેક્ષા એવી રાખી શકાય કે આદિવાસી વિસ્તારોમાં આદિવાસી સહકારી મંડળીઓ દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થાને અમલ કરવામાં આવે તો સ્થાનિક જ

રૂરિયાતોને ધ્યાનમાં રાખી સ્થાનિક લોકો જ યોગ્ય નિર્ણય કરી જાહેર વિતરણ વ્યવસ્થા થકી વધુ સારા પરિણામ મેળવી શકે. જાહેર વિતરણ વ્યવસ્થા ખાદ્ય સુરક્ષાનું મહત્વના અંગે છે. અંતરિયાળ ગ્રામ્ય પ્રદેશોમાં આ વિતરણ વ્યવસ્થા થકી ખાદ્ય સલામતી મેળવવાની છે. આવા સંજોગોમાં જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ કરી તેને મર્યાદાઓને નિવારી પ્રદેશમાં આદિવાસી સશક્તિકરણ વેગવંતુ બનાવી શકાય.


બનાસકાંઠા જિલ્લામાં પાણીના પ્રશ્નો અને આદિવાસી વિકાસ: ભૌગોલિક રીતે જોવામાં આવે તો બનાસકાંઠા જિલ્લો ડુંગરાળ પ્રદેશ, રણપ્રદેશ, મેદાન પ્રદેશ અને જંગલ પ્રદેશ એમ જુદી જુદી ભૌગોલિક ખાસિયતો ધરાવે છે. જુદી જુદી ભૂગોળ હોવાના કારણે જિલ્લામાં પાણીની પ્રાપ્યતા અને પાણીની ગુણવત્તા જુદાજુદા સ્ત્રોત અને જુદાજુદા સ્ત્રોત ની જુદી-જુદી ગુણવત્તાના આધારે ખુબજ વૈવિધ્યસભર પાણીના પ્રશ્નો ધરાવે છે. આદિવાસી જિલ્લાઓ અમીરગઢ અને દાતા ઉત્તર-પૂર્વ બનાસકાંઠા જિલ્લાના ઊંચાણવાળા પ્રદેશમાં આવેલા હોવાથી અહીં પીવાના પાણીની તેમજ સિંચાઈના પાણીની વિવિધ પ્રકારની હાડમારી ધરાવે છે. જિલ્લામાં અન્ય તાલુકાઓમાં પાણીના પ્રશ્નો મુખ્યત્વે તેની ગુણવત્તા અને અછત ને લગતા છે. આદિવાસી તાલુકાઓમાં પાણીની અછત મુખ્ય વિષય છે જોકે પાણીની અછતની સાથે પાણીની ગુણવત્તા ના પ્રશ્નો પણ તેટલા જ ગંભીર છે. પાણીની અછતના પરિણામે આદિવાસી તાલુકાઓની ખેતી મુખ્યત્વે બિનપિયત છે. મોટાભાગના એરિયાને જો પિયત હેઠળ લાવી શકાય તો ખેતીમાં એક કરતા વધુ પાકો તેમજ, આધુનિક ટેકનોલોજી અપનાવીને ખેતીની આવક ને વધારી શકાય. આદિવાસી તાલુકા જ્યાં ખેતીની આવક કુટુંબની આવક નો મુખ્ય સ્રોત હોય ખેતીમાં ઉત્પાદકતા અને આવક વધારી ને પ્રદેશના આર્થિક વિકાસને વેગ આપી શકાય.

**Figure 5.11: Water Quality Profile of Banaskantha**

**Sources Tested for Water Quality 2008-12**




**Sources Tested for Water Quality 2008-12**



Source :Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat

માહિતી દર્શાવે છે કે દાતા તાલુકામાં સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં પાણીની ગુણવત્તા અંગે સૌથી વધુ ગંભીર પરિસ્થિતિ છે. બનાસકાંઠા જિલ્લાના તાલુકા જેવા કે દાંતીવાડા, ડીસા, અમીરગઢ, દાતા, ધાનેરા, પાલનપુર અને વડગામમાં પાણીની ગુણવત્તા ના પ્રશ્નો ખૂબ જ વિકટ છે.પાણીની ગુણવત્તા પીવાના પાણીનો પ્રશ્ન તો વિકટ બનાવે જ છે પરંતુ સાથે સાથે તે ખેતી અને સિંચાઈના પાણી ને લગતા પ્રશ્નો પણ વિકટ બનાવે છે. પાણીની ગુણવત્તાથી જમીનની ગુણવત્તા સીધેસીધી પ્રભાવિત થાય છે. દાતા તાલુકામાં જ્યાં પાણીની ગુણવત્તા જિલ્લામાં સૌથી વધુ ભયજનક રીતે પ્રશ્નો ધરાવે છે ત્યાં ખેતીની જમીન અને તેની ફળદ્રુપતા ઘણી પ્રભાવિત થઈ છે. આદિવાસી તાલુકાઓમાં જો ખેતી ની ગુણવત્તા સુધારવી હોય, ઉત્પાદકતા વધારવી હોય, ખેડૂતોને જીવનધોરણ સુધારવું હોય તો સિંચાઈના પાણીની ગુણવત્તાના પ્રશ્નો અગ્રતાક્રમ આપીને વિચાર હેઠળ લાવવા પડશે

## ૩.૧૭ આદિવાસી સ્થળાંતરકરતાં શ્રમિકોના પ્રશ્નો

આદિવાસીઓમાં સ્થળાંતરના પ્રશ્નો: વિકાસની પ્રક્રિયા દરમિયાન એક પ્રદેશ માંથી બીજા પ્રદેશમાં વધુ સારા વિકલ્પોની ખોજ માટે સ્થળાંતર સહજ બાબત છે. સ્થળાંતર દ્વારા વધુ સારા વિકલ્પો મેળવીને આર્થિક વિકાસની પ્રક્રિયા એક વ્યક્તિ. એક કુટુંબ અને એક સમાજ વેગવંતી બનાવે છે.બનાસકાંઠા જિલ્લાના આદિવાસી પ્રદેશમાં જોવા મળતુ સ્થળાંતર મુખ્યત્વે “ધક્કા” પ્રકારનું ( push migration)છે.આ સ્થળાંતરમાં મુખ્યત્વે અસ્તિત્વ ટકાવી રાખવા માટેના સંઘર્ષો કેન્દ્રમાં છે. અહીં સ્થળાંતર કરીને સારો વિકલ્પ મેળવવાનું કોઈ કારણ નથી. અહીં સ્થળાંતર એકમાત્ર વિકલ્પ છે. સ્થળાંતરની ગેરહાજરીમાં અસ્તિત્વ ટકાવી રાખવું જ્યારે અશક્ય બને છે/ અત્યંત દુષ્કર બને છે તેવા સંજોગોમાં સ્થળાંતર એકમાત્ર વિકલ્પ હોવાથી તેની પસંદગી થતી જોવા મળે છે. આ સ્થળાંતર મોટાભાગે બિન કેળવાયેલા અથવા અર્ધ-કેળવાયેલા શ્રમિકો દ્વારા થતું જોવા મળે છે. આ સ્થળાંતરમાં શ્રમિકો રોજગારી અર્થે બહાર જાય છે તેઓ ખૂબ જ ઊંચા શોષણનો શિકાર થતા જોવા મળે છે. જો કોઈ સરકારી પ્લેટફોર્મ દ્વારા આ પ્રકારના સ્થળાંતરને નિયંત્રિત કરવામાં આવે તો આ શોષણને નિવારી શકાય.

સ્થળાંતરના સમય દરમ્યાન આદિવાસી કુટુંબમાં બાળકોના શિક્ષણના પ્રશ્નો અત્યંત વિકટ બને છે. સરકાર દ્વારા જે આદિવાસી પ્રદેશોમાં વધુ પ્રમાણમાં ઋતુજન્ય સ્થળાંતર થાય છે, તેવા પ્રદેશો માં તેમના બાળકોના શિક્ષણ અને ભરણપોષણ માટે કામચલાઉ હોસ્ટેલની વ્યવસ્થા ઊભી કરવામાં આવે છે. આ પ્રકારની “hostel for seasonal migration family” વ્યવસ્થા અત્યંત આવકારદાયક છે. જોકે આ પ્રકારની વ્યવસ્થા સમસ્યાનો કાયમી ઉકેલ નથી.

આદિવાસીઓને પ્રદેશમાં સ્થાનિક સ્તરે રોજગારી સર્જન તે આ પ્રકારના ધક્કા આધારિત થતા વિકલ્પ વિહોણા સ્થળાંતરનો કાયમી ઉકેલ હોઈ શકે. નીચે આપેલી માહિતી સ્થાનિક સ્તરે

રોજગારી સર્જન માટે સરકાર દ્વારા કરવામાં આવેલા અંગેની છે. આદિવાસી વિસ્તારોમાં આ યોજના અને કાર્યક્રમ કેવો પ્રતિસાદ મળી રહ્યો છે તે અંગેની ચર્ચા કરવામાં આવેલ છે.

### ૩.૧૮ ગરીબ બેરોજગાર વ્યક્તિઓ માટેની રોજગારલક્ષી યોજના/ કાર્યક્રમ અને આદિવાસી વિકાસ:

| યોજના/ કાર્યક્રમ | **Brief Details of Schemes / Programs** |
|---|---|
| સુવર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના (SGSY) | સ્વસહાય જુથને કેન્દ્ર દ્વારા સ્વરોજગારી નિર્માણ અર્થે કેપેસિટી બિલ્ડીંગ પ્રોગ્રામ, સબસીડી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફેસીલીટી, ઋણ, કેળવણી અને તાલીમ, વીમા મને માર્કેટિંગ વગેરે જેવા હેતુ અંતર્ગત સહાય કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત બીપીએલ અને એ.પી.એલ નું પ્રમાણ 80:20 રાખવાનું હોય છે. યોજના ગ્રેડ-II ધરાવતા કોઈપણ સ્વ સહાય જૂથ અડધી કરી શકે છે. આદિવાસી વિસ્તારોમાં સ્થાનિક રોજગારી સર્જન માટે આ પ્રકારના સ્વરોજગારી સ્વસહાય જૂથ દ્વારા સર્જન કરતા કાર્યક્રમો અત્યંત આવકારદાયક છે. |
| મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાયંધરી કાયદો/કાર્યક્રમ (MGNREGA) | આ યોજના અંતર્ગત100 દિવસની વાર્ષિક રોજગારીની ખાતરી આપવામાં આવે છે. જે ગ્રામીણ કુટુંબોના પુખ્ત સભ્યો બિન કેળવાયેલા શ્રમ કરવાની તૈયારી બતાવે છે તેમને પંચાયત દ્વારા રોજગારી પૂરી પાડવામાં આવે છે. મુખ્યત્વે પાણી સંગ્રહની વ્યવસ્થા, વૃક્ષારોપણ, સિંચાઈ, પરંપરાગત જળ સંચયનું નવીનીકરણ, પુર નિયંત્રણ વગેરે જેવા કાર્યો આ યોજના અંતર્ગત હાથ ધરાય છે. આદિવાસી વિસ્તારોમાં જ્યાં ઉપરોક્ત ગ્રામીણ ક્ષેત્રે સુવિધાઓ અપૂરતી અથવા કંગાળ અવસ્થા માં છે તેવા પ્રદેશના આ પ્રકારની યોજનાઓ જો યોગ્ય રીતે અમલમાં મૂકવામાં આવે તો બેવડી રીતે ફાયદાકારક છે. એક બાજુ તેનાથી સ્થાનિક ક્ષેત્રે રોજગારીનું નિર્માણ થશે જ્યારે બીજી બાજુ આદિવાસી વિસ્તારોમાં સામુદાયિક સંપત્તિ નિર્માણ થશે. ઉપરોક્ત બંને રીતે જોતા આ યોજના અંતરિયાળ આદિવાસી વિસ્તારો માટે અત્યંત લાભકારક સાબિત થઈ શકે છે. ઉપરોક્ત યોજના ની મર્યાદા છે કે આ યોજના અંતર્ગત ભ્રષ્ટાચાર અને ગેરરીતિના ખૂબ જ મોટા પ્રમાણમાં બનાવો બની રહ્યા છે. યોગ્ય સ્વરૂપનું નિરીક્ષણ કરી જો આ પ્રકારની ગેરરીતિ અને ભ્રષ્ટાચાર ને રોકવામાં આવે તો આ પ્રકારની યોજનાઓ આંતર્યા આદિવાસી પ્રદેશો માટે ખૂબ જ લાભકારક સાબિત થાય તેમ છે. આદિવાસી વિસ્તારોમાં આર્થિક વિકાસ માટે આ પ્રકારની યોજનાઓ ખુબજ ફળદાયી સાબિત થઈ શકે તેમ છે પરંતુ શરત માત્ર એટલી છે કે આ પ્રકારની યોજનાઓ માં ભ્રષ્ટાચાર અને ગેરરીતિ યોજનાને લાભને નાશ કરતી ન હોવી જોઈએ. |


| | |
|---|---|
| ઇન્દિરા આવાસ યોજના | BPL યાદીમાં નોંધાયેલા ગરીબ કુટુંબો માટે ની આયોજના અંતર્ગત ઘર બનાવવા માટે તેમને મેદાન પ્રદેશ માટે 45000 અને ડુંગરાળ પ્રદેશ માટે 48500 રૂપિયાની સહાય કરવામાં આવે છે. આ યોજનામાં 75:25 ના પ્રમાણ પ્રમાણે SC/ST કુટુંબમાં ઘરવિહોણા માટે સ્ત્રી ના નામ ઉપર ઘર બનાવવાની સહાય આપવામાં આવે છે. 60% કુલ ભંડોળ SC/ST માટે અનામત રાખવામાં આવે છે. આદિવાસી વિસ્તારોમાં ગરીબ આદિવાસી કુટુંબમાં જ્યાં ઘરની ખૂબ જ છે તેવા પ્રદેશોમાં આ પ્રકારની યોજના દ્વારા તેમને ઘરનું ઘર મળે તે અત્યંત આવકારદાયક છે. આ પ્રકારની યોજના થકી આદિવાસી વિસ્તારોમાં ગરીબી સામે તો રક્ષણ મળશે જ પણ પાકા મકાન બનવાથી આદિવાસીઓના આર્થિક વિકાસમાં પણ પ્રગતિ આવશે. |
| સરદાર પટેલ આવાસ યોજના (SPAY) | આ યોજના બીપીએલ યાદીમાં સમાવિષ્ટ ઘરવિહોણા ગરીબ કુટુંબને મફતમાં ઘર માટે પ્લોટ આપવામાં આવે છે અને મકાન ની કિંમત 43000 પૈકી 36000 સરકાર દ્વારા આપવામાં આવે છે 7000 જે તે લાભાર્થીએ પોતે ભોગવવાના રહે છે. બિન આદિવાસી પ્રદેશમાં રહેતા આદિવાસી કુટુંબો. અન્ય ગામમાં જઈને વસેલા આદિવાસી કુટુંબો કે જેઓ જે તે પ્રદેશમાં ઘર વિહોણા છે તેમના માટે આ યોજના થકી પોતાનું ઘર બનાવવાનું ઘણું જ સરળ થઈ પડે તેમ છે. મૂળ જગ્યાએથી વિસ્તારથી દૂર થઈને અન્ય જગ્યાએ સ્થાઈ થયેલા આદિવાસી કુટુંબોઓ માટે આ યોજના વરદાન સાબિત થઈ શકે. |
| ઈન્ટિગ્રેટેડ વોટરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ (IWMP) | આદિવાસી બહુમતીના વિસ્તારો મુખ્યત્વે જંગલ પ્રદેશ છે. આ પ્રદેશોમાં પર્યાવરણ વૈવિધ્ય અને સમૃદ્ધિ ખુબ જોવા મળે છે. વોટરશેડ યોજના આ પ્રકારના કાર્યક્રમ અંતર્ગત પર્યાવરણીય સમતુલા જાળવવા અને કુદરતી સંસાધનને અસંતુલિત થતું રોકવા માટે આ પ્રકારની યોજનાઓ અત્યંત ફાયદાકારક છે. આ યોજના થકી પ્રદેશમાં પર્યાવરણીય સમતુલા જળવાઈ રહે છે જ્યારે તેના થકી સિંચાઈ અને વોટર મેનેજમેન્ટ થવાથી ખેતીમાં સમૃદ્ધિ લાવી શકાય છે. ખેતીમાં ટેકનોલોજીકલ પરિવર્તનો અને આધુનિક ખેતી ની મદદથી ઉત્પાદકતા વધારી શકાય છે અને પાકની ગુણવત્તા સુધારીને ખેડૂત કુટુંબોની આવક વધારી શકાય છે. ઉપરોક્ત વોટરશેડ ની અસરોને ધ્યાનમાં લઈને આ પ્રકારના બહુહેતુક વોટરશેડ અસ્તિત્વમાં આવે અને તેનું યોગ્ય મેનેજમેન્ટ થાય તો નિશ્ચિંત રીતે પ્રદેશના આદિવાસી કુટુંબોને ફાયદાકારક સાબિત થાય. જિલ્લાના કુલ વોટર શેડ પૈકી/ કુલ લાભાર્થી કુટુંબો પૈકી/ વોટર શેડ યોજના ના કુલ બજેટ પૈકી અમુક નિશ્ચિત હિસ્સો આદિવાસી વિસ્તાર/ આદિવાસી કુટુંબ પૈકી જો અનામત કરી દેવામાં આવે તો વધુ સંસાધનો આદિવાસી સમાજને ફાળવી શકાય. |

| | |
|---|---|
| ગોકુલ ગ્રામ યોજના | ગ્રામજનોના સહકાર અને સહયોગ દ્વારા વિવિધ યોજનાઓ થકી ગામમાં વિકાસ કામો હાથ ધરવા માટે ની યોજના તેના સ્વરૂપને જોતા જ આદિવાસી સમાજમાં અનુકૂળ સાબિત થઇ રહી છે. આદિવાસી સમાજમાં ગ્રામીણ સ્તરે સહકારની ભાવના સવિશેષ હોય છે. ગામના સહિયારા ઉદ્દેશને સિદ્ધ કરવા ગ્રામજનો એકત્રિત થઈને સહિયારો વિકાસ સાધી શકે છે. |
| પછાત વિસ્તાર માટેની ગ્રાન્ટ ભંડોળ (BRGF) | પછાત વિસ્તાર માટેની ગ્રાન્ટ ભંડોળ હેઠળ પ્રાદેશિક ઓ સમાનતાને દૂર કરવા માટે સરકાર પ્રયત્ન કરે છે. જેમાં વિકાસ કાર્યોને પછાત તરીકે ઓળખી કાઢેલા જિલ્લાઓ માટે રાય કરવામાં આવે છે. પ્રાદેશિક સ્તરે પાયાની સુવિધાઓમાં જ્યાં અછત રહે છે તેવા પ્રદેશો માટે આ પ્રકારની યોજનાઓ ખુટતુ ભંડોળ પુરૂ પાડવામાં આવે છે. આદિવાસી સમાજ પ્રાદેશિક રીતે પણ પછાત એવા ડુંગરાળ અને જંગલ પ્રદેશમાં નિવાસ કરતો હોય. ઐતિહાસિક રીતે આ પ્રદેશોનું પાયાનું માળખું ઘણું નબળું હોય આ પ્રકારની યોજનાઓ થકી પ્રદેશના પાયાની સુવિધાના માળખાને વિકાસ કરવાની બહુ મોટી તક રહેલી છે. |
| ટોટલ સેનિટેશન કેમ્પેઇન (TSC) | ટોટલ સેનિટેશન કેમ્પેઇન દ્વારા એપીએલ અને બીપીએલ બંને પ્રકારના કુટુંબોને આવરી લેવામાં આવે છે. આ કેમ્પેન હેઠળ બીપીએલ કુટુંબોને સબસીડી પ્રોત્સાહન મળવાપાત્ર થાય છે. આ યોજના હેઠળ શાળાઓ અને આંગણવાડીમા પણ સંડાશ ની સુવિધાઓ વિકસાવી શકાય છે. આદિવાસી વિસ્તારોમાં જ્યાં હજુ ટોટલ સેનિટેશન વિકાસ પામ્યું નથી. સેનિટેશનની અછતના કારણે તેમના સ્વાસ્થ્ય પ્રશ્ન પણ વિકટ છે તેવા પ્રદેશોમાં આ પ્રકારના કેમ્પેન હેઠળ તેમને વધુ ને વધુ હેતુલક્ષી સહાય મળે અને સેનીટેશન સુવિધા ઘરે-ઘરે અને શાળા/ આંગણવાડીમાં વિકાસ પામે તો તેમના સ્વાસ્થ્ય ધોરણમાં સુધારો કરીને માનવ વિકાસ સ્તર સુધારી શકાય. આ પ્રકારના પ્રયત્નો દ્વારા પરોક્ષ રીતે આદિવાસી વિકાસ ને વેગવંતુ બનાવી શકાય. |
| સખીમંડળ યોજના (SMY) | મહિલાઓ ગરીબીના કારણે ગ્રામીણ પ્રદેશોમાં જ્યાં તકોનો અભાવ છે તેવા પ્રદેશો માટે/ તેવી મહિલાઓ માટે સશક્તિકરણ માટેની આ યોજના છે. જેના થકી મહિલાઓ તેમનું જીવન સુધારી શકે છે. મહિલાઓ દ્વારા સ્વસહાય જૂથ નું નિર્માણ કરવામાં આવે અને આ સહાય જૂથ ને ધિરાણ આપવામાં આવે તે પ્રકારની આ યોજનાઓ મહિલાના જૂથને ધિરાણ આપી ને સ્વરોજગારી માટે પ્રોત્સાહિત કરે છે. આદિવાસી વિસ્તારોમાં જ્યાં તુલનાત્મક રીતે મહિલાઓ માટે સામાજિક અંકુશો/ નિયંત્રણો ઓછા છે એવા પ્રદેશોમાં આ પ્રકારના સખી મંડળો દ્વારા મહિલાઓને સશક્ત કરી કુટુંબની આવક વધારવામાં ખૂબ જ સહાય મળી શકે તેમ છે. |

| | |
|---|---|
| અંત્યોદય અન્ન યોજના | કેન્દ્ર સરકાર દ્વારા ગરીબ પૈકીના અતિ ગરીબ કુટુંબની અને જરૂરિયાત પૂરી કરવા માટેની યોજના છે જે અંતર્ગત તેમને ૨૫ થી ૩૫ કિલો અનાજ પ્રત્યેક મહિને અત્યંત નીચા દરે પુરૂ પાડવામાં આવે છે. અહેવાલમાં અગાઉ દર્શાવ્યું છે તે મુજબ અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં ખાદ્ય સુરક્ષા ના પ્રશ્નો આજે પણ ગંભીર પ્રકારના છે. આ પ્રકારની યોજના થકી આદિવાસી કુટુંબમાં ખાદ્ય સુરક્ષાની ખાતરી કરવામાં આવે તો તેના થકી આદિવાસી વિસ્તારોમાં પ્રવર્તમાન અને અસલામતીની સમસ્યાને નિવારી શકાય તેમ છે. આ પ્રકારની યોજના બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ પ્રદેશોમાં જ્યાં આજે પણ ખાદ્ય સલામતી જોવા મળે છે તે માટે આવકારી શકાય. તેનું સ્વરૂપ જોતાં સૌના માટે ની આયોજના આપોઆપ ગરીબમાં ગરીબ એવા અતિ ગરીબ આદિવાસી કુટુંબોને લાભ અપાવી જશે. |

### 3.19 પછાત વિસ્તાર વિકાસ કાર્યક્રમ (The Backward Regions Grant Fund-BRGF)

Progress made under BRGF Plan in Banaskantha (2013-14)




*Source: Based on database of District Development Office, Banaskantha (2014)* Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat

પછાત વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ બનાસકાંઠા જિલ્લામાં જે કુલ કામ કરવામાં આવી રહ્યા છે તેમાં અમીરગઢ તાલુકો ઠીક ઠીક પ્રમાણમાં પ્રગતિ કરી રહેલ દેખાય છે. જિલ્લાના અન્ય તાલુકાની સરખામણી માં અહીં જે લક્ષ્યાંક આપવામાં આવેલા છે તે લક્ષણો100% પૂર્ણ કરવામાં આવેલા છે. આ જ પ્રમાણે અહીં નાણાકીય લક્ષ્યાંકો એટલે કે કુલ ભંડોળ ખર્ચ અંગે ના લક્ષણો

પણ 97% પૂર્ણ કરવામાં આવેલા છે. આદિવાસી તાલુકા પૈકીનો બીજો તાલુકો દાંતા તાલુકો આ બાબતમાં જિલ્લામાં સૌથી ખરાબ પ્રદર્શન દર્શાવે છે. અહીં લગભગ 92% ભંડોળના નાણાકીય લક્ષણ પ્રાપ્તિ કરવામાં આવી છે પરંતુ ભૌતિક લક્ષ્યના માત્ર 65% લક્ષ્યાંક સિદ્ધ કરવામાં આવ્યો છે જે સમગ્ર બનાસકાંઠા જિલ્લાનું ન્યૂનતમ છે. આમ બનાસકાંઠા જિલ્લામાં આદિવાસી તાલુકા પૈકીના અમીરગઢ અને દાતા પછાત વિસ્તાર વિકાસ કાર્યક્રમ અંતર્ગત એક સમાન પ્રદર્શન ન કરતા અત્યંત ભિન્ન પ્રદર્શન દર્શાવી રહ્યા છે. આદિવાસી વિકાસ ની બાબત કહી શકાય કે જો એક જ જિલ્લાના બે પાસેપાસે ના તાલુકાઓ એક જ યોજના હેઠળ આ પ્રમાણે ભિન્ન પ્રદર્શન કરે છે તો રાજ્યના જુદા જુદા તાલુકામાં આવેલા જુદા જુદા આદિવાસી સમુદાયો જુદી-જુદી યોજનામાં વિકાસ કાર્યક્રમ માં કેટલી ભિન્નતા દર્શાવી શકે? આ પ્રકારના પગલાં પાછળ કારણ એ છે કે આદિવાસી સમાજ વિવિધ પેટા જ્ઞાતિઓ સમૂહ અને અન્ય સામાજિક અસર હેઠળ જુદા જુદા મંતવ્યો અને જુદી જુદી માનસિકતા ઓ ધરાવે છે જેના થકી તેઓ જુદા જુદા વિકાસ કાર્યક્રમને જુદો જુદો પ્રતિભાવ આપી રહ્યા છે.

### 3.20 આદિવાસી તાલુકાઓમાં ઘર રોજગારી અને અન્ય (સીધી/ પ્રત્યક્ષ) સહાય યોજનાઓ:

**Provision of Employment, Housing and Sanitation**

**Progress under Various Schemes and Programs in Banaskantha (2013-14)**

| Taluka / District | SGRY Since 2001-02 | MNREGA 2010-11 | IAY Since 2001 | Sakhi Mandal Since 2007-08 | TSC Since 2004-05 | SPAY Since 2001-02 |
|---|---|---|---|---|---|---|
| | Self Employment | Wage Employment | Houses | Beneficiaries (Cash Credit) | BPL Beneficiaries | Free Plots |
| Amirgadh | 1630 | 6977 | 5907 | 432 | 9757 | 221 |
| Danta | 1861 | 4726 | 6300 | 477 | 11656 | 1751 |
| Banaskantha | 21348 | 47513 | 70228 | 8756 | 143981 | 31292 |

*Source: Compiled from database of District Rural Development Agency, Banaskantha (2014)*
Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat

વિવિધ યોજનાઓ જેવી કે SGRY, સખીમંડળ, ઇન્દિરા આવાસ યોજના,SPAY,TSC વગેરે યોજનાઓ બનાસકાંઠા જિલ્લામાં આદિવાસી વિસ્તારોમાં કાર્યાન્વિત છે. વિવિધ યોજનાઓ હેઠળ જિલ્લામાં કેવા પરિણામ મેળવી શકાયા છે અને તેની તુલનામાં આદિવાસી તાલુકાઓમાં કેવા પરિણામ હાંસલ થયા છે? તેનો તુલનાત્મક અભ્યાસ કરવા નીચેનું ટેબલ રજુ કરેલ છે જોકે આ ટેબલમાં દર્શાવેલા આંકડા/ માહિતી ટકાવારી સ્વરૂપની નથી, જેથી કરીને જિલ્લા સાથે તેની સરખામણી કરવી સીટી પ્રત્યક્ષ રીતે શક્ય નથી. ઉપરોક્ત માહિતી જિલ્લાની કુલ વસ્તીના કેટલા ટકા વ્યક્તિઓ જે તાલુકામાં રહે છે તેના પ્રમાણસર જિલ્લાની કુલ સિદ્ધિ જે તે તાલુકાની સિદ્ધિ સાથે મેળ ખાય છે કે કેમ ? તેની તુલના શક્ય બને છે.

પીવાના પાણી માટેની વ્યવસ્થામાં બનાસકાંઠા જિલ્લા ના આદિવાસી તાલુકાઓની સ્થિતિ: બનાસકાંઠા જિલ્લા આવેલા આદિવાસી તાલુકાઓમાં પીવાના પાણી માટે ઘણી મુશ્કેલી અનુભવાઇ રહી છે.1999 ના વર્ષમાં પીવાના પાણી અંગે સુધારાત્મક કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યું છે.જે અંતર્ગત કુલ 67 જિલ્લાઓની દેશમાંથી પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત પસંદગી કરવામાં આવી. આ જિલ્લાઓ પૈકી ગુજરાત રાજ્યમાં કુલ ત્રણ જિલ્લા આવેલા હતા બનાસકાંઠા જિલ્લો આ ત્રણ લીલા પૈકીનો એક હતો. આ તંત્ર કાર્યક્રમ મુખ્ય આધાર તે જે તે સમુદાયની ભાગીદારી દ્વારા પીવાના પાણીની વ્યવસ્થા કરવા અંગેનો હતો. સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત આજે પણ બનાસકાંઠા જિલ્લાની પસંદગી થયેલ છે. આ ઉપરાંત , Water and Sanitation Management Organization (WASMO). જિલ્લામાં કાર્યરત વિવિધ એજન્સીઓ અને વિવિધ કાર્યક્રમો આદિવાસી વિસ્તારોમાં પણ પીવાના પાણી નહીં સમસ્યાને લઈને સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. આદિવાસી વિસ્તારોના ભૌગોલિક વિસ્તાર મુખ્યત્વે ઉંચાઇ ઉપર આવેલા પર્વતીય પ્રદેશ છે. આ કારણથી તેમને પીવાના પાણી માટે જળ સંચય અને પાણી પુરવઠા માટેની વ્યવસ્થા કરવી તુલનાત્મક રીતે વધુ પડકારજનક છે. આદિવાસી વિસ્તારના ભૌગોલિક પડકારો તેમની પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં વધારો કરી રહ્યા છે. નીચે આપેલા ટેબલમાં સ્વજલધારા યોજના અંતર્ગત ક્ષેત્રીય ફેરફાર કાર્યક્રમ દ્વારા બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને દાતા તાલુકામાં થયેલી પ્રગતિ અંગેની માહિતી આપે છે.

**: Swajaldhara / Sector Reform Scheme in Banaskantha**

| Taluka / District | Total Villages | Pani Samitis Formed | VAP Approved by VWSC | Schemes Approved by DWSC | Schemes Completed | Schemes Under Progress | Water Quality Teams Formed |
|---|---|---|---|---|---|---|---|
| Amirgadh | 69 | 69 | 14 | 14 | 7 | 7 | 69 |
| Danta | 184 | 180 | 44 | 44 | 29 | 15 | 155 |
| Banaskantha | 1250 | 1247 | 393 | 393 | 271 | 122 | 1068 |

*Source: Compiled from database of* Water & Sanitation Management Organization, Gujarat *(2011) Note: VAP: Village Action Plan.* Human development Report, Banashkahtha District. GSIDS,Government of Gujarat

## ૨.૨૧ રોજગારી માટે ના વિવિધ વિકલ્પો:

બનાસકાંઠા જિલ્લો ખેતીની બાબતમાં તુલનાત્મક રીતે પછાત કહી શકાય. અહીં જિલ્લામાં બનાસકાંઠા જિલ્લામાં રોજગારીના ખૂબ જ ઓછા વિકલ્પો છે અહીં ઔદ્યોગિકરણ ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં વિકાસ પામ્યું છે. અહીં ખેતી પણ રણ પ્રભાવિત અને ડુમરાળ, પથરાળ પ્રદેશના કારણે ખુબજ મર્યાદિત પ્રમાણમાં વિકાસ પામી છે. આવા સંજોગોમાં બનાસકાંઠા જિલ્લો રોજગારીના વિકલ્પો ખુબજ ઓછા પ્રમાણમાં ધરાવે છે. અહીં વિવિધ સરકારી એજન્સીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ થકી રોજગારીના વૈકલ્પિક રસ્તાઓ માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. પ્રદેશમાં SEWA સંસ્થા દ્વારા પણ પ્રયત્ન કરવામાં આવી અહીં તેમની ક્ષમતા વર્ધન કરીને વિવિધ પ્રકારના ઉત્પાદન ક્ષેત્રે વિકસે તે માટે ના પ્રયત્નો થઇ રહ્યા છે.

**બનાસ- ક્રાફ્ટ:**

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પરંપરાગત રીતે જિલ્લાની મહિલાઓ દ્વારા કરવામાં આવશે વિવિધ ભરતગુંથણ અને અન્ય રોજગારી વર્ધન કલાત્મક સર્જન ને બજાર સુધી પહોંચાડવાનો છે. આ યોજના હેઠળ તેમની  સહિયારી જવાબદારી બને અને ઉત્પાદન થયેલા કલાત્મક નમૂના માંથી તેમને સહિયારો નફો પ્રાપ્ત થાય તે માટે આ પ્રકલ્પ કામ કરે છે. આ અંતર્ગત મહિલાઓના સમૂહ બનાવી ને હસ્તકલા જેવી કલાત્મક પ્રવૃત્તિઓ માટેની ઉત્પાદક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં, દેશમાં અને વિદેશમાં આ કલાત્મક નમુનો બજાર પ્રાપ્ત થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવે છે. આ પ્રકારના પ્રયત્નોમાં છૂટક વેચાણ અને જથ્થાબંધ વેચાણ બંને પ્રકારના પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. બનાસ- ક્રાફ્ટના પોતાના સ્ટોર અને વિવિધ પ્રદેશોમાં આ બનાવટોની વેચાણ માટે વ્યવસ્થા કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત 300 જેટલા મંડળ (કે જેમાં ૧૦,000 જેટલી મહિલાઓ સંકળાયેલી છે) નો સમાવેશ થાય છે.Source: Isabelle Guerin and Jane Palier (2005), Field Survey, Tharad (2011).

જિલ્લાના અન્ય તાલુકાઓમાં  ચાલતી હસ્તકળા અને અન્ય પ્રવૃત્તિઓ કે જેમાં મુખ્યત્વે મહિલા મંડળ પોતાના હુન્નરનો ઉપયોગ કરીને  વૈકલ્પિક સ્રોત દ્વારા આવક મેળવી રહી છે. આ પ્રકારના હસ્તકલાના નમૂનાઓ પ્રદેશના આદિવાસી સંસ્કૃતિઓમાં પણ વ્યાપક પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે. આદિવાસી મહિલાઓ અને આદિવાસી પુરુષોના પોતાની સંસ્કૃતિના હસ્તકળા અને અન્ય કલાકારીગરી ના નમૂનાઓની માર્કેટિંગ વ્યવસ્થા છૂટક અથવા જથ્થાબંધ સ્વરૂપમાં સરકારી પ્રયત્ન દ્વારા વિકસાવવામાં આવે તો પ્રદેશના આદિવાસી સમાજમાં વૈકલ્પિક રોજગારી ખૂબ જ ફળદ્રુપ વિકલ ઉભો થઈ શકે તેમ છે. આદિવાસી હાર્ટ અને અન્ય સરકારી પ્રયત્નો દ્વારા આ પ્રકારના પગલાં લેવાયેલા છે, પરંતુ આ પગલાં હજુ અપૂરતા છે જે રીતે બનાસ- હાટ બ્રાન્ડ સર્જન કરીને એક જ બ્રાન્ડ નીચે વિવિધ કલાત્મક નમૂના માટે વેચાણ વ્યવસ્થા કરવામાં આવી કેવી રીતે જિલ્લાના આદિવાસી કલાત્મક  નમૂનાઓ માટે પણ એક બ્રાન્ડ સર્જન કરી એક જ બ્રાન્ડ હેઠળ વિવિધ નમુનો વેચાણ કરવા માટેની વ્યવસ્થા ઊભી કરવામાં આવે તો આ પ્રકારના પ્રયત્નોને વધુ સારી સફળતા મળવાની શક્યતા છે.

## જિલ્લાની ખેતી, પશુપાલન અને અન્ય પ્રવૃતિઓમા આદિવાસી સમાજની વિકાસ શક્યતાઓ:

દાતા જેવા આદિવાસી તાલુકામાં અડધ ઉપર ની જમીન બિન-સિંચિત વિસ્તાર તરીકે છે. અમીરગઢ જિલ્લાની જમીન પણ જોઈએ તે પ્રકારની કોઈ ખાસ સિંચાઈ સુવિધાઓ ધરાવતી નથી. સિંચાઈના પાણીની અછત અને મેદાની પ્રદેશની અછત ધરાવતા બનાસકાંઠા જિલ્લાના આદિવાસી તાલુકો ઓછા પાણીએ અને ડુંગર, જંગલ જેવા પ્રદેશમાં શક્ય બને તે પ્રકાર કૃષિ પરિવર્તન અને તે પ્રકારના પશુપાલન પરિવર્તનો દ્વારા આદિવાસી વિસ્તારમાં આ ક્ષેત્રે રોજગારી સર્જન દ્વારા આવક વધારો મેળવી શકાય. આ પ્રકારના આદિવાસી તાલુકો અને અનુકૂળ એવા પરિવર્તનો ખૂબજ મર્યાદિત પ્રમાણમાં છે. આધુનિક ટેકનોલોજી જેવી કે ટપક

સિંચાય અને આધુનિક સંવર્ધિત અવલાદ ના પશુઓ આ પ્રદેશમાં સામાજિક સાંસ્કૃતિક અને ભૌગોલિક પ્રતિકૂળતાઓ તથા શિક્ષણના નીચા પ્રચાર-પ્રસાર ને કારણે ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં સફળતા પામે તેવી શક્યતા છે. વળી ભૂતકાળના અનુભવો પણ આ સંદર્ભના રહ્યા છે. જિલ્લામાં કૃષિ અને પશુપાલન ક્ષેત્રે વિકાસ ના વિકલ્પો અત્યંત મર્યાદિત છે તેવા સંજોગોમાં ઉદ્યોગ અને તેવા ક્ષેત્રે વિકલ્પોની શોધ કરવી એક માત્ર વિકલ્પ છે. ઉદ્યોગ ક્ષેત્ર અહીં અન્ય અનુકૂળતાઓ ના અભાવે આકર્ષી શકાય તેવી શક્યતા ઘણી ઓછી છે. પ્રદેશમાં કુદરતી સૌંદર્ય ભરપૂર છે. આદિવાસી તાલુકાઓ આ કુદરતી સૌંદર્ય ના ખોળે અપર વિકાસ શક્યતાઓ ધરાવે છે. પ્રદેશમાં આદિવાસી પર્યટન, પર્યાવરણ પર્યટન, એડવેન્ચર સ્પોર્ટ્સ વગેરે જેવી પર્યટન પ્રવૃત્તિઓનો વિકાસ બહુ મોટી શક્યતા ધરાવે છે. જો આ પ્રકારના પર્યટન પ્રવૃત્તિઓનો વિકાસ કરવામાં આવે તો અંતરિયાળ પ્રદેશમાં આદિવાસીઓ દ્વારા આ પ્રવૃત્તિમાં પોતાની સેવાઓ વેચાણ કરીને રોજગારીના અનેક વૈકલ્પિક રસ્તાઓ વિકસાવવામાં આવી શકે છે. પોતાની ક્ષમતા અને અનુકૂળતા અનુસાર આદિવાસીઓ દ્વારા વિકસાવવામાં આવેલા આ પ્રકાર ના સ્વરોજગારીના રસ્તાઓ સ્થાનિક આદિવાસીઓની ટકાવ અને ઉત્પાદકરોજગારી આપવામાં ચોક્કસપણે સફળ થશે તેવી અપેક્ષા રાખી શકાય.

## Challenges in Literacy and Education
## શિક્ષણ અને તાલીમ: આદિવાસી સમુદાયના પરિપ્રેક્ષમાં:

જિલ્લાના આદિવાસી તાલુકાઓમાં આજે પણ તુલનાત્મક રીતે શિક્ષણ અને તાલીમ બીજા જોવા મળે છે. સર્વ શિક્ષા અભિયાન દ્વારા અંતરિયાળ પ્રદેશોમાં ઠીક પ્રમાણ સફળતા પ્રાપ્ત થયેલી છે પરંતુ પ્રાથમિક શિક્ષણનો પ્રાપ્ત થયેલા સફળતા હજુ પણ અપૂરતી છે. આદિવાસી છોકરીઓ માં શિક્ષણ પ્રત્યેની ધગસ ખૂબ જ આવકાર્ય છે. પ્રાથમિક શિક્ષણ દ્વારા પ્રદેશના બાળકોમાં માનસિક શારીરિક ક્ષમતાઓનો વિકાસ કરી, ઉચ્ચ શિક્ષણ અને વિવિધ પ્રકારની ઉત્પાદક તાલીમ પ્રવૃત્તિઓ ને કૃષણ આપવામાં આવે તો પ્રદેશમાં આદિવાસીઓને વિકાસ ઉન્મુખ કરી શકાય. પ્રદેશમાં આદિવાસી સમુદાયના શિક્ષણ વિકાસને લઇને ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. આ જ પ્રમાણે આદિવાસીઓની તાલીમ અને કુશળતાઓ માટે પણ અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રકારની વ્યવસ્થાઓ થકી ભૂતકાળમાં ઘણા આદિવાસી પરિવાર આર્થિક વિકાસમાં હરણફાળ ભરી ગયા છે અને વર્તમાનમાં ઘણા આદિવાસી પરિવારો વિકાસના રસ્તે પોતાના અલાયદા વિકલ્પો વિકસાવી રહ્યા છે. આદિવાસી વિકાસ માટેના આ પ્રકારના નોખા કાર્યક્રમ તેમની ક્ષમતા વર્ધન માટે ખૂબ જ ઉપયોગી નીવડે છે. આ પ્રકારના નોખા કાર્યક્રમની ઘણી મર્યાદાઓ પણ સામે આવી છે. આ કાર્યક્રમોની મર્યાદાઓને દૂર કરીને તેમને પ્રવર્તમાન કદ કરતા મોટા કદમાં દાખલ કરવામાં આવે તો આ પ્રકારના ક્ષમતાવર્ધન કાર્યક્રમો થકી પ્રદેશના આદિવાસી યુવાઓમાં ઉત્પાદકતા વધારો હાંસલ કરી શકાય તેમ છે. પ્રદેશના માનવ શ્રમની ઉત્પાદકતા વધે અને તેમને યોગ્ય વળતર પ્રાપ્ત થાય તો અવશ્ય પણે તેમની આવક અને જીવન ધોરણમાં સુધારો હાંસલ કરી શકાય.

શિક્ષણ ક્ષેત્રે ડ્રોપ આઉટ આદિવાસી વિસ્તારોમાં ઘણો ઊંચો છે આ અંગે યોગ્ય પગલાં ભરી, યોગ્ય પ્રોત્સાહનો ઉભા કરી આદિવાસી શિક્ષણમાં સુધારાને અવકાશ છે. નિવાસી શાળાઓ આદિવાસી શિક્ષણ નું હાર્દ છે. યોગ્ય ગુણવત્તાસભર સુવિધાઓ ધરાવતી નિવાસી શાળાઓ આદિવાસી શિક્ષણમાં સુધારો લાવી શકે. એકલવ્ય નિવાસી શાળાનું મોડેલ ઠીક પ્રમાણમાં આદિવાસી વિસ્તારોમાં સ્વીકાર્ય બન્યો છે પરંતુ આ નિવાસી શાળાઓની પણ ઘણી મર્યાદાઓ સામે આવે છે. યોગ્ય કેળવાયેલો અને કાયમી નોકરી સ્વરૂપનો શિક્ષક અને અન્ય સ્ટાફ નો અભાવ એકલવ્ય નિવાસી શાળાઓની મોટી મર્યાદા છે. જો આ મર્યાદાને સુધારવામાં આવે તો આ મોડેલ થકી બનાસકાંઠા જિલ્લાના દાતા અને અમીરગઢ જેવા આદિવાસી તાલુકાઓમાં સાર્વત્રિક શિક્ષણના મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલને પણ હાંસલ કરી શકાય.

## Problems in Health, Nutrition and Sanitation
## આદિવાસી વિકાસના આધાર સ્તંભ સ્વાસ્થ્ય સમસ્યાઓ અને સ્વચ્છતા:

આદિવાસી વિસ્તારોમાં સ્વાસ્થ્ય સમસ્યાઓ ખૂબ બહોળા પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે. પોષણક્ષમ આહાર નો અભાવ બાળપણથી જ કુપોષણમાં પરિણામે છે. કુપોષિત માતા આવનારી પેઢીને પણ પોષણ આપવામાં નિષ્ફળ જાય છે. કુપોષણથી પ્રભાવિત થયેલ બાળક શિક્ષણમાં પણ તેની ક્ષમતા અનુસાર દેખાવ કરી શકતું નથી. માનસિક રીતે નબળાઈ ધરાવતું બાળક ભવિષ્યમાં યુવાન અવસ્થામાં પણ પોતાની ક્ષમતાની કેળવણી કરવામાં નિષ્ફળતા અનુભવે છે. વૈશ્વિક રીતે સ્વાસ્થ્ય અને આર્થિક વિકાસના આ પાયાના સંબંધ સ્વીકૃતિ મળેલ છે. જો કોઈ સમુદાય નો વિકાસ કરવો હોય તો તેની માનસિક શારીરિક ક્ષમતાને કેળવવી પડે. આદિવાસીઓના આર્થિક વિકાસના પાયામાં રહેલા તેમના સ્વાસ્થ્ય ના વિકાસ માટે સરકારે ઘણા પ્રયત્નો હાથ ધર્યા છે. સરકારી પ્રયત્નો ના કારણે આજે પ્રદેશમાં કુપોષણ સામે મોરચો મંડાયો છે. બાળકોમાં કુપોષણ નું પ્રમાણ ઘટયું છે, જોકે હજુ આદિવાસી તાલુકાઓના બાળકોમાં તુલનાત્મક રીતે ઊંચા પ્રમાણ કુપોષણ પ્રવર્તમાન છે. સ્પષ્ટ છે કે જો પ્રદેશના આદિવાસી સમુદાય નો વિકાસ કરવો હશે તો બાળકોના કુપોષણ ના પ્રશ્નને અગ્રતાક્રમ આપીને તેની સામે હજુ પણ વધારે પરિણામ લક્ષી પગલા લેવા જ પડશે.

**આદિવાસી વિસ્તારોમાં સ્વાસ્થ્યની પાયાની સમસ્યાઓ નો અભાવ/અછત :**

આદિવાસી વિસ્તારોમાં સ્વાસ્થ્યની પાયાની સમસ્યાઓ નો અભાવ/અછત કોઈ નવી બાબત નથી. અહીં ખૂબ લાંબા સમયથી આરોગ્ય સેવાઓની નીચે માંગના પરિણામ નીચો પુરવઠો રહ્યો છે. આદિવાસી સમાજ પરંપરાગત રીતે પેઢી દર પેઢી સ્વાસ્થ્ય અંગે પોતાની અલાયદા વ્યવસ્થામાં વિશ્વાસ ધરાવતો જોવા મળે છે. આ વ્યવસ્થાઓમાં ઘણું બધું વૈજ્ઞાનિક રીતે સ્વીકૃત પણ છે, વૈજ્ઞાનિક રીતે જે જ્ઞાન સ્વીકૃતિ મેળવેલ છે તેને અચૂક પણે પ્રોત્સાહિત કરવું જોઈએ પરંતુ, સ્વાસ્થ્ય દરકાર અને ઉપચાર માટેની આદિવાસી પરંપરાઓમાં ઘણું બધું વૈજ્ઞાનિક અને અંધશ્રદ્ધાથી ભરેલું તત્વ પણ સામેલ છે. આ પ્રકારના અવૈજ્ઞાનિક/

અંધશ્રદ્ધાઓ ધરાવતા તત્વને આદિવાસી સ્વાસ્થ્ય દરકાર અને ઉપચાર વ્યવસ્થા માંથી બાકાત કરવું જોઈએ. અનુભવે સમજાયું છે કે મૂળ પ્રવાહના એલોપથી તબીબી જ્ઞાન દ્વારા સ્વાસ્થ્યમાં તુલનાત્મક રીતે ઝડપી અને નિશ્ચિંત સુધારો મેળવી શકાય છે. આદિવાસી સમુદાયમાં પરિણામલક્ષી સ્વાસ્થ્ય સુધારો હાંસલ કરવા મુખ્ય સાધન તરીકે એલોપથી તબીબી જ્ઞાન વિસ્તારવું પડશે. પ્રદેશમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુદાયિક આરોગ્ય કેન્દ્ર હોસ્પિટલો બને તેટલા નજીકના અંતરે મળી રહે તે પ્રકારનું સ્વાસ્થ્ય ઇન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવું અનિવાર્ય છે. આ સ્વાસ્થ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં યોગ્ય કેળવાયેલો માનવશ્રમ યોગ્ય માત્રામાં નિયુક્તિ પામે, જરૂરી તમામ સાધન- સવલત ઉપલબ્ધ થાય અને દવાઓનો પુરવઠો નિશ્ચિંત પ્રાપ્ય થાય તે આદિવાસી સમુદાયના સ્વાસ્થ્ય સુધારણાની પ્રાથમિક શરત છે. આ દિશામાં વર્તમાન સમયમાં ઘણા જ પરિણામ લક્ષી પગલા લેવાયા છે. પરંતુ હજુ પણ આ દિશામાં કરવાનું બાકી રહે છે.

### 3.22 **ઉપસંહાર** :

પ્રસ્તુત પ્રકરણમાં બનાસકાંઠા જીલ્લાના વિવધ આર્થીક પ્રશ્નોની ચર્ચાઓ વિગતવાર કરી ત્યાર બાદ આ આદિવાસી પ્રદેશોના આર્થિક ઉત્થાન માટે જે મુખ્ય સૂચનો તારવવામાં આવેલા છે તે મુખ્યત્વે આદિવાસી પ્રદેશોની વ્યક્તિગત મુલાકાત અને સમુહ ચર્ચા દ્વારા નિસ્પંદ થયેલા છે. વિવિધ પ્રદેશોની વિવિધ ભૂગોળ અને તેના વૈવિધ્યસભર ભૌગોલિક સંજોગોને ધ્યાનમાં લેતા વિવિધ પ્રકારની સંભાવનાઓ ઉદભવે છે.

# પ્રકરણ-4

# એક્શન પ્રોગ્રામ



| ક્રમ | વિષય | પાનાં નંબર |
|---|---|---|
| 4.1 | પ્રસ્તાવના | 65 |
| 4.2 | આજીવિકા/ રોજગારી વિકાસ | 65 |
| 4.3 | તાલુકામાં શિક્ષણ ક્ષેત્રે કાર્યરત યોજનાઓ અને કાર્યક્રમ | 69 |
| 4.4 | બનાસકાંઠા જીલ્લામાં સ્વાસ્થ્ય ને લગતી મુખ્ય યોજનાઓ/ કાર્યક્રમ અને આદિવાસી વિકાસ | 73 |
| 4.5 | સ્વેચ્છિક અથવા બિન સરકારી પગલાઓ | 76 |
| 4.6 | ગરીબ બેરોજગાર વ્યક્તિઓ માટેની રોજગારલક્ષી યોજના/ કાર્યક્રમ અને આદિવાસી વિકાસ: | 76 |
| 4.7 | વનબંધુ પ્રગતિ (PRAGATEE) યોજના | 80 |
| 4.8 | ઉપસંહાર | 83 |

# પ્રકરણ-4

# એક્શન પ્રોગ્રામ

**૪.૧ પ્રસ્તાવના:**

પ્રકરણ બે માં આપણે જોઈ ગયા હતા કે, આદિવાસી વિકાસ તે એક બહુઆયામી પ્રક્રિયા છે. કોઈ એક બિંદુએથી આદિવાસીના હાર્દિક વિકાસને જોઈ શકાશે નહીં જો આદિવાસીના આર્થિક વિકાસને જોવો હોય તો તેને સમગ્ર તહ જોવો પડશે. આમ કહી શકાય કે જો આદિવાસીના આર્થિક વિકાસને આપણે કાર્યવિધ કરવો હશે તો આપણી કાર્ય યોજના પણ બહુ આઈમી રહેશે. અહીં પ્રકરણ ચારમાં આપણે જોઇશું કે બનાસકાંઠા જિલ્લાના આદિવાસીઓ માટેની આર્થિક વિકાસ યોજના શું હોઈ શકે? ,આર્થિક વિકાસ બાબતમાં આપણે એટલા તો સ્પષ્ટ છીએ કે, આર્થિક વિકાસ માટે આજેવિકાના વિવિધ વિકલ્પો અને આ વિકલ્પો થકી આદિવાસીઓમાં આર્થિક સક્ષમતા તાનું સર્જન થાય. આર્થિક ઉપાર્જન માટે બનાસકાંઠા જિલ્લામાં પ્રાપ્ત ભૌગોલિક એટલે કે કુદરતી અનુકૂળતાઓને ધ્યાનમાં રાખીને કયા કયા આર્થિક વિકલ્પો નું સર્જન કરી શકાય તે બાબતની ચણાવટ ત્યાંના સ્થાનિક સમુદાયોની સાથે કરવામાં આવેલી સમુહ ચર્ચાને આધારે અહીં આ પ્રકરણમાં નોંધેલી છે અહીં આ પ્રકરણમાં મુખ્યત્વે એક્શન પ્લાન્ટ શિક્ષક હેઠળ ભલામણો કરેલી છે. જોકે અહીં આપે એ પણ કહેવું જોઈએ કે પ્રકરણ ૩ માં પણ જ્યાં જ્યાં અવકાશ સર્જાયો છે ત્યાં ત્યાં વિવિધ યોજનાઓમાં આદિવાસી સમુદાયના આર્થિક વિકાસ માટે શું કરી શકાય તે અંગેની ચર્ચાઓ કરવામાં આવેલી છે.

**૪.૨ આજીવિકા/ રોજગારી વિકાસ:**

આર્થિક વિકાસ તેના મૂર્તિ જો સમજવામાં આવે તો આજીવિકાઓમાં ઉત્પાદકતા વધારી કુટુંબોની આઠમામાં વૃદ્ધિ કરવી તે પ્રક્રિયા છે. આ સંદર્ભમાં આર્થિક વિકાસને જોવામાં આવે તો આદિવાસીઓના આજીવિકાના વિકલ્પોનો વિકાસ કરવો તેમના પ્રાપ્ય વિકલ્પોની ઉત્પાદકતા વધારી આદિવાસી કુટુંબોની આવક વધારી તેમની આર્થિકતામાં વધારો કરવો તેટલે આદિવાસી આર્થિક વિકાસ જેને નીચે મુજબ વિસ્તૃત થી છણાવટ કરી શકાય

**કૃષિ રૂપાંતરણ અને કૃષિ વિકાસ:**

જિલ્લા ની ભૂગોળને અનુરૂપ નવીનતમ કૃષિ પાકો:

બાગાયતી પાકોની ખેતી: દાડમ, પપૈયા જામફળ જેવા બિનપરંપરાગત બાગાયતી પાકો દ્વારા પ્રદેશમાં અન્ય ક્ષેત્રોમાં( તાલુકામાં) કૃષિક્ષેત્રે સફળતાપૂર્વક આવક પૂર્તિ કરી શકાય છે. આદિવાસી પ્રદેશોમાં પણ આજ મોડેલ આધારિત બિન પરંપરાગત બાગાયતી પાકો ની ખેતી દ્વારા હજુ ક્ષમતા અનુસાર કોઈ ખાસ પરિણામ મેળવી શકાયું નથી. પ્રદેશમાં આ પ્રકારના કૃષિ રૂપાંતરણ દ્વારા મોટા પ્રમાણમાં આવક વધારવા ની ખુબજ શક્યતા રહેલી છે. યોગ્ય આધુનિક કૃષિજ્ઞાન આદિવાસી ખેડૂતો સુધી પહોંચાડવામાં આવે, યોગ્ય કૃષિની નિક્ષેપ ખરીદવા માટે સબસીડી અને બેંગ્લોર ની વ્યવસ્થા કરવામાં આવે, સિંચાઈ ની યોગ્ય સુવિધાઓ પૂરી પાડવામાં આવે તો પ્રદેશના આદિવાસીઓનો કૃષિ ઉત્પાદકતા વધારવા હાંસલ કરી તેમની આવકનું સ્તર વધારી શકાય છે. તેની આવક વધતા આર્થિક સધરતા અને આર્થિક વિકાસ હાંસલ કરી શકાય તેવી પૂર્ણ શક્યતા રહેલી છે. કૃષિના આ રૂપાંતરણ પ્રક્રિયામાં દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી અને પ્રદેશના એટલે કે આસપાસના જિલ્લાઓના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ખૂબ જ નિર્ણાયક સાબિત થાય તેવી અપેક્ષા યોગ્ય છે.

કમલમ ફળની આધુનિક ખેતી: બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી કમળ ફળ કૃષિક્ષેત્રે નવો પાક બનીને ઉભર્યું છે. પ્રદેશની ભૂગોળને અનુરૂપ આ પાક બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને આર્થિક વળતર અપાવવામાં સફળ રહ્યું છે. આ પાક મુખ્યત્વે જિલ્લાના મેદાની પ્રદેશમાં સફળ રહ્યું છે. આ પ્રદેશમાં આદિવાસી વસ્તી ખૂબ જ ઓછા પ્રમાણમાં છે. આદિવાસી વસ્તી મુખ્યત્વે બનાસકાંઠા જિલ્લામાં ડુંગરાળ અને જંગલ પ્રદેશમાં વસવાટ કરે છે. જિલ્લાની ખેતીને આર્થિક લાભ આપનાર કમલમ ફળ આદિવાસીઓને કોઈ ખાસ આર્થિક લાભ આપી શક્યું નથી. કમલમ ફળની સફળ ખેતી દ્વારા એટલો બોધપાઠ લઈ શકાય કે બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા ની ભૂગોળ ને અનુરૂપ અને જેને બજાર સ્વીકારે તેઓ પાક જો આદિવાસી પ્રદેશમાં પણ શોધી કાઢવામાં આવે તો જિલ્લાના આદિવાસી કુટુંબોને નિશ્ચિત પણે લાભ અપાવી શકાય. દાડમ ની ખેતી બનાસકાંઠા જિલ્લામાં આદિવાસી પ્રદેશને પણ અનુકૂળ આવે તેવી ખેતી છે તેના વિકાસમાં સરકારી યોગદાન લઈને પ્રદેશના આદિવાસીઓનો આર્થિક વિકાસ નવા માર્ગે વેગવંતુ બની શકે તેવી પૂર્ણ શક્યતાઓ રહેલી છે.. પ્રસ્તુત અહેવાલમાં આગવ નોધેલ છે તે મુજબ પ્રવર્તમાન સરકારી યોજનાઓમાં આદિવાસી વિકાસ માટે નીચે મુજબ પરીવર્તનને અવકાશ રહેલ છે.

માનવ વિકાસ અને માનવીય ઉત્પાદકતા વર્ધન કાર્યક્રમ:

કૃષિ અને પશુપાલન સંબંધિત કાર્યક્રમો અને નીતિ તથા તેમાં આદિવાસી આર્થિક વિકાસ ની સંભાવના:

| નીતિ/ કાર્યક્રમ | નીતિ/ કાર્યક્રમની ટૂંકમાં સંબંધિત માહિતી |
|---|---|
| National Agriculture Insurance Scheme<br>રાષ્ટ્રીય કૃષિ (પાક) વીમા યોજના | જાહેર કરવામાં આવેલ પાક ઉત્પાદનને કુદરતી આપત્તિ રોગચાળો કે અન્ય પાક નિષ્ફળતાના સંજોગોમાં વિમાન નુ રક્ષણ કવચ પુરુ પાડવામાં આવે છે. આદિવાસીઓની આર્થિક સક્ષમતા અન્ય સમૂહ કરતા નીચી જણાય છે જેથી તેમને ઉપરોક્ત વીમાકવચ માં હજુ પણ |

| | |
|---|---|
| | સવિશેષ રક્ષણ મળે તે ઇચ્છનીય છે. |
| ખેડૂત અકસ્માત વીમો | અકસ્માતના સંજોગોમાં મૃત્યુ કે શારીરિક અક્ષમતા આવે તો વારસદારોને નાણાકીય સહાય પુરી પાડવામાં આવે છે. ઉપરોક્ત કિસ્સામાં પણ કહી શકાય કે ગરીબી જ્યાં વધુ કેન્દ્રીકૃત થઈ છે તેવા આદિવાસી સમુદાયમાં આ પ્રકારની પારિવારિક રક્ષણાત્મક કવચ ની તુલનાત્મક રીતે વધુ જરૂરિયાત છે. |
| ટેકાના ભાવે કૃષિ ઉત્પાદનો ખરીદવા માટેની યોજના | આ યોજના અંતર્ગત ન્યૂનતમ ટેકાનો ભાવ જાહેર કરીને કૃષિ પાકોને પ્રોત્સાહિત કરવાની નીતિ છે જેમાં કપાસ અને પસંદગીના કઠોળ પાક માટે વધારાનું પ્રોત્સાહન પણ આપવામાં આવે છે. |
| ખેડૂત તાલીમ કેન્દ્ર નો પ્રોગ્રામ | કૃષિ સાથે સંકળાયેલા સર્વને જ્ઞાન તાલીમ અને સેવા મળી રહે જેના થકી કૃષિ અને સલગ્ન પ્રવૃત્તિઓમાં ઉત્પાદકતા વધે અને આવક વધે તે માટેની આ યોજના છે. આદિવાસી સમાજને તુલનાત્મક રીતે કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માં આધુનિકતા નો અનુભવ ઓછો છે, જો આદિવાસી સમાજને આ પ્રકારના આયોજન 26 અગ્રતા મળે આ સંદર્ભમાં વધુ સારા પરિણામો ને અવકાશ રહેલો છે. |
| જમીન અને પાણી પરીક્ષણ માટે ની પ્રયોગશાળા | તમામ ખેડુતોને જમીનની ગુણવત્તા અંગેની માહિતી મફત મળી રહે તે માટે આ યોજના છે. આ યોજના અંતર્ગત જમીન અને રાસાયણિક ખાતર ભવિષ્યમાં કેવી રીતે ઉપયોગમાં લેવા તે અંગે ના આયોજનની માહિતી પણ પુરી પાડવામાં આવી છે. આ યોજના સર્વે ખેડૂતો માટે મફત યોજના છે પરંતુ આ યોજના વધુમાં વધુ આદિવાસી ખેડૂતોમાં પ્રચાર પ્રસાર થાય અને લોકપ્રિય બને જેથી કરીને આદિવાસી ખેતી ની ગુણવત્તા સવિશેષ બને તે માટેના પ્રયત્નો ને અવકાશ છે. |
| એ.જી.આર-3 આદિવાસી એરિયા માટેનો, આદિવાસી સબ-પ્લાન અંતર્ગત કૃષિને પ્રોત્સાહન કરવા માટેનો કાર્યક્રમ | કૃષિ પાકોમાં ઉત્પાદન અને આવક વધારવા માટે આદિવાસી ખેડૂતોને મદદ પૂરી પાડવી. આ કાર્યક્રમ અંતર્ગત સુધારેલ બિયારણ, રાસાયણિક ખાતર, જૈવિક ખાતર, સેન્દ્રીય ખાતર, પાક બચાવવા માટેના સાધનો, બળદ ગાડા વગેરે પૂરા પાડવામાં આવે છે. આજ યોજના અંતર્ગત કુવા બનાવવા, ડીઝલ પંપ, ઇલેક્ટ્રિક મોટર નો પંપ સેટ અને પાઇપલાઇન માટે સબસીડી પૂરી પાડવામાં આવે છે. જી એસ આઇ ડી એસ, ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ કરાયેલ બનાસકાંઠા જિલ્લા માનવ વિકાસ અહેવાલ માં નોંધવામાં આવ્યું છે કે એ.જી.આર-3 અને એ.જી.આર-2 યોજનાઓમાં હજુ વધારે જાગૃતિ અને પ્રયત્નો દ્વારા જિલ્લાની આદિવાસી ખેતીને પ્રોત્સાહિત કરવાની ક્ષમતા છે. |

*Source: Compiled from database of Directorate of Agriculture, Gujarat (2011)*

Other schemes and programs for agriculture sector are: Rastriya Krushi Vikash Yojna(RKVY), National Food Security Mission (NFSM), AGR-5 (Technology Mission on Cotton), AGR- 6 (Technology Mission on Oilseeds, Pulses & Maize), AGR-9(Work Plan – Macro Management), AGR-17(National Project on Organic Farming), AGR-18(AGRISNET), Kisan Credit Card, etc.

પશુપાલન ક્ષેત્ર સાથે સંકળાયેલ લોકો માટેની યોજનાઓ અને કાર્યક્રમો.

| Schemes / Programs | Brief Details of Schemes / Programs |
|---|---|
| પશુ વિકાસ માટે પ્રોત્સાહનનો કાર્યક્રમ | દેશી ગાયો/ ભેંસો અને શંકર ગાયો/ ભેંસો ની જાત ને સંવર્ધિત કરવા અને જાળવી રાખવા માટે જુદી જુદી સુવિધાઓ પૂરી પાડવી. આ યોજના અંતર્ગત ઉચ્ચ ઓ લા દ ના નળ જાનવર ને ઉછેરીને વિવિધ સંસ્થાઓને નજીવા દરે પુરા પાડવા. |
| સંકલ્પ પાત્ર યોજના | ગ્રામીણ પ્રદેશોમાં વિવિધ પશુ મેળા દ્વારા પશુ તબીબ જરૂરિયાત ને લગતી વિવિધ સુવિધાઓ પૂરી પાડવી. આ યોજના અંતર્ગત પશુઓના વૈજ્ઞાનિક સાર સંભાળ અંગેની માહિતી પશુપાલકોને પૂરી પાડવામાં આવે છે. |
| રાષ્ટ્રીય સાંઠ ઉછેર કાર્યક્રમ | આદિવાસી વિસ્તારમાં પરંપરાગત પશુપાલન પ્રવૃત્તિ મોટા પ્રમાણમાં અમલમાં હોય. આધુનિક પશુપાલન પ્રવૃત્તિ દ્વારા તેમાં ઉત્પાદકતા ને વધારવાનું ખૂબ બહોળા પ્રમાણમાં અવકાશ રહેલો છે. વૈજ્ઞાનિક અભિગમ દ્વારા પશુપાલન પ્રવૃત્તિ આદિવાસીઓની આજીવિકામાં આમૂલ પરિવર્તન લાવી શકે તેમ છે. |
| વ્યાજ અનુદાન યોજના | ગીર અથવા કાંકરેજ ગાય કે મહેસાણા સુરતી અને જાફરાબાદી ભેંસો ના વાડા ઉભા કરવા માટે જો લોન લેવામાં આવી હોય તો ૧૨ ટકા સુધીના વ્યાજદરને 0 કરે એટલું દાન ૧ થી ૪ દૂધાળા ઢોર માટે તે જ પ્રમાણે પાંચ થી ૪ દૂધાળા ઢોર માટે 12% સુધીના વ્યાજ દર વાળી લોન વ્યાજની 75% રકમ કનુ દાન પેટે આપવામાં આવે છે. આદિવાસી તાલુકામાં જ્યાં પશુપાલકો પહેલાથી જ એવામાં સપડાયેલા હોય તેવા કિસ્સાઓમાં આ પ્રકારની વ્યાજ અનુદાન માટેની યોજના આદિવાસીઓને પશુપાલન પ્રવૃત્તિ તરફ દોરી જાય છે. વ્યાજ રકમ માટેનું અનુદાન તેમના અન્ય દેવાની પણ પુન:ચુકવણી કરવામાં મદદરૂપ બની શકે છે. |
| પશુધન અને ઘાસ-ચારા વિકાસ કાર્યક્રમ | ઘાસચારાની ફાળવણી, ઘાસચારા બિયારણ ઉછેર માટેની સબસીડી યોજના વિવિધ સામાજિક સમૂહ માટે તથા આદિવાસી બી.પી.એલ કુટુંબ માટે. પશુપાલન પ્રવૃત્તિના આધુનિકરણ માટે ઓલાદ સુધારણા કાર્યક્રમ જેટલું અગત્યનો છે એટલો જ અગત્યનો કાર્યક્રમ સુધારેલી ઓલાદો ને અનુકૂળ |

| | |
|---|---|
| | એવા ઘાસચારા અને દાળ પૂરા પાડવાનો કાર્યક્રમ જરૂરી છે. આદિવાસી વિસ્તારોમાં વૈજ્ઞાનિક પશુપાલન પ્રકૃતિ વિકાસ પામે અને આ પ્રવૃત્તિ બધું ઉત્પાદક સાબિત થાય તે માટે આ પ્રકારના કાર્યક્રમો અત્યંત અનિવાર્ય છે. આવા કાર્યક્રમ થકી વૈજ્ઞાનિક પદ્ધતિસરનું પશુપાલન ગરીબ અને અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં પણ શક્ય બને તેવી શક્યતાઓ બનાસકાંઠા જિલ્લામાં વિપુલ પ્રમાણમાં રહેલી છે. |
| સબસીડી માટે ની યોજનાઓ | આદિવાસી પશુપાલકોને આ યોજના અંતર્ગત ઘાસચારો કાપવા માટે ચક્રીય સંચો, મરઘા બતકા ઉછેર કેન્દ્ર, સસલા ઉછેર કેન્દ્ર વગેરે માટે નાણાકીય સહાય પૂરો પાડવામાં આવે છે. આ પ્રકારની સહાય દ્વારા આદિવાસીઓમાં રોજગારીના વૈકલ્પિક સ્રોત નિર્માણ થઈ શકે તેમ છે. |

Source: Compiled from database of Directorate of Animal Husbandry, Gujarat (2011)

આ ઉપરાંત માં જિલ્લામાં પશુપાલન ક્ષેત્ર માટે અન્ય ઘણી યોજનાઓ કાર્યાન્વિત છે જેમકે: પશુધન સ્વાસ્થ્ય યોજના, પશુ મરકી ના નિર્મૂલન માટે ના કાર્યક્રમ, ડેરી વિકાસ કાર્યક્રમ, ઘેટા બકરા વિકાસ કાર્યક્રમ, ઘનિષ્ઠ ડેરી વિકાસ કાર્યક્રમ(IDDP), ગુણવત્તાયુક્ત અને શુદ્ધ દૂધ ઉત્પાદન માટે પાયાની સુવિધાઓ મજબૂત કરવાનો પ્રોગ્રામ, સહકારી ડેરી/ મરઘા બતકા ને લગતી સહાય યોજના, પ્રાણીઓના રોગોને રોકવા માટેનો કાર્યક્રમ, પશુઓને જે પ્રજાપતિ નિર્મૂલન ભય ધરાવે છે તેવી પ્રજાતિને સંરક્ષણ માટે નો કાર્યક્રમ, જે અંતર્ગત ડુક્કર, સસલા વગેરે જેવા પ્રાણીઓ માટે ના પ્રોગ્રામ હાથ ધરવામાં આવે છે. આદિવાસી વિસ્તારોમાં આ પ્રકારના બિન પરંપરાગત એટલે કે રાજ્ય કે પ્રદેશના અન્ય ક્ષેત્રોમાં તુલનાત્મક રીતે વધુ પ્રચલિત ન હોય તેવા પ્રાણીઓ ઉછેર માટેની અલાયદી યોજના દ્વારા પ્રદેશનો આર્થિક કાયાકલ્પ શક્યતાઓથી ભરેલ છે.

## ૪.3 આદિવાસી તાલુકામાં શિક્ષણ ક્ષેત્રે કાર્યરત યોજનાઓ અને કાર્યક્રમ

આદિવાસી તાલુકામાં શિક્ષણ ક્ષેત્રે કાર્યરત યોજનાઓ અને કાર્યક્રમ નીચે મુજબ ચર્ચા કરેલ છે. અહીં ઉલ્લેખનીય છે કે આદિવાસી તાલુકાઓમાં તેમની સ્થાનિક વૈવિધ્યસભર જરૂરિયાતો અને પસંદગી અનુરૂપ યોજના અને કાર્યક્રમ હશે તો તેના પરિણામો વધુ ફળદાયી હોવા અંગે ધારણા બાંધી શકાય.

**Schemes and Programs for Education**

| યોજના અને પ્રોગ્રામ | યોજના અને કાર્યક્રમની ટુંકી વિગત/ માહિતી |
|---|---|
| સર્વ-શિક્ષા અભિયાન | જે સ્થળ ઉપર શાળા નથી ત્યાં શાળા નિર્માણ કરવું, જ્યાં શાળા છે પરંતુ સુવિધાઓ અપૂરતી છે રસ્તો શાળાની માળખાગત સુવિધાઓ વિકાસ કરવો, કમ્પ્યુટર શિક્ષણ દ્વારા આવનારી પેઢીમાં ડિજિટલ જ્ઞાન ની ઉણપ ન રહે તેવા પ્રયત્નો કરવા. દિવ્યાંગ અને છોકરીઓના શિક્ષણ ઉપર |

| | |
|---|---|
| | વધારે ધ્યાન આપવામા આવશે. |
| પ્રાથમિક સ્તરે છોકરીઓના શિક્ષણ માટે રાષ્ટ્રીય કાર્યક્રમ (NPEGEL) | ધોરણ એક થી ૮ માટે છેવાડાના અને વંચિત કુટુંબ ની છોકરીઓ ના શિક્ષણ માટે નો આ રાષ્ટ્રીય કાર્યક્રમ છે. ગ્રામીણ પ્રદેશના નિરક્ષર કુટુંબની છોકરીઓ માટે શિક્ષણ મેળવવાનો આ એક અવસર છે. જ્યાં સ્ત્રી સાક્ષરતા રાષ્ટ્રીય સરેરાશ કરતા નીચી છે અને જ્ઞાતિગત ભેદ રાષ્ટ્રીય સ્તર કરતાં વધુ છે તેવા પ્રદેશમાં આ કાર્યક્રમ અમલમાં છે. આદિવાસી તાલુકાઓમાં સ્ત્રી સાક્ષરતા રાષ્ટ્રીય સ્તર કરતાં મોટાભાગે ઓછી હોય આ કાર્યક્રમ અહીં છોકરીઓના પ્રાથમિક શિક્ષણમાં ઈચ્છનીય પરિણામ હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે. અહીં એ ઉલ્લેખનીય છે કે આદિવાસી તાલુકાઓમાં જાતિ કદ ખૂબ ઓછા પ્રમાણમાં હોવા સંભવ છે કારણકે સ્ત્રીઓ સમાજમાં અને પ્રદેશમાં ઠીક ઠીક પ્રમાણમાં નિર્ણય પ્રક્રિયામાં અને ઉત્પાદક શ્રમ સાથે જોડાયેલી નોંધાયેલ છે. |
| વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના | છોકરીઓમાં શાળા નોંધણી પ્રમાણ વધે અને તેનું શિક્ષણ ઓછામાં ઓછું સાત ધોરણ સુધી ચાલુ રહે તે માટે પ્રોત્સાહનની આ યોજના છે. આ યોજના અંતર્ગત જે ગામમાં સ્ત્રી સાક્ષરતા 35% કરતા ઓછી હોય તે આ યોજનાનો લાભ લઇ શકે છે. આ યોજના અંતર્ગત શહેરી બી.પી.એલ( ગરીબ) કુટુંબની છોકરીઓ પણ આજના અંતર્ગત લાભ મેળવવા પાત્ર છે. આદિવાસી સમાજની વસ્તી જે ગામમાં વસે છે અથવા જો આદિવાસી કુટુંબ વર્ષના અમુક સમય પૂરતા શહેરમાં સ્થળાંતર કરતા હોય જ્યાં તેઓ કુટુંબનો બીપીએલ દરજ્જો દર્શાવીને પણ આજના નો લાભ મેળવી શકે છે. આ અંતર્ગત શાળાએ નથી થતી છોકરીને રૂપિયા 1000 મોડ આપવામાં આવે છે કે સાતમા ધોરણ પાસ કર્યા પછી વ્યાજ સહિત મળવાપાત્ર હોય છે. |
| કન્યા કેળવણી નિધિ | મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ અંતર્ગત પરિવાર ઉપર છોકરીઓના શિક્ષણનું મહત્વ ઘટાડવાનો મુખ્ય લક્ષણ છે. આ યોજના અંતર્ગત મુખ્યમંત્રી ને મળતી ભેટ-સોગાદો ને વેચીને ભંડોળ એકત્રિત કરવામાં આવે છે. અંતરિયાળ પ્રદેશની આદિવાસી બાળાઓને શિક્ષણના ખર્ચ માટે જે કોઈપણ નિધિમાંથી સહાય મળે તે આવકાર્ય છે. |

| | |
|---|---|
| વિદ્યાદીપ યોજના | શાળાએ જતા જો કોઈ બાળકનું કમનસીબે મૃત્યુ થાય છો તેવા કિસ્સામાં તેમનાં વાલીવારસોને રૂપિયા 25000 વળતર પેટે ચુકવવા માટે ની યોજના છે. વીમા સ્વરૂપની આ યોજનાનું પ્રીમિયમ રાજ્ય સરકાર ભોગવે છે. |
| કન્યા બાળ શિક્ષણ કાર્યક્રમ | સમગ્ર ગુજરાત રાજ્યમાં કુલ ૧૮ હજાર ગામો માં કન્યા બાળ પ્રોગ્રામ અમલમાં છે. ખાસ કરીને એવા ગામમાં જ્યાં સાક્ષરતા દર ૨૦ ટકા કરતાં નીચું છે. આ જ પ્રમાણે શહેરોમાં અને હાર્દિક શહેરી વિસ્તારોમાં આ સંદર્ભમાં સમૂહ ઓળખી કાઢીને તેમાં છોકરીઓના શિક્ષણ માટેનો આ કાર્યક્રમ છે. આ કાર્યક્રમ અંતર્ગત વધુ ને વધુ આદિવાસી ગામ પસંદ થાય અને વધુ ને વધુ આદિવાસીઓ આ કાર્યક્રમ થકી લાભાન્વિત થાય તે પ્રકારના પગલા આવકાર્ય છે. |
| પ્રાથમિક શાળા એ કોમ્પ્યુટર તાલીમનો કાર્યક્રમ | પ્રાથમિક શાળાએ જતાં બાળકો માં કોમ્પ્યુટર શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે સરકારી શાળાઓમાં પ્રાથમિક કક્ષાથી જ કોમ્પ્યુટર તાલીમ આપવા માટેનો આ ઉપક્રમ છે. આ અંતર્ગત અંતરિયાળ ગામોમાં બ્રોડબેન્ડ સુવિધાઓ અને નિરંતર વીજળીનું પૂરવઠો જળવાઈ રહે તે માટેના આયોજન કરવામાં આવે છે. આદિવાસી વિસ્તારો મુખ્યત્વે અંતરિયાળ અને રાજ્યની સરહદ ના પ્રદેશ છે. હા પ્રદેશો મૌલિક રીતે ડુંગરાળ અને વન્ય વિસ્તારમાં આવેલા છે. આવા પ્રદેશમાં ટેકનોલોજીનો શિક્ષણ આપતી આ પ્રકારની નીતિ અત્યંત અનિવાર્ય છે. વધુ ને વધુ અંતરિયાળ પ્રદેશના આદિવાસી બાળકો આ યોજનાથી ટેકનોલોજીનું જ્ઞાન મેળવે તો આવનારી પેઢી ટેકનોલોજી ના જ્ઞાન સાથે સક્ષમ હશે છે આર્થિક વિકાસનો અનિવાર્ય પાસું છે.. |
| વિદ્યાર્થીઓ માટે ટેલીકોન્ફરન્સ | BISAG સાથેના સહકારથી ધોરણ-10 અને 12ના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન આપતો આ સંવાદ વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર માર્ગદર્શન પૂરું પાડે છે આ ઉપક્રમ જે વાક્ય ભાર વિનાનું ભણતર છે. આ જ પ્રમાણે મિત્રોના સહયોગથી ધોરણ 8 ના વિદ્યાર્થી માટે ગણિત વિજ્ઞાન અને અંગ્રેજી વિષયનું શિક્ષણ દુરદર્શન એક અને દુરદર્શન ૧૧ પૂરું પાડવામાં આવે છે. અંતરિયાળ આદિવાસી ગામના છોકરાઓ નગર અને શહેરથી દૂર વસવાટ કરતા હોય આ પ્રકારના પ્રોગ્રામ તેમના શિક્ષણ પ્રયત્ને અનિવાર્ય રીતે પ્રભાવિત કરશે તેવી અપેક્ષા રાખી શકાય. પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપતા આ પ્રકારના કાર્યક્રમો અંતરિયાળ પ્રદેશના આદિવાસી છોકરાઓ માટે વિશેષ ફાયદાકારક સાબિત થઈ શકે. આ પ્રકારના વધુ ને વધુ પ્રયત્નો આદિવાસી વિકાસ માટે ભવિષ્યમાં પણ અનિવાર્ય રહેશે. |

| | |
|---|---|
| મધ્યાહ્ન ભોજન યોજના | શારીરિક-માનસિક વિકાસ પામતા બાળકોમાં કુપોષણની શક્યતાઓ ઓછી કરવા અને તેમના સ્વાસ્થ્ય સ્તર સુધારવા શાળાએ જતા બાળકો માટેનો આ કાર્યક્રમ ઘણો જ આવકાર પામ્યો છે. આ કાર્યક્રમ થકી શાળા છોડવાનો દર નીચો ગયો છે, જ્યારે બીજી બાજુ ક્લાસમાં વિદ્યાર્થીઓની હાજરી પણ વધી છે. ગરીબ કુપોષિત આદિવાસી બાળકો માટે વરદાન સમાન આ યોજના વધુ ને વધુ વિકાસ પામે અને ભોજનની ગુણવત્તા વધુ ને વધુ સુધરે તે અત્યંત આવશ્યક છે. આદિવાસી બાળકોમાં કુપોષણનું પ્રમાણ સવિશેષ હોય તેની અસર નીચા શિક્ષણ સિદ્ધિ સાથે સંકળાયેલી છે. આદિવાસી બાળકોમાં કુપોષણ ઘટે, તેમની શિક્ષણ સિદ્ધિ વધે તેવા બેવડા ધ્યેય સાથેની આ યોજના તેની મર્યાદાઓ માંથી બહાર આવી ગુણવત્તાસભર રીતે કાર્યાન્વિત થાય તો તેના સુવર્ણ પરિણામ હાસલ કરી શકવાની ક્ષમતા ધરાવે છે. |
| શાળા સ્વાસ્થ્ય ચકાસણી/ તપાસ કાર્યક્રમ | શાળાએ જતા બાળકોને સ્વાસ્થ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત જો કોઈ બાળક સ્વાસ્થ્ય સંબંધિત કામી ધરાવતું જણાય તો તે બાળકને વિનામૂલ્યે તબીબી સારવાર આપવામાં આવે છે. આવા બાળકોને જો કોઈ અલાયદી સ્વાસ્થ્ય ટ્રીટમેન્ટ અનિવાર્ય હોય તો રાજ્યની વિવિધ સિવિલ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવે છે. અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં ત્યાં સ્વાસ્થ્ય સભાનતા નીચા સ્તરની હોય છે તેવા કુટુંબના બાળકો માટે આવા શાળા સ્તરના સ્વાસ્થ્ય કાર્યક્રમ ખુબજ પરિણામ આપવાની ક્ષમતા ધરાવે છે. આવા કાર્યક્રમ અંતર્ગત વધુ ને વધુ અંતરિયાળ પ્રદેશના આદિવાસીઓ લાભાંવિત થાય તે આદિવાસી વિકાસની જરૂરિયાત છે. |

*Source: Compiled from database of Directorate of Primary Education, Gujarat (2011)*

કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય યોજના:

કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય યોજના તે પ્રાથમિક સ્કૂલ માટે છોકરીઓના સદંતર મફત નિવાસી શિક્ષણ આપવાની યોજના છે. આ યોજનામાં મુખ્યત્વે SC,ST,OBC અને લઘુમતી સમુદાય ની તથા આર્થિક-સામાજિક પછાત સમુદાય ની બાલિકાઓ માટે ની યોજના છે. જે તાલુકાઓ ગ્રામીણ અંતરિયાળ પ્રદેશમાં છે જ્યાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઊંચું છે એટલે કે રાષ્ટ્રીય સરેરાશ કરતાં પણ જ્યાં શિક્ષણ ઓછું છે તેવા તાલુકાઓમાં આ યોજના કાર્યરત છે. બનાસકાંઠા જિલ્લામાં 10 આ પ્રકારની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય આવેલી છે જે પૈકીની એક એક વિદ્યાલય અમીરગઢ અને દાંતા તાલુકામાં આવેલી છે. આ પ્રકારની નિવાસી શાળાઓ આદિવાસી છોકરીઓમાં શિક્ષણનું પ્રમાણ વધારવા માટે અત્યંત આવશ્યક છે. જો જરૂરિયાત ઊભી થાય તો માત્ર આદિવાસી છોકરીઓ માટેની અન્ય આ પ્રકારની શાળાઓ દ્વારા આદિવાસી

અંતરિયાળ પ્રદેશમાં આદિવાસી છોકરીઓ માં શિક્ષણનું પ્રમાણ વિસ્તારી શકાય. છોકરીઓનું શિક્ષણ તે આર્થિક વિકાસની એક પાયાની બાબત છે. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય આ ક્ષેત્રમાં આદિવાસી છોકરીઓના શિક્ષણ પ્રસારમાં અત્યંત અગત્યનું કાર્ય બનાસકાંઠા જિલ્લામાં વહન કરી રહી છે.

૪.૪ બનાસકાંઠા જીલ્લામાં સ્વાસ્થ્ય ને લગતી મુખ્ય યોજનાઓ/ કાર્યક્રમ અને આદિવાસી વિકાસ:

**સ્વાસ્થ્યને લગતી મુખ્ય યોજનાઓ/ કાર્યક્રમની ટૂંકમાં માહિતી અને તેમાં આદિવાસી વિકાસ માટેના સૂચનો**

| યોજના/ કાર્યક્રમ | યોજના/ કાર્યક્રમની ટૂંકમાં માહિતી |
|---|---|
| ચિરંજીવી યોજના | આ યોજના અંતર્ગત બીપીએલ કુટુંબની માતાઓને સગર્ભાવસ્થા દરમિયાન નર્સિંગ હોમ કે હોસ્પિટલ માટે સહાય પુરી પાડવામાં આવે છે. ઉપરોક્ત યોજના કેશલેસ સ્વરૂપની છે. આ યોજના થકી અંતરિયાળ ગામડાઓમાં વસેલા આદિવાસી કુટુંબની મહિલાઓને ખૂબ જ મોટા પ્રમાણમાં સગર્ભાવસ્થા દરમિયાન મદદ મળતી જોવા મળી છે. આવી યોજનાઓ થકી અંતરિયાળ ગામમાં વસેલા આદિવાસી કુટુંબમાં પ્રજનન સંબંધિત સ્ત્રીઓના પ્રશ્નો ઘણી મોટી સંખ્યામાં નિવારી શકાયા છે. |
| જનની સુરક્ષા યોજના | આ યોજના અંતર્ગત બીપીએલ કુટુંબની સગર્ભા માતાઓ બે જીવંત બાળ જન્મ માટે હકદાર બને છે જે અંતર્ગત તેમને સરકારી કે ખાનગી હોસ્પિટલમાં પ્રસુતિ માટે માત્ર 500 રૂપિયા ચૂકવવાના રહે છે. બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ ગ્રામિણ પ્રદેશોના આદિવાસીઓ જેઓ બીપીએલ યાદીમાં સમાવિષ્ટ છે તેઓ બાળક જન્મ સમયે ઉપરોક્ત યોજનાનો લાભ લઇ ગરીબીને કારણે બાળક અને માતાના જીવન સામે જોખમ ઊભા થતા હતા તેને નિવારી શકવામાં સફળતા હાસલ કરતા જોવા મળે છે. |
| બાલ સખા યોજના | આ યોજના થકી બીપીએલ કુટુંબની માતાઓને તેમના નવજાત બાળકને તમામ પ્રકારની તબીબી સહાય પૂરી પાડવામાં આવે છે જેમાં બાળકોને થતા વાત છે પ્રશ્નો થી લઈને નવજાતના માટેનું ઈન્સેન્ટિવ કેર યુનિટ માટે પણ સહાય પુરી પાડવામાં આવે છે. આ પ્રકારની યોજના થકી આદિવાસી વિસ્તારના નવજાત બાળકોને નવજીવન પ્રાપ્ત થતું જોવા મળે છે. આ પ્રકારની યોજનાઓ થકી અંતરિયાળ ગ્રામીણ પ્રદેશના આદિવાસીઓમાં જન્મ દર નિયંત્રણ કરવામાં પણ ભવિષ્યમાં સહાય મળશે તેવી અપેક્ષા રાખી શકાય. |
| મમતા તરુણી અભિયાન | આ યોજના થકી કિશોરીઓને પ્રાથમિક સ્વાસ્થ્ય સંભાળ અંગેનું જ્ઞાન પૂરું |

| | |
|---|---|
| | પાડવામાં આવે છે. જ્યાં સાક્ષરતા અને તરુણોમાં શિક્ષણ પ્રમાણ ઓછું છે, વળી જ્યાં સ્વાસ્થ્ય ની પાયાની સુવિધાઓ પણ અત્યંત મર્યાદિત છે તેવા અંતરિયાળ પ્રદેશના આદિવાસી કુટુંબોમાં આ પ્રકારની 'મમતા તરુણી અભિયાન' જેવી યોજનાઓ અત્યંત મહત્વની સાબિત થાય છે. |
| કિશોરી સખી યોજના | આ યોજના અંતર્ગત કિશોરીઓને પોષણ જાગૃતિ, વ્યક્તિગત સ્વચ્છતા, પોતાના સ્વાસ્થ્યની જાળવણી, સ્વરોજગાર પૂરક આહાર અને પોષણ જેવા વિષયોમાં તાલીમ અને માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે. આ પ્રકારની યોજનાઓ થકી આદિવાસી કિશોરીઓ પણ પોતાના જીવન સંબંધિત અને પોતાના ભવિષ્ય સંબંધિત મૂંઝવણોનો ઉકેલ મેળવી શકે છે. તે તેમને પોતાના વ્યક્તિગત વિકાસમાં અને ભવિષ્યમાં પોતાના કૌટુંબીક વિકાસમાં સહાયક થાય છે. |
| મમતા અભિયાન | માતા અને બાળકના સ્વાસ્થ્ય સંબંધિત સેવાઓને વધુ મજબૂતાઈથી સંગઠિત રીતે પૂરી પાડવા માટે આ અભિયાન પ્રારંભ કરાયો છે જેમાં મમતા દિવસ ની ઉજવણી એટલે કે માતા અને બાળકનાસ્વાસ્થ્ય અને પોષણ સંબંધિત આ દિવસમાં મુખ્યત્વે આ સંદર્ભે ની જાગૃતિ લાગતા વળગતા વ્યક્તિઓ સુધી પહોંચાડવામાં આવે છે, આ જ પ્રમાણે મમતા મુલાકાત અંતર્ગત બાળ જન્મ પછી માતા અને બાળકના સ્વાસ્થ્યની રૂબરૂ તપાસ કરવામાં આવે છે. આ યોજનામાં મમતા નોંધ દ્વારા સગર્ભાવસ્થાથી લઈને બાળ જન્મ પછીની તમામ માહિતી ની નોંધ રાખવામાં આવે છે. આ યોજનામા જો કોઈ માતા કે બાળકને જરૂર જણાય તો તેમને જે.જે.હોસ્પિટલ મા ભલામણ કરી આપવામાં આવે છે તેને મમતા ધર્મ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારની યોજનાઓ થકી જ્યાં પ્રજનન સંબંધિત જાગૃતિ ઓછી છે એવા આદિવાસી સમાજમાં ઘણો જ લાભ મેળવી શકાય છે. આવી યોજનાઓ થકી આદિવાસી સગર્ભા બહેનો અને નવજાત બાળકો ના સ્વાસ્થ્યમાં ઘણા હકારાત્મક પરિણામો મેળવી શકાયા છે. |
| SHAP માટે નો રસીકરણ કાર્યક્રમ | સાર્વત્રિક રસીકરણ માટેના આ કાર્યક્રમમાં એક વરસ ની ઉંમર સુધીના બાળકને 6 રસી આપી ને ટાળી શકાય છે તેવા રોગો તેવા કે ડીપ્થેરિયા, ટીબી, ડાયરિયા, ઓરી અછબડા વગેરે સામે રક્ષણ આપવામાં આવે છે. આ યોજના થકી શિશુ અને બાળમૃત્યુદર ઓછું કરવાના પ્રયત્નો છે. અંતરિયાળ આદિવાસી પ્રદેશોમાં આ અંગે વધુ ને વધુ જાગૃતિ આવી રહી છે. આદિવાસીઓમાં માતા અને નવજાત બાળકોમાં થતા સ્વાસ્થ્ય સંબંધિત પ્રશ્નોમાં અંધશ્રદ્ધા અત્યંત પ્રભાવ ધરાવે છે. આવી યોજનાઓ થકી આ પ્રદેશના આદિવાસીઓ અંધશ્રદ્ધામાંથી ધીરે ધીરે બહાર આવી વૈજ્ઞાનિક અભિગમ કેળવી માતા અને શિશુના સ્વાસ્થ્ય માટે વધુ વૈજ્ઞાનિક પ્રયુક્તિઓ અપનાવતા થયેલા જોવા મળ્યા છે. અંધશ્રદ્ધા શિકાર તુલનાત્મક રીતે વધારે થયેલા આદિવાસી સમાજને રસીકરણ માટે સમજાવો આજે પણ પડકારજનક છે. આવી યોજનાઓ ગરીબ આદિવાસી કુટુંબોને |

| | |
|---|---|
| | જો કોઈ હાર્દિક પ્રમોશન આપવામાં આવે તો તેમને આવા સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમમાં વધુ સરળતાથી સમાવિષ્ટ કરી શકાય. |
| રોગી કલ્યાણ સમિતિ | રોગી કલ્યાણ સમિતિ અંતર્ગત બીપીએલ કુટુંબના રોગીને ગંભીર જણાતા સ્વાસ્થ્ય સમસ્યાઓ જેવા કે હૃદય સંબંધિત બીમારી, કિડની સંબંધિત બીમારી, આંખ અને મગજ સંબંધી બીમારી અને અન્ય બીમારી કે જેના ઉપચાર માટે ઘણા જ મોટા પ્રમાણમાં ખર્ચ કરવો પડે તેવી બીમારીઓ માટે આ યોજના લાભ મળવાપાત્ર છે. ઉપર દર્શાવેલ આ પ્રકારની ગંભીર બિમારીઓમાં આદિવાસી સમાજ મુખ્યત્વે અંધશ્રદ્ધા માં પરોવાઈ જાય છે. જેનું એક કારણ એ છે કે આ પ્રકારની બિમારીઓમાં વૈજ્ઞાનિક સારવારનો ખર્ચ તેમની પહોંચ બહાર હોય છે. જો આવી યોજના થકી તેમને કેશલેસ/ મફત વૈજ્ઞાનિક સારવાર ઉપલબ્ધ થાય તો તેઓ અંધ શ્રદ્ધાના વિકલ્પે વૈજ્ઞાનિક અભિગમ તરફ અગ્રેસર થઈ શકે. આ પ્રકારની યોજનાઓ સમગ્ર સમાજના અભિગમને અંધશ્રદ્ધાથી બદલીને વૈજ્ઞાનિક અભિગમ તરફ બદલવામાં કારગત સાબિત થઈ શકે તેથી આવી યોજનાઓ નું બજેટ વધારી તેમાં આદિવાસી સમાજને ખાસ કિસ્સામાં અગ્રતાક્રમ આપી અમલમાં મૂકવી જોઈએ |
| 108EMRC સેવાઓ. | 108EMRC સેવાઓ અંતર્ગત ઈમરજન્સી સ્વાસ્થ્ય સમસ્યાઓમાં અને પ્રસુતિ સંજોગોમાં તાત્કાલિક હોસ્પિટલ સુધી પહોંચાડવા અને જે તે સ્થળ ઉપર સ્વાસ્થ્ય સંબંધિત ઉપચાર કરવા માટે આ પ્રકારની સેવાઓ અત્યંત ફળદાયી સાબિત થઇ રહી છે. બનાસકાંઠા જિલ્લાના આદિવાસી પ્રદેશોમાં આ યોજના ઘણા સારા પરિણામો નિપજાવી રહી છે તેમ છતાં આદિવાસી પ્રદેશોમાં થોડા ઘણા પ્રમાણમાં આ સમસ્યાને અંતર્ગત ક્યારેક પ્રશ્નો ઊભા થયેલા પણ જોવા મળે છે. આ પ્રશ્નોમાં મુખ્યત્વે એમ્બ્યુલન્સ સમયસર પહોંચતી ન હોવાની સમસ્યા મુખ્ય છે. દુર અંતરના આદિવાસી પ્રદેશોમાં વધુ પ્રમાણમાં એમ્બ્યુલન્સ ફાળવણી થાય તો આ પ્રકારના પ્રશ્નોમાં રાહત મળવાની સંભાવના છે. |

*Source: Compiled from database of Commissionerate of Health, Medical Services, Medical Education and Research Gujarat (2011)*

આ સિવાય અન્ય સ્વાસ્થ્ય સંબંધી સેવાઓ જેવીકે રાષ્ટ્રીય ટીબી નિયંત્રણ કાર્યક્રમ, રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ, રાષ્ટ્રીય AIDS નિયંત્રણ કાર્યક્રમ, અંધત્વ સંબંધિત રાષ્ટ્રીય કાર્યક્રમ, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના, કિશોરાવસ્થામાં એનિમિયા સંબંધિત કાર્યક્રમ તથા બાલિકા સમૃદ્ધિ યોજના વગેરે જેવા કાર્યક્રમો જિલ્લામાં રાષ્ટ્રીય કે રાજ્ય કક્ષાએ સંચાલિત થઈ રહ્યા છે. આ પૈકીના અંતરિયાળ આદિવાસી ગામમાં જુદા જુદા સ્વાસ્થ્ય સંબંધિત કાર્યક્રમ માટે જુદી જુદી જાગૃતિ નું સ્થળ જોવા મળે છે. આ પ્રદેશોમાં આદિવાસીઓમાં જો આ યોજનાઓ થકી

લક્ષ્યાંકિત લાભ આપી શકાય તો આ યોજનાઓ થકી આદિવાસીઓના જાહેર સ્વાસ્થ્ય માં સુધારો હાંસલ કરી શકાય. આ યોજનાઓની અંતરિયાળ પ્રદેશોમાં વધુમાં વધુ જાગૃતિ બને તે માટેના પ્રચાર-પ્રસાર વધારવા અનિવાર્ય છે.

જનની સુરક્ષા યોજના/ ચિરંજીવી યોજના આવી યોજનાઓ સગર્ભા સ્ત્રીઓ થી લઈ નવજાત બાળકો અને બાળઉછેરમાં ખૂબ જ સહાયક થાય છે. આવી યોજના થકી અંતરિયાળ આદિવાસી પરિવારોને સગર્ભાવસ્થા અને પ્રસૂતિ દરમિયાન ઉઠાવવા પડતા આર્થિક બોજ ઘણે અંશે નાબૂદ થાય છે. આવી યોજના થકી ગરીબ આદિવાસી કુટુંબમાં ઠીક પ્રમાણમાં જન્મ દર ઘટાડાનું લક્ષ્ય હાસલ કરી શકાય કેમ છે, તેથી આવી યોજનાને આ પ્રદેશ અને આવા આદિવાસી સમૂહમાં નિશ્ચિત લક્ષ્ય સાથે કાર્યાન્વિત કરવી જોઈએ. આ પ્રકારના નિશ્ચિત લક્ષ્યાંક સાથેના યોજનાના અમલ દ્વારા નિર્ધારિત સમયમાં નિર્ધારિત લક્ષ હાસલ કરી શકાય કેમ છે.

## ૪.૫ સ્વેચ્છિક અથવા બિન સરકારી પગલાઓ:

બનાસકાંઠા જિલ્લામાં બાળકોના પોષણ ના પ્રશ્નો દૂર કરવા માટે સ્વૈચ્છિક ધોરણે સહકારી ડેરી દ્વારા લોક અપીલ કરીને યોજના કાર્યાન્વિત કરવામાં આવી. આ યોજનાનું નામ" ભગવાનનો ભાગ" રાખવામાં આવ્યો. આ યોજના બનાસ ડેરી અને રાજ્ય સરકાર દ્વારા એક પરિપત્ર બહાર પાડી દરેક દૂધ ઉત્પાદક મંડળીને ગ્રામસ્તરે દૂધ એકત્રીકરણ વળતી વખતે એક દૂધ એકત્રીકરણ માટે અલગથી પાત્ર ગોઠવી લોકોને આ પાત્રમાં કુપોષિત બાળકો માટે વિનામૂલ્યે પોતાનું એકત્ર કરેલું દૂધ દાન કરવા માટે અપીલ કરવામાં આવી. એકત્રિત થયેલા દૂધ ભગવાનનો ભાગ તરીકે ઓળખાય પ્રાથમિક શાળામાં બાળકો વચ્ચે વેચવામાં આવ્યો આ પ્રકારની સ્વેચ્છિક અથવા બિનસરકારી પ્રવૃત્તિ દ્વારા પણ પ્રાથમિક સ્કૂલમાં જતા બાળકો માં જોવા મળતા કુપોષણના પ્રશ્ન સામે ઠીક ઠીક પ્રમાણમાં પરિણામ હાંસલ કરે છે. જોકે આદિવાસી અંતરિયાળ પ્રદેશમાં જ્યાં ગરીબી સાર્વત્રિક છે એવા પ્રદેશોમાં ગામનું સ્થાનિક દૂધ બાળકો ના ભાગ તરીકે સ્વૈચ્છિક ધોરણે મેળવવો મુશ્કેલ છે તેવા પ્રદેશોમાં. આસપાસના આ સમૃદ્ધ પ્રદેશ માંથી આ પ્રકારનો સ્વૈચ્છિક પ્રયત્ન થાય અને લોક અપીલ દ્વારા જો કુપોષણ સામે લોકો પોતાનું યોગદાન આપવા તૈયાર થાય તો પ્રદેશના બાળકોમાં જોવા મળતા કુપોષણ સામે ઠીક પ્રમાણમાં પરિણામ હાંસલ કરી શકાય. આ અંગે કોઈ સ્પષ્ટ સૂચન કરવું અશક્ય છે. ભારત જેવા દેશમાં કયા સ્વૈચ્છિક પ્રયત્નોને કેવો પ્રતિસાદ મળે તે કેવું કે તેની ધારણા કરવી લગભગ અશક્ય છે.

## આદિવાસી પ્રદેશમાં દૂધ સંજીવની યોજના:

આ પ્રકારની બાળ કુપોષણ સામે લડત આપતી યોજનાઓ ઘણા સારા પરિણામો મેળવી રહેલ છે. અન્ય વૈકલ્પિક આહરો જો આ યોજનાની સાથે સાંકડી લેવામાં આવેતો દૂધના વિકલ્પમાં

બાળકો અન્ય પોષણ ક્ષમ આહાર દ્વારા પણ પોષણ મેળવતા થઈ શકે. આદિવાસી બાળકોના એક મોટા સમૂહમાં દૂધ પ્રત્યેની એક પ્રકારની અરુચિ જોવા મળેલ છે. જે આ પ્રકારના વૈકલ્પિક આહારના સૂચન તરફ દોરી જાય છે.

## ૪.૬ ગરીબ બેરોજગાર વ્યક્તિઓ માટેની રોજગારલક્ષી યોજના/ કાર્યક્રમ અને આદિવાસી વિકાસ:

| યોજના/ કાર્યક્રમ | Brief Details of Schemes / Programs |
|---|---|
| સુવર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના (SGSY) | સ્વસહાય જુથને કેન્દ્ર દ્વારા સ્વરોજગારી નિર્માણ અર્થે કેપેસિટી બિલ્ડીંગ પ્રોગ્રામ, સબસીડી, ઇન્ફ્રાસ્ટ્રકચર ફેસીલીટી, ઋણ, કેળવણી અને તાલીમ, વીમા મને માર્કેટિંગ વગેરે જેવા હેતુ અંતર્ગત સહાય કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત બીપીએલ અને એ.પી.એલ નું પ્રમાણ 80:20 રાખવાનું હોય છે. યોજના ગ્રેડ-II ધરાવતા કોઈપણ સ્વ સહાય જૂથ અડધી કરી શકે છે. આદિવાસી વિસ્તારોમાં સ્થાનિક રોજગારી સર્જન માટે આ પ્રકારના સ્વરોજગારી સ્વસહાય જૂથ દ્વારા સર્જન કરતા કાર્યક્રમો અત્યંત આવકારદાયક છે. |
| મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાયંધરી કાયદો/કાર્યક્રમ (MGNREGA) | આ યોજના અંતર્ગત100 દિવસની વાર્ષિક રોજગારીની ખાતરી આપવામાં આવે છે. જે ગ્રામીણ કુટુંબોના પુખ્ત સભ્યો બિન કેળવાયેલા શ્રમ કરવાની તૈયારી બતાવે છે તેમને પંચાયત દ્વારા રોજગારી પૂરી પાડવામાં આવે છે. મુખ્યત્વે પાણી સંગ્રહની વ્યવસ્થા, વૃક્ષારોપણ, સિંચાઈ, પરંપરાગત જળ સંચયનું નવીનીકરણ, પુર નિયંત્રણ વગેરે જેવા કાર્યો આ યોજના અંતર્ગત હાથ ધરાય છે. આદિવાસી વિસ્તારોમાં જ્યાં ઉપરોક્ત ગ્રામીણ ક્ષેત્રે સુવિધાઓ અપૂરતી અથવા કંગાળ અવસ્થા માં છે તેવા પ્રદેશના આ પ્રકારની યોજનાઓ જો યોગ્ય રીતે અમલમાં મૂકવામાં આવે તો બેવડી રીતે ફાયદાકારક છે. એક બાજુ તેનાથી સ્થાનિક ક્ષેત્રે રોજગારીનું નિર્માણ થશે જ્યારે બીજી બાજુ આદિવાસી વિસ્તારોમાં સામુદાયિક સંપત્તિ નિર્માણ થશે. ઉપરોક્ત બંને રીતે જોતા આ યોજના અંતરિયાળ આદિવાસી વિસ્તારો માટે અત્યંત લાભકારક સાબિત થઈ શકે છે. ઉપરોક્ત યોજના ની મર્યાદા છે કે આ યોજના અંતર્ગત ભ્રષ્ટાચાર અને ગેરરીતિના ખૂબ જ મોટા પ્રમાણમાં બનાવો બની રહ્યા છે. યોગ્ય સ્વરૂપનું નિરીક્ષણ કરી જો આ પ્રકારની ગેરરીતિ અને ભ્રષ્ટાચાર ને રોકવામાં આવે તો આ પ્રકારની યોજનાઓ આંતર્યા આદિવાસી પ્રદેશો માટે ખૂબ જ લાભકારક સાબિત થાય તેમ છે. આદિવાસી વિસ્તારોમાં આર્થિક વિકાસ માટે આ પ્રકારની યોજનાઓ ખુબજ ફળદાયી સાબિત થઈ શકે તેમ છે પરંતુ શરત માત્ર એટલી છે કે આ પ્રકારની યોજનાઓ માં ભ્રષ્ટાચાર અને ગેરરીતિ યોજનાને લાભને નાશ કરતી ન હોવી જોઈએ. |

| | |
|---|---|
| ઇન્દિરા આવાસ યોજના | BPL યાદીમાં નોંધાયેલા ગરીબ કુટુંબો માટે ની આયોજના અંતર્ગત ઘર બનાવવા માટે તેમને મેદાન પ્રદેશ માટે 45000 અને ડુંગરાળ પ્રદેશ માટે 48500 રૂપિયાની સહાય કરવામાં આવે છે. આ યોજનામાં 75:25 ના પ્રમાણ પ્રમાણે SC/ST કુટુંબમાં ઘરવિહોણા માટે સ્ત્રી ના નામ ઉપર ઘર બનાવવાની સહાય આપવામાં આવે છે. 60% કુલ ભંડોળ SC/ST માટે અનામત રાખવામાં આવે છે. આદિવાસી વિસ્તારોમાં ગરીબ આદિવાસી કુટુંબમાં જ્યાં ઘરની ખૂબ જ છે તેવા પ્રદેશોમાં આ પ્રકારની યોજના દ્વારા તેમને ઘરનું ઘર મળે તે અત્યંત આવકારદાયક છે. આ પ્રકારની યોજના થકી આદિવાસી વિસ્તારોમાં ગરીબી સામે તો રક્ષણ મળશે જ પણ પાકા મકાન બનવાથી આદિવાસીઓના આર્થિક વિકાસમાં પણ પ્રગતિ આવશે. |
| સરદાર પટેલ આવાસ યોજના (SPAY) | આ યોજના બીપીએલ યાદીમાં સમાવિષ્ટ ઘરવિહોણા ગરીબ કુટુંબને મફતમાં ઘર માટે પ્લોટ આપવામાં આવે છે અને મકાન ની કિંમત 43000 પૈકી 36000 સરકાર દ્વારા આપવામાં આવે છે 7000 જે તે લાભાર્થીએ પોતે ભોગવવાના રહે છે. બિન આદિવાસી પ્રદેશમાં રહેતા આદિવાસી કુટુંબો. અન્ય ગામમાં જઈને વસેલા આદિવાસી કુટુંબો કે જેઓ જે તે પ્રદેશમાં ઘર વિહોણા છે તેમના માટે આ યોજના થકી પોતાનું ઘર બનાવવાનું ઘણું જ સરળ થઈ પડે તેમ છે. મૂળ જગ્યાએથી વિસ્તારથી દૂર થઈને અન્ય જગ્યાએ સ્થાઈ થયેલા આદિવાસી કુટુંબોઓ માટે આ યોજના વરદાન સાબિત થઈ શકે. |
| ઈન્ટિગ્રેટેડ વોટરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ (IWMP) | આદિવાસી બહુમતીના વિસ્તારો મુખ્યત્વે જંગલ પ્રદેશ છે. આ પ્રદેશોમાં પર્યાવરણ વૈવિધ્ય અને સમૃદ્ધિ ખુબ જોવા મળે છે. વોટરશેડ યોજના આ પ્રકારના કાર્યક્રમ અંતર્ગત પર્યાવરણીય સમતુલા જાળવવા અને કુદરતી સંસાધનને અસંતુલિત થતું રોકવા માટે આ પ્રકારની યોજનાઓ અત્યંત ફાયદાકારક છે. આ યોજના થકી પ્રદેશમાં પર્યાવરણીય સમતુલા જળવાઈ રહે છે જ્યારે તેના થકી સિંચાઈ અને વોટર મેનેજમેન્ટ થવાથી ખેતીમાં સમૃદ્ધિ લાવી શકાય છે. ખેતીમાં ટેકનોલોજીકલ પરિવર્તનો અને આધુનિક ખેતી ની મદદથી ઉત્પાદકતા વધારી શકાય છે અને પાકની ગુણવત્તા સુધારીને ખેડૂત કુટુંબોની આવક વધારી શકાય છે. ઉપરોક્ત વોટરશેડ ની અસરોને ધ્યાનમાં લઈને આ પ્રકારના બહુહેતુક વોટરશેડ અસ્તિત્વમાં આવે અને તેનું યોગ્ય મેનેજમેન્ટ થાય તો નિશ્ચિંત રીતે પ્રદેશના આદિવાસી કુટુંબોને ફાયદાકારક સાબિત થાય. જિલ્લાના કુલ વોટર શેડ પૈકી/ કુલ લાભાર્થી કુટુંબો પૈકી/ વોટર શેડ યોજના ના કુલ બજેટ પૈકી અમુક નિશ્ચિત હિસ્સો આદિવાસી વિસ્તાર/ આદિવાસી કુટુંબ પૈકી જો અનામત કરી દેવામાં આવે તો વધુ સંસાધનો આદિવાસી સમાજને ફાળવી શકાય. |

| | |
|---|---|
| ગોકુલ ગ્રામ યોજના | ગ્રામજનોના સહકાર અને સહયોગ દ્વારા વિવિધ યોજનાઓ થકી ગામમાં વિકાસ કામો હાથ ધરવા માટે ની યોજના તેના સ્વરૂપને જોતા જ આદિવાસી સમાજમાં અનુકૂળ સાબિત થઇ રહી છે. આદિવાસી સમાજમાં ગ્રામીણ સ્તરે સહકારની ભાવના સવિશેષ હોય છે. ગામના સહિયારા ઉદ્દેશને સિદ્ધ કરવા ગ્રામજનો એકત્રિત થઈને સહિયારો વિકાસ સાધી શકે છે. |
| પછાત વિસ્તાર માટેની ગ્રાન્ટ ભંડોળ (BRGF) | પછાત વિસ્તાર માટેની ગ્રાન્ટ ભંડોળ હેઠળ પ્રાદેશિક ઓ સમાનતાને દૂર કરવા માટે સરકાર પ્રયત્ન કરે છે. જેમાં વિકાસ કાર્યોને પછાત તરીકે ઓળખી કાઢેલા જિલ્લાઓ માટે રાય કરવામાં આવે છે. પ્રાદેશિક સ્તરે પાયાની સુવિધાઓમાં જ્યાં અછત રહે છે તેવા પ્રદેશો માટે આ પ્રકારની યોજનાઓ ખુટતુ ભંડોળ પુરૂ પાડવામાં આવે છે. આદિવાસી સમાજ પ્રાદેશિક રીતે પણ પછાત એવા ડુંગરાળ અને જંગલ પ્રદેશમાં નિવાસ કરતો હોય. ઐતિહાસિક રીતે આ પ્રદેશોનું પાયાનું માળખું ઘણું નબળું હોય આ પ્રકારની યોજનાઓ થકી પ્રદેશના પાયાની સુવિધાના માળખાને વિકાસ કરવાની બહુ મોટી તક રહેલી છે. |
| ટોટલ સેનિટેશન કેમ્પેઇન (TSC) | ટોટલ સેનિટેશન કેમ્પેઇન દ્વારા એપીએલ અને બીપીએલ બંને પ્રકારના કુટુંબોને આવરી લેવામાં આવે છે. આ કેમ્પેન હેઠળ બીપીએલ કુટુંબોને સબસીડી પ્રોત્સાહન મળવાપાત્ર થાય છે. આ યોજના હેઠળ શાળાઓ અને આંગણવાડીમા પણ સંડાશ ની સુવિધાઓ વિકસાવી શકાય છે. આદિવાસી વિસ્તારોમાં જ્યાં હજુ ટોટલ સેનિટેશન વિકાસ પામ્યું નથી. સેનિટેશનની અછતના કારણે તેમના સ્વાસ્થ્ય પ્રશ્ન પણ વિકટ છે તેવા પ્રદેશોમાં આ પ્રકારના કેમ્પેન હેઠળ તેમને વધુ ને વધુ હેતુલક્ષી સહાય મળે અને સેનીટેશન સુવિધા ઘરે-ઘરે અને શાળા/ આંગણવાડીમાં વિકાસ પામે તો તેમના સ્વાસ્થ્ય ધોરણમાં સુધારો કરીને માનવ વિકાસ સ્તર સુધારી શકાય. આ પ્રકારના પ્રયત્નો દ્વારા પરોક્ષ રીતે આદિવાસી વિકાસ ને વેગવંતુ બનાવી શકાય. |
| સખીમંડળ યોજના (SMY) | મહિલાઓ ગરીબીના કારણે ગ્રામીણ પ્રદેશોમાં જ્યાં તકોનો અભાવ છે તેવા પ્રદેશો માટે/ તેવી મહિલાઓ માટે સશક્તિકરણ માટેની આ યોજના છે. જેના થકી મહિલાઓ તેમનું જીવન સુધારી શકે છે. મહિલાઓ દ્વારા સ્વસહાય જૂથ નું નિર્માણ કરવામાં આવે અને આ સહાય જૂથ ને ધિરાણ આપવામાં આવે તે પ્રકારની આ યોજનાઓ મહિલાના જૂથને ધિરાણ આપી ને સ્વરોજગારી માટે પ્રોત્સાહિત કરે છે. આદિવાસી વિસ્તારોમાં જ્યાં તુલનાત્મક રીતે મહિલાઓ માટે સામાજિક અંકુશો/ નિયંત્રણો ઓછા છે એવા પ્રદેશોમાં આ પ્રકારના સખી મંડળો દ્વારા મહિલાઓને સશક્ત કરી કુટુંબની આવક વધારવામાં ખૂબ જ સહાય મળી શકે તેમ છે. |

| | |
|---|---|
| અંત્યોદય અન્ન યોજના | કેન્દ્ર સરકાર દ્વારા ગરીબ પૈકીના અતિ ગરીબ કુટુંબની અને જરૂરિયાત પૂરી કરવા માટેની યોજના છે જે અંતર્ગત તેમને ૨૫ થી ૩૫ કિલો અનાજ પ્રત્યેક મહિને અત્યંત નીચા દરે પુરૂ પાડવામાં આવે છે. અહેવાલમાં અગાઉ દર્શાવ્યું છે તે મુજબ અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં ખાદ્ય સુરક્ષા ના પ્રશ્નો આજે પણ ગંભીર પ્રકારના છે. આ પ્રકારની યોજના થકી આદિવાસી કુટુંબમાં ખાદ્ય સુરક્ષાની ખાતરી કરવામાં આવે તો તેના થકી આદિવાસી વિસ્તારોમાં પ્રવર્તમાન અને અસલામતીની સમસ્યાને નિવારી શકાય તેમ છે. આ પ્રકારની યોજના બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ પ્રદેશોમાં જ્યાં આજે પણ ખાદ્ય સલામતી જોવા મળે છે તે માટે આવકારી શકાય. તેનું સ્વરૂપ જોતાં સૌના માટે ની આયોજના આપોઆપ ગરીબમાં ગરીબ એવા અતિ ગરીબ આદિવાસી કુટુંબોને લાભ અપાવી જશે. |

### ૪.૭ વનબંધુ પ્રગતિ (PRAGATEE) યોજના:

અહેવાલ ના અંતિમ તબક્કામાં અહી આદિવાસી/વનબંધુ કલ્યાણ યોજનાના વિકલ્પમાં આદિવાસી/વનબંધુ પ્રગતિ સ્વરૂપની યોજનાનુ સૂચન કરવામાં આવેલ છે જેના મૂળભૂત લક્ષણો અથવા તેની વિગતે ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે

વનબંધુ કલ્યાણ અને વનબંધુ પ્રગતિ યોજના : વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત થતાં કર્યો માં આદિવાસી વિકાસ પ્રકિયામાં આદિવાસી સમાજની લોકભાગીદારી વિકાસ પામે

| **વનબંધુ પ્રગતિ (PRAGATEE) યોજના** : Participatory Result Oriented and Accumulative Green Afford for Tribal Empowerment and Enhancement | |
|---|---|
| P | Participatory |
| R | Result Oriented |
| A | Accumulative |
| G | Green |
| A | Afford |
| T | Tribal |
| E | Empowerment |
| E | Enhancement |
| **વનબંધુ પ્રગતિ યોજના:** આદિવાસી સશક્તીકરણ અને વિકાસ માટેના સહભાગી, પરિણામલક્ષી, સંચિત | |

અને પર્યાવરણ મિત્ર પ્રયાસો

**વનબંધુ પ્રગતિ યોજના:**

આ યોજના હેઠળ આદિવાસી સશક્તીકરણ અને વિકાસ માટેના સહભાગી, પરિણામલક્ષી, સંચિત અને પર્યાવરણ મિત્ર પ્રયાસો જે મુખ્યત્વે વન બંધુ કલ્યાણ યોજનામાં આદિવાસી સમાજની માંગ મુજબના ઇચ્છિત  પરીવર્તન કરી વિચારવામાં આવેલ છે. બીજા શબ્દોમાં કહીએતો વનબંધુ કલ્યાણ યોજના જ્યારે આદિવાસી માગ અને આદિવાસી સમાજની મરજી/ પસંદગી ને વધારે સુસંગત બને છે ત્યારે તે વનબંધુ કલ્યાણ યોજના વનબંધુ પ્રગતિ યોજનામાં પરિવર્તિત થાય છે. આ પરિવર્તનો કયા-કયા સ્વરૂપે આવે અને શા માટે વિચાર આધીન છે તેની વિગતે ચર્ચા નીચે મુજબ છે.

આદિવાસી સમાજના વિવિધ હિતધારક સમૂહોની સાથે વિવિધ ચર્ચા બેઠકો દ્વારા નિષ્કર્ષ તારવવામાં આવ્યો કે આદિવાસી સમાજ કોઈ પણ પ્રદેશ હોય અને કોઈ પણ પેટા સમૂહ હોય તેમના વિકાસ માટેની જે યોજના કે સરકારી પ્રયશો ની ખેવના કરે છે, તે પ્રયાષો નીચે મુજબ ના લક્ષણો અચૂક ધરાવતો હોવો જોઇએ. વર્તમાન આદિવાસી વિકાસ માટેની વનબંધુ યોજના આદિવાસી ખેવના પ્રમાણેના લક્ષણો નથી ધરાવતી તેમ નથી. પરંતુ આદિવાસી સમાજના પસંદગીને વધારે સારી રીતે સુસંગતિ કરવાને હજુ પણ ઘણો અવકાશ છે. આ અવકાશને લીધે વનબંધુ કલ્યાણ યોજના તેના મૂળ સ્વરૂપમાં પરીવર્તન પામી આદિવાસી સમાજની માંગ અનુસાર જો વનબંધુ પ્રગતિ યોજનામાં પરિવર્તિત થાય તો આદિવાસી વિકાસ આદિવાસી સમાજની પસંદગીને વધારે સુસંગત બને અને પરિણામે વધારે ગતીશીલ બની શકે તેવી શક્યતા છે.

**વનબંધુ પ્રગતિ (PRAGATEE) યોજના :**

Participatory Result Oriented and Accumulative Green Afford for Tribal Empowerment and Enhancement વનબંધુ પ્રગતિ યોજના: તેના નામના ગૃહિતાર્થ મુજબ તે આદિવાસી સમાજની સ્થિતિમાં પ્રગતિ સૂચક હશે. જેના મૂળભૂત લક્ષણો નીચે મુજબ છે.

**Participatory (સહભાગિતા):**

વનબંધુ કલ્યાણ યોજના તેના સ્વરૂપમાં પરિવર્તિત પામી વધારે સહભાગી અભિગમ અપનાવે તે આદિવાસી સમાજની લાગણી, માગણી અને પસંદગી છે. આદિવાસી સમાજ તેમના કલ્યાણ માટેની યોજનાઓમાં વધારે સહભાગિતા અંગેની ઈચ્છા ધરાવે છે. વિવિધ ફોકસ ગ્રૂપ ડિશકશન દરમિયાન સમાજના વિવધ સમૂહો દ્વારા એવી રજૂઆત કરવામાં આવી કે સરકાર દ્વારા જે યોજનો અમલમાં મૂકવામાં આવે છે તેના આયોજનથી માંડી તેના કાર્યાવહન સુધી ની પ્રક્રિયામાં આદિવાસી સમાજની રજૂઆતોને યોગ્ય સ્થાન મળતું નથી તેના કારણે આ પ્રકારની યોજનાઓ આદિવાસી સમાજની જરૂરિયાતોને વધારે સુસંગત બને તે માટે જે તે યોજનાના નિર્માણની પ્રારંભિક વિચારધારાથી માંડી યોજના નિર્માણ અને યોજનાના કાર્યવહન સુધીની તમામ પ્રક્રિયાઓમાં જો આદિવાસી સમાજની સહભાગિતા સુનિશ્ચિત કરવામાં આવે તો આદિવાસી

સમાજની લાગણી, માગણી અને પસંદગીને જે તે યોજનામાં વધારે સારું સ્થાન મળશે પરિણામ એ આવશે કે આ યોજનાઓ આદિવાસી પસંદગીને વધારે સુસંગત સાબિત થશે.

**Result Oriented (પરિણામલક્ષી પ્રયત્નો):**

વિવિધ ફોકસ ગ્રૂપ ડિશકશન દરમિયાન સમાજના વિવધ સમૂહો દ્વારા એવી રજૂઆત કરવામાં આવી કે સરકાર દ્વારા જે યોજનો અમલમાં મૂકવામાં આવે છે તેમાં યોજનાઓ તેના લક્ષથી દૂર ફાંટાય તો પણ તેવી યોજનાઓ સ્થાપિત હિતોને કારણે નિરંતર ચાલુ રહે છે, આવા કિસ્સામાં આદિવાસી યોજનાના નામે સમાજને માત્ર પોતાના હકના સંશાધનો ધુમાવવાનો વારો આવે છે. વિવિધ ફોકસ ગ્રૂપ ડિશકશન દરમિયાન એવું પણ જાણવા મળ્યું કે અથવા આદિવાસી સમાજના વિવધ સમૂહો દ્વારા એવી પણ રજૂઆત કરવામાં આવી કે સરકાર દ્વારા જે યોજનો અમલમાં મૂકવામાં આવે તે અમુક તબક્કા વાર અમલમાં મૂકવામાં આવે. પ્રત્યેક તબક્કા એવી રીતે કાર્યવાહન થાય કે તે જો તેના લાભાર્થી અને લાભ જે નિશ્ચિત સમયમાં મળવાનો છે તે પ્રારંભથીજ નક્કી કરે અને આ પરિણામ હાંસલ થાય તો જ, જે તે યોજના બીજા તબક્કામાં પ્રવેશે. આમ કરવાથી વર્તમાન સમયમાં ખાનગી ક્ષેત્રમાં (કોર્પોરેટ વિશ્વમાં ) અમલમાં છે તે મુજબનો પરિણામલક્ષી વ્યુહ ઘડી શકશે. પરિણામલક્ષી વ્યૂહના ઘડતર થવાથી સંશાધનો મહત્તમ પરિણામ આપવામાં સફળ થશે.

**Accumulative (સંચિત પ્રયત્નો):**

વિવિધ ફોકસ ગ્રૂપ ડિશકશન દરમિયાન સમાજના વિવધ સમૂહો દ્વારા એવી રજૂઆત કરવામાં આવી કે સરકાર દ્વારા જે યોજનાઓ નો અમલમાં મૂકવામાં આવે છે તે તૂટક-તૂટક સ્વરૂપની હોય છે. અહી એક યોજના તેના નિર્ધારિત લક્ષ સુધી પોહોંચે તેના માટે તેના પરિણામો સંચિત સ્વરૂપે અંતિમ પરિણામ નીપજવતા હોવા જોઈએ. બીજા શબ્દોમાં કહીએતો ધરોકે કોઈ એક યોજના થકી કોઈ એક આદિવસી કુટુંબ કોઈ એક સમય માટે લાભન્વિત બન્યું છે તો હવે તે શશક્ત બની અન્ય લાભો પ્રાપ્ત કરે અને વિકાસના આ નિરંતર પ્રયત્નોના અંતિમ સંચિત પરિણામ સ્વરૂપે એક આદિવસી કુટુંબ સમાજના વિકાસ સ્તર ને લગોલગ રહી દેશની વિકાસ પ્રકીયમાં સહભાગી થતું હશે આ પ્રકારના સંચિત પ્રયત્નો ના અભાવે એક આદિવાસી પરિવાર કોઈ એક યોજનામાં લાભન્વિત થયા પછી તે યોજનાની ગેરહાજરીમાં તે કુટુંબ ની સહાય અને પૂર્વવત ગરીબીની અવસ્થામાં ધકેલાઇ જાય છે. વિવિધ ફોકસ ગ્રૂપ ડિશકશન દરમિયાન આદિવાસી સમાજના વિવિધ સમૂહો દ્વારા એવી પણ રજૂઆત કરવામાં આવી કે સરકાર દ્વારા જે યોજનો અમલમાં મૂકવામાં આવે છે તે પરસ્પર પૂરક ન હોવાથી તેના આયોજનથી સમાજને એક સંચિત પરિણામ જોવા મળતું નથી. યોજનાઓની પ્રક્રિયામાં આદિવાસી સમાજની રજૂઆતોને યોગ્ય સ્થાન મળે તો સંચિત આયોજનથી આદિવાસી સમાજને વિકાસની નવી ઊંચાઈ સુધી સફળતા સુધી પોહોંચાડી શકશે.

**Green (પર્યાવરણ મિત્ર પ્રયાસો):**

આદિવાસી સમાજ કુદરતના ખોળે પાગરેલ સંસ્કૃતી ધરાવે છે. અન્ય બિન-આદિવાસી સમાજની તુલનમાં તેમણે કુદરત પ્રત્યેલો લગાવ ઘણો વધારે પ્રમાણમા જોવા મળે છે. વિવિધ ફોકસ ગ્રૂપ

ડિશકશન દરમિયાન આદિવાસી સમાજના વિવધ સમૂહો જેવાકે વિધ્યાર્થી સમૂહ, વડીલ સમૂહ, સ્થાનતર કરતાં શ્રમિકોનો સમૂહ વગેરે સમૂહો દ્વારા એવી રજૂઆત કરવામાં આવી કે સરકાર દ્વારા આદિવાસી સમાજ માટેની જે યોજનાઓ નો અમલમાં મૂકવામાં આવે તે સ્થાનિક આદિવાસી વિસ્તારના પર્યાવરણ ને હાનિકારક નીવડે તે પ્રકારનો વિકાસ આદિવાસી સમાજમાં પસંદ પામશે નહીં. આજે પણ આદિવાસી સમાજની ખેતીમાં ભલે રસાયણિક જંતુનાશકો અને ફર્ટિલાઇજારો વપરાશમાં આવતા થયા હોય, ઘર વપરાશ માટેનું જ્યારે કૃષિ ઉત્પાદન મેળવવાનું હોય ત્યારે તો આ આદિવાસી કુટુંબ હંમેશા દેશી પદ્ધત્તિ અનુસારનું પરંપરાગત અને પર્યાવરણ મિત્ર ઉત્પાદન જ કરે છે. આ સમાજ આજે પણ કુદરત આસ્થામાં દ્રઢ વિશ્વાસ ધરાવે છે. આ કારણોસર અમારા આ ક્ષેત્રોના વિવિધ અનુભવો અને વિવિધ ફોકસ ગ્રૂપ ડિશકશન દરમિયાન જણાયું કે આદિવાસી સમાજના વિવધ સમૂહો દ્વારા આજે પણ એવી જ રજૂઆત કરવામાં આવી રહી છે કે સરકાર દ્વારા જે યોજનાઓ ખાસ કરીને આદિવાસી પ્રદેશોમાં અમલમાં મૂકવામાં આવવાની છે તેનું સ્વરૂપ નિશ્ચિત સ્વરૂપે પર્યાવરણ મિત્ર હોવું અનિવારી છે. આ પ્રકારની યોજનાઓ અમલમાં મૂકવામાં આવે તેની પહેલા આ સમાજની કુદરત પ્રત્યેની આસ્થાઓનો યોગ્ય વિચાર કરી આ આસ્થાને અનુકૂળ યોજના સર્જન થાય તો તેની સફળતા ની કક્ષા સવિશેષ રહેશે.

**૪.૮ ઉપસંહાર**

બનાસકાંઠા જિલ્લો એ ગુજરાતના ઉત્તર દિશામાં આવેલો એક સરહદ જિલ્લો છે આ જિલ્લો ખડકાળ અને રેતાળ ભૌગોલિક વિશેષતા ધરાવે છે જિલ્લાના સરહદીય પ્રાંતોમાં આદિવાસી વસ્તી વર્ષોથી વસવાટ કરતી આવી છે આ વખતે અનેક રીતે વિકલ્પોના અભાવે આર્થિક ગરીબીનો સામનો કરી રહેલ જોવા મળે છે. અહીં વિકાસની પ્રક્રિયા છેલ્લા દસકાઓમાં ગતિ પકડી રહી છે તેમ છતાં જિલ્લાના આદિવાસીઓને વિકાસ પ્રક્રિયામાં પોતાનો યોગ્ય હક અપાવવામાં હજુ ઘણું કરવાનું બાકી રહે છે. બનાસકાંઠા જિલ્લો તે દૂધ ઉત્પાદન અને ડેરી પ્રવૃત્તિમાં દેશમાં અને દુનિયામાં અત્યંત અગ્રેસર રહેલ છે પરંતુ આ પ્રગતિ તે આદિવાસી સમાજને હજુ સુધી કોઈ ખાસ સ્પર્શ કરી શકી નથી. આદિવાસીઓમાં ગરીબી અને આર્થિક વિકલ્પોના અભાવે વિકાસ તેની પ્રારંભિક અવસ્થામાં જોવા મળે છે.

પ્રસ્તુત અહેવાલમાં બનાસકાંઠા જિલ્લા માટે વિવિધ યોજનાઓ અને વિવિધ પ્રદેશોમાં જે કોઈપણ આર્થિક પ્રગતિને લઈને જે કાર્ય થઈ રહ્યા છે તે તમામની અભ્યાસ પૂર્ણ વિગતો રજૂ કરવામાં આવી છે સંભવતઃ આ વિગતોમાં લગભગ તમામ વિગતો અભ્યાસ કરવામાં આવેલ છે તેમ છતાં જો કોઈ વિગત છૂટી જાય છે તો તે કાં તો પ્રમાણમાં નાની હશે અથવા તો કોઈ વિવાદ અસ્પદ વિગત હોય જેનો ઉલ્લેખ કરવામાં રહી ગયો હોય આમ કહી શકાય કે બનાસકાંઠાના આદિવાસી સમુદાયના આર્થિક વિકાસ દર્શનમાં જે કાંઈ પણ ઉલ્લેખનીય છે તે તમામ વસ્તુઓનો અહીં સમાવેશ કરવા માટેનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

જિલ્લાના આદિવાસી સમુદાયના વિકાસ માટે બનાસકાંઠા જિલ્લામાં સરકાર દ્વારા કરવામાં આવેલ પ્રયત્નો એટલે કે વિવિધ યોજનાઓમાં આદિવાસી સમુદાયની સહભાગીતા કેટલા પ્રમાણમાં છે તે જ અહીં જે તે ક્ષેત્રના ચિંતન દરમિયાન રજૂ કરવામાં આવેલ છે. શિક્ષણ ક્ષેત્ર સ્વાસ્થ્ય ક્ષેત્ર ખેતી ક્ષેત્ર સેવા ક્ષેત્ર ઉદ્યોગ ક્ષેત્ર વગેરે ક્ષેત્રોમાં જે કોઈપણ સરકાર દ્વારા કાર્યની યોજનાઓ છે તેમાં આદિવાસી સમુદાયને જો શક્ય હોય તો કોઈ વિશેષ લાભ કેવી રીતે પહોંચાડી શકાય તેની પણ અહીં ચર્ચા કરવામાં આવેલ છે. ટૂંકમાં કહી શકાય કે સરકારી યોજનાઓ અને સરકારી પ્રયત્નોમાં જ્યાં પણ ખૂટતી કડી સમાન કોઈ અવકાશ દેખાય છે તો તેની ચર્ચા અહીં આવરી લેવા માટે પ્રયત્ન કર્યો છે.

બનાસકાંઠા જિલ્લાના આદિવાસીઓના આર્થિક વિકાસ દર્શન માટે તેમના પ્રત્યેક સંપર્ક અને સમુહ ચર્ચા દ્વારા જે કાંઈ પણ થયું તે તમામ વસ્તુઓનું અહીં વર્ણન કરવામાં આવેલ છે તેમ છતાં આ અહેવાલ મા જો કોઈ બાબતને ચર્ચા કરવામાં ન આવેલ હોય તો તે બાબત અન્ય કોઈ સ્થળે સામાન્ય સૂચનના એટલે કે ગુજરાત રાજ્યના સમગ્ર આદિવાસી સમાજ માટેના સૂચન તરીકે સ્થાન પામેલ હોઈ શકે, અર્થાત તેની ચર્ચા આ અહેવાલ જેનો ભાગ છે તેવા સંયુક્ત આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલમાં થયેલ હોઈ શકે.

**સંદર્ભ:**

જીલ્લા આંકડાકીય રૂપરેખા,GOG

વિવધ વસ્તીગણત્રી અહેવાલો GOI

જીલ્લા આર્થિક સામાજિક રૂપરેખા અહેવાલો, GOG

District Human development Report, Banash kahtha District. GSIDS, Government of Gujarat

નોંધ: પ્રસ્તુત બનાસકાંઠા જિલ્લા આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલ તેના પાયામાં જિલ્લા માનવ વિકાસ અહેવાલ બનાસકાંઠા જિલ્લો કે જેGSIDS ની મદદ થકી ગુજરાત સરકાર દ્વારા નિર્મિત થયેલ છે તેની આંકડાકીય માહિતીનો સીધે સીધો ઉપયોગ કરેલો છે. અહીં દ્વિતીય સ્તરની માહિતીની છણાવટ કરવા માટે છેલ્લામાં છેલ્લી માહિતી ની જરૂરિયાત હતી તથા માહિતીનું એકત્રીકરણ અત્યંત અનિવાર્ય હતું. આ સંદર્ભમાં ઉપરોક્ત જિલ્લા માનવ વિકાસ અહેવાલ બનાસકાંઠા જિલ્લાની અમે ખૂબ જ મદદ લીધેલી છે. અમે જિલ્લા સંશોધક અને અન્ય સંશોધક ટીમ ગુજરાત સરકાર સ્થાપિત GSIDS અને માનવ વિકાસ અહેવાલ બનાસકાંઠા જિલ્લો નિર્માણ કરવામાં સક્રિય થયેલ સંપૂર્ણ સંશોધક ટીમનો અમે આભાર માનીએ છીએ